॥ શ્રીહરિઃ ॥

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની પરંપરાનુસાર

# નિત્ય ભગવદારાધના



-: પ્રસિદ્ધ કર્તા :-

શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલધામ



શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલધામ

# નિત્ય ભગવદારાધના

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની પરંપરાનુસાર

# નિત્ય ભગવદારાધના

**શ્રી લક્ષ્મીનારાયણદેવ પિઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**
**ની આજ્ઞાથી**


**: પ્રકાશક :**

શ્રી વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી
મુખ્ય કોઠારીશ્રી પ.પૂ.સ.ગુ. શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ સંસ્થાન.

**પ્રકાશક :**
મુખ્ય કોઠારીશ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ
મુ. વડતાલ, તા. નડીયાદ, જી. ખેડા.
ફોન : (૦૨૬૮) ૨૫૮૯૭૨૮, ૨૫૮૯૭૭૬.
E-mail : vadtaldhamvikas@gmail.com
Web : www.vadtalmandir.org

| | | |
|---|---|---|
| **પ્રકાશન તિથિ** | : | સં. ૨૦૭૩, કાર્તિકી સમૈયો |
| **આવૃત્તિ** | : | તૃતીય |
| **પ્રત** | : | ૫,૦૦૦ |
| **સેવામૂલ્ય** | : | સૌજન્યને આભારી ₹ ૫/- |

**મુદ્રક :**
શ્રીજી આર્ટ, અમદાવાદ
ફોન નં. (૦૭૯) ૪૦૦૮૬૬૮૬
(મો.) ૯૮૭૯૬૦૬૬૮૬
E-mail : shreejiartjanral@gmail.com

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

# પ્રકાશકીયમ્

આરાધ્ય ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ પાંચસો પરમહંસો સહિત આ બ્રહ્માંડમાં પધાર્યા અને યાવચ્ચંદ્રદિવાકરૌ આપણા આત્યંતિક કલ્યાણનો રાજમાર્ગ ખુલ્લો કર્યો. અનેક પ્રકારની સાંસારિક વિટંબણાઓથી ઘેરાયેલો આત્મા, પરમાત્મપ્રાપ્તિના માર્ગ પર સરળતાથી અગ્રેસર થઈ શકે; એવી અનોખી ભક્તિ પરંપરા પુનર્જીવિત કરી. ત્યાગી-ગૃહી આબાલવૃદ્ધ નર-નારી સહજભાવે ભગવદ્ ભજન પરાયણ રહી શકે; એવી સાંપ્રદાયિક દૈનિક આરાધનાનું વર્તમાન સ્વરૂપ; સદ્ગુરૂ શ્રી ગોપાળાનંદ સ્વામીએ બાંધી આપ્યું છે.

આજે આપણે આધુનિક જીવનશૈલીના પ્રભાવમાં આહ્નિક નિયમોથી દૂર જઈ રહ્યા છીએ ત્યારે આદર્શ સત્સંગીની ''નિત્ય ભગવદારાધના''માં ઉપયોગી થાય; એવી એક પુસ્તિકાની જરૂરિયાત જણાતા આ પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે.

એક આદર્શ સત્સંગી બ્રાહ્મમુહૂર્તથી આરંભીને રાત્રે સૂતા સુધીમાં જે જે ભક્તિપદો વડે ભગવદારાધના કરે છે તે તે, નંદસંતોની પ્રાસાદિક પદાવલિઓ અહીં સંકલિત કરેલી છે. પ્રાતઃ સ્મરણ, પ્રભાતીયા, ગોડી, આરતી, સ્તુતિ-અષ્ટક, સ્વભાવિક ચેષ્ટા, વચનામૃત, પુરુષસૂક્ત, વિવિધ છંદ, શ્લોક, મંત્રો એવં ભક્તિપદોની સાથે સાથે શ્રી જનમંગલ સ્તોત્ર, નારાયણ કવચ તથા પરચા પ્રકરણ જેવા અનુભવસિદ્ધ સંકટહરણ ઉપાયોનું પણ સુંદર સંકલન થયું છે. વડતાલધામ સાથે આસ્થાસેતુથી જોડાયેલા પ્રત્યેક મુમુક્ષુએ આ અવશ્ય જાણવું જોઈએ. નિત્ય અભ્યાસ કરવો જોઈએ અને કંઠસ્થ પણ કરવું જોઈએ. આજની દોડધામભરી વ્યસ્ત જીવનશૈલીમાં પણ આપણા હાથમાં નિયમાનુષ્ઠાનની સાનુકૂળતા કરી આપતી પુસ્તિકા રહે; એવા આશય સાથે વડતાલ મંદિરના મુખ્યકોઠારી પ.પૂ.સદ્. શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીના સંકલ્પ અનુસાર આ પુસ્તિકાનું સંકલન થયું છે.

આ પુસ્તિકાની સર્વાંગ પૂર્ણતા જોઈને વડતાલ શ્રીલક્ષ્મીનારાયણદેવ પીઠસ્થાનના પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીએ આજ્ઞા સહ આશીર્વાદ આપ્યા છે. વડતાલ મેનેજીંગ ટ્રસ્ટીબોર્ડના

ચેરમેનશ્રી પ.પૂ.સદ્. કો. શ્રી દેવપ્રકાશદાસજી સ્વામીનું માર્ગદર્શન પુસ્તિકાને સર્વાંગ સુંદર બનાવવામાં મદદરૂપ થયું છે. આ ભગવદારાધનામાં સર્વગ્રાહી પદોનું સંકલન પૂ. શ્યામવલ્લભસ્વામીએ કર્યું છે. તેમાં વડતાલમાં રહીને સેવા કરતા નિકિત પટેલ, અમિત પટેલ અને સંદીપ ઠાકોર વગેરે યુવકો સહયોગી બન્યા છે.

આ ''નિત્ય ભગવદારાધના'' સર્વત્ર ખૂબજ આવકાર પામી છે. માત્ર છ જ મહિનામાં પ્રથમ આવૃત્તિની પ્રતો પૂર્ણ થઈ જતા, આ દ્વિતીય આવૃત્તિ પ્રસિદ્ધ થઈ રહી છે. આ આવૃત્તિમાં પ.પૂ.સદ્. શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી - મુખ્યકોઠારીશ્રીના કૃપાપાત્ર પ.ભ. શ્રી ચિમનભાઈ છોટાભાઈ પટેલ - પરિવાર વડતાલ દ્વારા આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે.

આ ''નિત્ય ભગવદારાધના'' પુસ્તિકા દ્વારા સહુ ભક્તિ માર્ગે પ્રગતિ કરે એવી વૃત્તાલય વિહારીના ચરણોમાં પ્રાર્થના.

ભવદીય સત્સંગ સેવક

શા. સંતવલ્લભદાસ-વેદાંતાચાર્ય, પીએચ.ડી. -

વડતાલ.

## સૌજન્ય

આરાધ્ય ઈષ્ટદેવ વૃત્તાલય વિહારી

**શ્રીહરિકૃષ્ણ મહારાજ** તથા

શ્રીલક્ષ્મીનારાયણ આદિ દેવોની પ્રસન્નતા અર્થે

સદ્‌ગુરૂશ્રી મુક્તાનંદ સ્વામીની પરંપરાના સંત અ.નિ.

**બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂ કો. શ્રી નંદકિશોરદાસજી સ્વામી**

ની પુણ્ય સ્મૃતિમાં તેમના સેવક એવં

વડતાલ-મંદિરના મુખ્ય કોઠારી

સદ્‌ગુરૂ શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી

**જૈમીનભાઈ પન્નાલાલ ઈનામદાર** પરિવાર - વડોદરા

તરફથી તેમના પૂર્વજોની સ્મૃતિમાં

આ આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે.

તેમના ઉદાર સહયોગથી

આ પુસ્તિકા પ્રકાશિત થઈ રહી છે.

# સ્મરણાંજલિ



**અ.નિ. એડવોકેટ**

**શ્રી ભાઈલાલભાઈ જે. બ્રહ્મભટ્ટ**

**જન્મ તારીખ : ૫-૩-૧૯૦૫**

**અ.નિ. તા. ૧૪-૧-૧૯૯૯**



**અ.નિ. એડવોકેટ**

**શ્રી ગોપીનાથ બી. બ્રહ્મભટ્ટ**

**જન્મ તા. ૨૮-૭-૧૯૩૭**

**અ.નિ. તા. ૨૬-૧૧-૧૯૯૯**

નિવૃત્ત ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ,

નિવૃત્ત રજીસ્ટ્રાર (ગુજ. હાઈકોર્ટ)

નિવૃત્ત ચેરીટી કમિશનર (ગુજ.રાજ્ય)



**અ.નિ. પન્નાલાલ મોરલીધર ઈનામદાર - ખંભાત**

**અ.નિ. તારીખ :- ૨૬-૫-૧૯૮૮**

મુ. માલ આંકલીયા,

તા. સાવલી, જિ. વડોદરા.

માજી પ્રમુખ તાલુકા પંચાયત, સાવલી

માજી સભ્ય જિલ્લા પંચાયત, વડોદરા

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | મંગલાચરણ ઉપયોગી શ્લોકો | ૦૧ |

## પ્રભાતિયા

| | | |
|---|---|---|
| ૨. | વેલેરી ઊઠીને વા'લાજી..... | ૦૫ |
| ૩. | શ્યામળિયો સ્નેહી બાઈ..... | ૦૫ |
| ૪. | સૂતા ઉઠીરે સમરૂં સહજાનંદ..... | ૦૬ |
| ૫. | ધ્યાન ધર ધ્યાન ધર..... | ૦૭ |
| ૬. | પ્રાતઃ થયુ મનમોહન પ્યારા..... | ૦૮ |
| ૭. | સ્વામિનારાયણનું સ્મરણ કરતા..... | ૦૯ |
| ૮. | શોભા સાગર શ્યામ તમારી..... | ૧૦ |
| ૯. | અધમ ઉધ્ધારણ અવિનાશી..... | ૧૦ |
| ૧૦. | પ્રાતઃ સમે શ્રી સહજાનંદની..... | ૧૧ |
| ૧૧ | સુંદરવર શણગાર કરીને..... | ૧૨ |

## નિત્ય નિયમ

| | | |
|---|---|---|
| ૧. | સંત સમાગમ કીજે..... | ૧૩ |
| ૨. | સંત પરમ હિતકારી..... | ૧૩ |
| ૩. | જય સદગુરુ સ્વામી..... | ૧૪ |

| | | |
|---|---|---|
| ૪. | રામકૃષ્ણ ગોવિંદ..... | ૧૫ |
| ૫. | નવીનજીમૂત સમાનવર્ણ..... | ૧૬ |
| ૬. | નિર્વિકલ્પ ઉત્તમ અતિ..... | ૧૭ |
| ૭. | જય ધ્વનિ.......... | ૧૯ |
| ૮. | સ્તુતિ - વિશ્વેશ છો સકલ..... | ૨૦ |

## પડવાથી પૂનમ સુધીના અષ્ટકો

| | | |
|---|---|---|
| ૯. | માનસ ચિન્તય ચારુચરિત્રમ્ | ૨૨ |
| ૧૦. | તરુણંલોકય ચાતિકરુણમ્ | ૨૩ |
| ૧૧. | ભજ માનસ ત્વં શ્રીહરિમ્ | ૨૪ |
| ૧૨. | સુખદાયિનં મુનિગણસ્ય | ૨૫ |
| ૧૩. | હર હર ગોપીનાથ | ૨૬ |
| ૧૪. | ભવસંભવભીતિભેદનમ્ | ૨૭ |
| ૧૫. | શ્રીવાસુદેવ વિમલામૃતધામ વાસમ્ | ૨૮ |
| ૧૬. | મુક્તાનાં સદસિ સદા વિરાજમાનમ્ | ૩૦ |
| ૧૭. | પ્રથમતઃ શકુલાકૃતિરાદધે | ૩૧ |
| ૧૮. | સુરરાજરાજ તવ દર્શનં વિના | ૩૨ |
| ૧૯. | અથૈકદા દિવ્યતપાસ્તપસ્તપઃ | ૩૫ |

| | | |
|---|---|---|
| ૨૦. | વિહરતિ યોડક્ષરેડક્ષર | ૩૬ |
| ૨૧. | હરિકૃષ્ણં માનસ | ૩૭ |
| ૨૨. | વરવર કરુણાસાગર | ૩૮ |
| ૨૩. | અથ મનસિ શનૈઃ | ૪૦ |
| ૨૪. | મહાબળવંત..... | ૪૨ |
| ૨૫. | મારા વાલાજી શું વાલપ દીસે રે..... | ૪૩ |
| ૨૬. | મારા હરજી શું હેત ન દીસે રે...... | ૪૪ |
| ૨૭. | શ્રી ગણપતિજીની આરતી - જય મંગલકારી..... | ૪૫ |
| ૨૮. | શ્રી ગણપતિ સ્તોત્રમ્ - વિઘ્નેશવિઘ્નચય..... | ૪૫ |
| ૨૯. | શ્રી હનુમાનજીની આરતી - જય કપિબળવંતા..... | ૪૭ |
| ૩૦. | શ્રીહનુમત સ્તોત્રમ્ - નીતિ પ્રવીણ નિગમા..... | ૪૮ |
| ૩૧. | સર્વે સખી જીવન જોવાને ચાલો રે..... | ૪૯ |
| ૩૨. | આજ મારે ઓરડે રે..... | ૪૯ |
| ૩૩. | સ્વભાવિક ચેષ્ટા - પ્રથમ શ્રી હરિને રે..... | ૫૪ |
| ૩૪. | ઓરા આવો શ્યામ સ્નેહી..... | ૬૭ |
| ૩૫. | હવે મારા વ્હાલાને નહિ રે..... | ૬૮ |
| ૩૬. | હવે મારા વ્હાલાનાં દર્શન..... | ૬૯ |
| ૩૭. | વંદુ સહજાનંદ રસરૂપ..... | ૭૦ |

| | | |
|---|---|---|
| ૩૮. | રે શ્યામ તમે સાચું નાણું..... | ૭૪ |
| ૩૯. | અક્ષરનાં વાસી વ્હાલો..... | ૭૪ |
| ૪૦. | પોઢો પોઢો સહજાનંદ સ્વામી..... | ૭૫ |
| ૪૧. | પોઢે પ્રભુ સકળ મુનિ કે..... | ૭૬ |


## થાળના પદો


| | | |
|---|---|---|
| ૪૨. | જમો થાળ જીવન જાઉં વારી..... | ૭૬ |
| ૪૩. | તમે જમો જમોને મારા..... | ૭૮ |
| ૪૪. | નાના ગ્રાસ લેવત..... | ૭૮ |
| ૪૫. | લેતા જાવો રે સાવરિયા !..... | ૭૯ |
| ૪૬. | રૂડી રાંધી મેં રસિયાજી..... | ૮૦ |


## એકાદશીના પદો


| | | |
|---|---|---|
| ૪૭. | કોડે કોડે એકાદશી કીજીયે રે..... | ૮૦ |
| ૪૮. | ઉત્સવની પ્યારી કેશવની આજ..... | ૮૧ |


## કીર્તનો


| | | |
|---|---|---|
| ૧. | અચરજ માયા તુમ્હારી..... | ૧૧૭ |
| ૨. | અમરના સરદાર, હરિ મારા ..... | ૧૪૦ |
| ૩. | અવસર આવ્યો રે.... | ૧૩૨ |

| | | |
|---|---|---|
| ૪. | આજ બંગલેમેં ઘુંઘરુ..... | ૧૦૫ |
| ૫. | આજ મેં તો ભેટ્યા રે.... | ૧૧૯ |
| ૬. | આજ સખી આનંદની હેલી..... | ૧૪૧ |
| ૭. | આજ મારે નંદનો નંદન ઘેર.... | ૧૨૩ |
| ૮. | આજ મુને સામે મળ્યો છે.... | ૧૨૨ |
| ૯. | આજનો દિવસ રળિયામણો.... | ૧૩૨ |
| ૧૦. | આવાને આવા રે આવાને.... | ૧૦૯ |
| ૧૧. | આવો રાજીવ લોચન રંગ.... | ૧૧૦ |
| ૧૨. | એકલડા કેમ રે’વાય તમ વિના.... | ૧૩૧ |
| ૧૩. | અંતકાળે આવી રે સંભાળી લેજો.... | ૮૯ |
| ૧૪. | કર પ્રભુ સંગાથે દ્રઢ પ્રીતડી રે.... | ૧૩૬ |
| ૧૫ | કાનુડા કેડે ફરવું રે.... | ૧૧૮ |
| ૧૬ | કૈસે જાઉં પનિયાં.... | ૧૧૧ |
| ૧૭. | જાના હે નર જાના હે..... | ૯૪ |
| ૧૮. | જે સ્વામિનારાયણ નામ લેશે... | ૧૪૭ |
| ૧૯. | જુઓ જુઓને હાંહાં રે..... | ૧૪૩ |
| ૨૦. | તમારી મૂર્તિ વિના મારા નાથ.... | ૧૦૮ |
| ૨૧. | તારા મુખની લાવણતા મીઠી રે.... | ૧૩૦ |
| ૨૨. | તારી મૂર્તિ લાગે છે મને.... | ૧૩૮ |

| | | |
|---|---|---|
| ૨૩. | તારી મૂર્તિ રે છે જો નેણુંનો શણગાર.... | ૧૨૮ |
| ૨૪. | તારે ચટક રંગીલો છેડલો..... | ૧૧૬ |
| ૨૫. | દીખલા દીદાર પ્યારા.... | ૧૧૧ |
| ૨૬. | દિલ લાગ્યા હમારા ફકીરી સે... | ૧૨૧ |
| ૨૭. | ધર્મકુંવર હરિકૃષ્ણની રે..... | ૧૦૬ |
| ૨૮. | ધર્મકુંવર મારા હૈયાના હાર..... | ૧૧૯ |
| ૨૯. | ધર્મકુંવર હરિકૃષ્ણજી, તમે..... | ૯૭ |
| ૩૦. | ધન્ય ધન્ય પુનમિયા... | ૧૦૮ |
| ૩૧. | નમન હું કરૂં વિશ્વપાળને.... | ૧૨૮ |
| ૩૨. | નયણાં ઠરે છે જોઈને રે.... | ૮૬ |
| ૩૩. | નેણામાં રાખું રે નેણામાં રાખું.... | ૧૦૯ |
| ૩૪. | પતિવ્રતા નારીને પિયુસંગ.... | ૯૩ |
| ૩૫. | પધારોને સહજાનંદજી હો.... | ૧૧૩ |
| ૩૬. | પ્યારી લાગે મોહનજીકી બતિયાં.... | ૧૪૩ |
| ૩૭. | પ્રભુ તમ વિના મારું કોણ..... | ૧૩૯ |
| ૩૮. | પ્રભુ શું પ્રિતડી બંધાણી રે... | ૯૪ |
| ૩૯. | પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે.... | ૯૫ |
| ૪૦. | પ્રેમી જનને વશ પાતળિયો.... | ૮૫ |
| ૪૧. | પૂર્વનું પુણ્ય પ્રગટ થયું.... | ૧૪૨ |

| | | |
|---|---|---|
| ૪૨. | બીસર ન જાજો મેરે મીત..... | ૧૧૪ |
| ૪૩. | બાળ સનેહી રે મોહન... | ૯૩ |
| ૪૪. | ભવસાગરનો પાર ન આવે..... | ૧૩૭ |
| ૪૫. | ભલા વે સહજાનંદકો મેં ઉપાસી..... | ૧૨૯ |
| ૪૬. | માણકીએ ચડ્યા રે મોહન વનમાળી.... | ૧૦૩ |
| ૪૭. | માવા તારી મૂર્તિમાં.... | ૧૨૦ |
| ૪૮. | મારા પૂણ્ય ઉદય થયા પાછલા રે.... | ૯૮ |
| ૪૮. | મારે સ્વામિનારાયણ ભજવા.... | ૧૧૨ |
| ૫૦. | મારે આજ પ્રીતમ ઘેર આવશે.... | ૧૨૪ |
| ૫૧. | મારે ઘરે આવ્યા રે.... | ૮૬ |
| ૫૨. | મે તો સરવે સંગાથે તોડી રે..... | ૧૨૯ |
| ૫૩. | મેં  નિરખ્યા શ્રી ગઢપુરમાં.... | ૧૪૪ |
| ૫૪. | મોટો મહિમા રે જગમાં હરિજનનો.... | ૧૨૧ |
| ૫૫. | મોરલી વાજે રે મીઠી મોરલી રે.... | ૧૦૦ |
| ૫૬. | મોરે મંદિર આજ બધાઈ.... | ૯૯ |
| ૫૭. | મોહનજીને મળવાને ભુધરજીને.... | ૧૩૬ |
| ૫૮. | મંદિર પધાર્યા સ્વામી રે.... | ૧૧૫ |
| ૫૯. | રંગભીના રે શ્યામળિયા.... | ૧૦૦ |
| ૬૦. | રાજ મારે રે મંદિરીયે તમે.... | ૧૩૧ |

| | | |
|---|---|---|
| ૬૧. | રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર.... | ૯૬ |
| ૬૨. | રે' જો મારી આંખડલી આગે.... | ૧૩૦ |
| ૬૩. | રે સગપણ હરિવરનું સાચું.... | ૧૨૪ |
| ૬૪. | લટકાળા, લે'રી પધારો..... | ૧૦૧ |
| ૬૫. | લટકાળા તારે લટકે રે..... | ૧૧૫ |
| ૬૬. | લટકાળો લટકંતો રે આવે.... | ૧૩૩ |
| ૬૭. | લાડીલા અમને રે લાડ લડાવો છો... | ૧૩૫ |
| ૬૮. | વળી વખાણું શાકોત્સવ લીલા કરી... | ૯૬ |
| ૬૯. | વડતાલની ફૂલવાડીયે રે.... | ૧૦૨ |
| ૭૦. | વાતલડી રો' ને રાતલડી.... | ૧૨૭ |
| ૭૧. | વાલા લાગો છો વિશ્વ આધાર રે.... | ૧૨૫ |
| ૭૨. | વાલા રમઝમ કરતાં કાન મારે.... | ૮૨ |
| ૭૩. | શ્યામ પધારો ઘનશ્યામ પધારો.... | ૧૦૪ |
| ૭૪. | શ્રીજી મહારાજ માગું શરણ તમારૂં.... | ૧૪૬ |
| ૭૫. | સખી ગોકુળ ગામના ચોકમાં રે.... | ૧૧૭ |
| ૭૬. | સખી આજ મોહન દીઠા રે.... | ૧૧૩ |
| ૭૭. | સજની કોડે આનંદ મારે ઘેર.... | ૮૭ |
| ૭૮. | સજની શ્રીજી મુજને સાંભર્યા રે..... | ૧૧૨ |
| ૭૯. | સદ્‌ગુરુ સાચા રે સેવો શુદ્ધ.... | ૯૦ |

| | | |
|---|---|---|
| ૮૦. | સવારે ગોમતી ગયા ભગવાન.... | ૧૦૪ |
| ૮૧. | સહજાનંદ હરિ પ્રગટ થયા.... | ૧૩૪ |
| ૮૨. | સહજાનંદ સુખકારી.... | ૧૨૬ |
| ૮૩. | સાંભળ બેની હરિ રીઝયાની.... | ૮૭ |
| ૮૪. | સુખદાયક રે સ્વામી સહજાનંદ.... | ૯૨ |
| ૮૫. | સુખદાયક રે સાચા સંતનો સમાગમ | ૯૧ |
| ૮૬. | સુંદર શ્યામળા રે.... | ૧૨૦ |
| ૮૭. | સોનાનાં બોર ઝુલે નંદ કિશોર.... | ૧૧૮ |
| ૮૮. | સ્વામિનારાયણ નામ વ્હાલું લાગે.... | ૧૩૪ |
| ૮૯. | સ્નેહભર્યા નયને નિહાળતા | ૮૩ |
| ૯૦. | સોનેરી મોળિયું | ૧૦૬ |
| ૯૧. | સોહત હરિ સહજાનંદ | ૧૪૦ |
| ૯૨. | હરિ ભજતાં સહુ મોટપ પામે.... | ૮૪ |
| ૮૩. | હરિ હૈયાના હાર છો જીરે.... | ૮૫ |
| ૯૪. | હરિ બિન કોઈ ન તેરા રે.... | ૯૨ |
| ૯૫. | હરિજન સાચા રે જે ઉરમાં.... | ૧૨૬ |
| ૯૬. | હરિ મીલે બોરસડીકી છૈયાં.... | ૧૪૨ |
| ૯૭. | હાંરે હરિકૃષ્ણ હૈયાનો મારે.... | ૧૦૨ |
| ૯૮. | હિંડોરનામેં હોરે હોરે ઝુલો.... | ૧૦૫ |
| ૯૯. | સખી ચાલો જઈએ વરતાલ રે... | ૧૦૭ |

## પ્રકીર્ણ


| | | |
|---|---|---|
| ૧. | વિવિધ છંદ | ૧૪૮ |
| ૨. | વિવિધ શ્લોક | ૧૫૮ |
| ૩. | વિવિધ મંત્રો | ૧૬૩ |
| ૪. | પ્રાતઃ પૂજાવિધિ | ૧૬૬ |
| ૫. | માનસી પૂજાવિધિ | ૧૭૧ |
| ૬. | જનમંગલસ્ત્રોત્રમ્ | ૧૭૮ |
| ૭. | જનમંગલ નામાવલિ | ૧૮૩ |
| ૮. | અર્ચાવતાર સ્તોત્ર | ૧૮૯ |
| ૯. | પુરુષ સૂક્તમ્ | ૧૯૫ |
| ૧૦. | નારાયણ કવચ | ૧૯૭ |
| ૧૧. | શ્રી ગોપાળાનંદ સ્વામીનું પરચા પ્રકરણ | ૨૦૮ |
| ૧૨. | વચનામૃત | |
| | (૧) ગ.પ્ર. ૫ | ૨૧૫ |
| | (૨) ગ.પ્ર. ૫૪ | ૨૧૫ |
| | (૩) ગ.અં. ૩૮ | ૨૧૮ |
| ૧૩. | વડતાલના પ્રસાદીના સ્થળ | ૨૨૧ |


❋ ❋ ❋

## મંગલાચરણ ઉપયોગી શ્લોકો

વાણી મંગલ રુપિણી ચ હસિતં યસ્યાસ્તિ વૈ મંગલમ્
નેત્રે મંગલદે ચ દોર્વિલસિતં નૃણાં પરં મંગલમ્ ।
વક્ત્રં મંગલકૃચ્ચ પાદચલિતં યસ્યાખિલં મંગલમ્
સોઽયં મંગલમૂર્તિરાશુ જગતો નિત્યં ક્રિયાન્મંગલમ્ ॥૧॥
વર્ણિવેષરમણીય દર્શનં મન્દહાસરુચિરાનનામ્બુજમ્ ।
પૂજિતં સુરનરોત્તમૈર્મુદા ધર્મનંદનમહં વિચિન્તયે ॥૨॥
સતતં નિજમૂર્તિ ચિન્તકાનામ્, અધિકશ્વેત મનોહરપ્રકાશે ।
હૃદિ દર્શિત રમ્ય દિવ્યરુપં ભગવન્તં તમહં હરિં નમામિ ॥૩॥
શ્વેતં ચ સૂક્ષ્મં પરિધાય વાસઃ, સિતં દ્વિતીયં વસનં વસિત્વા ।
ચતુષ્કપીતાઠાદ્દ્રુતમુત્તરન્તં, શ્રીનીલકંઠં હૃદિ ચિન્તયામિ ॥૪॥
સ્વામિનારાયણો નીલકંઠો નારાયણો હરિઃ ।
હરિકૃષ્ણશ્ચ સહજાનંદઃ કૃષ્ણોઽસ્તુ મે હૃદિ ॥૫॥
શ્રૂયતાં દેવ ! દેવેશ ! સ્વામિનારાયણ ! પ્રભો !
ત્વદીયેનાવધાનેન કથયિષ્યે શુભાઃ કથાઃ ॥૬॥
નત્વા શ્રી સહજાનંદસ્વામિનં ભક્તિધર્મજમ્ ।
તદ્વાણીં ચ શતાનંદં તતો જયમુદીરયેત્ ॥૭॥

મૂકં કરોતિ વાચાલં પઙ્ગું લઙ્ઘયતે ગિરિમ્ ।
યત્કૃપા તમહં વન્દે પરમાનન્દમાધવમ્ ॥૮॥
આદૌ પ્રેમવતી વૃષાંગજનનં સન્નૈકતીર્થાટનં,
દુષ્કર્મોપશમં ચ સાધુ શરણં સદ્ધર્મસંસ્થાપનમ્ ।
હિંસાવર્જિતભૂરિયજ્ઞકરણં મૂર્તિપ્રતિષ્ઠાપનમ્,
આર્યસ્થાપનમક્ષરાખ્યગમનં સત્સંગિસજ્જીવનમ્ ॥૯॥

શ્રીમચ્છારદપૂર્ણચંદ્રવિલસત્સ્મેરાનનં શ્રીહરિમ્
તુઙ્ગે પીઠવરે સ્થિતં પરિવૃતં સદ્‌ભક્તવૃન્દૈર્યથા ।
તારાભિર્વિધુમર્ચ્યમાનમુરુધા તૈશ્ચન્દનૈઃ કૌસુમૈઃ
હારૈઃ શેખરપંક્તિભિશ્ચ હૃદયે શુક્લામ્બરં ચિન્તયે ॥૧૦॥

શ્રીકૃષ્ણાય તમોહરાય હરયે શ્રીનીલકંઠાય તે
શ્રી નારાયણનામધેયધૃતયે ધર્માત્મજાયાત્મને ।
સદ્ધર્માવનસમ્ભવાય હરિયુક્કૃષ્ણાભિધાયાનિશં
ષણ્ણામાવલિસંયુતાય સહજાનંદાય વન્દામહે ॥૧૧॥

પાતું ધર્મમધર્મમુત્ખનયિતું શ્રીભક્તિધર્માઙ્ગતો
જાતાયોત્તારકોસલેષુ દયયા સર્વેશ્વરેશાય ચ ।
તૃપ્તિં વાક્યસુધારસૈર્વિદધતે નૈજૈર્નિજાનાં મુહુઃ
તસ્મૈ શ્રીહરયે નમોઽસ્તુ સહજાનંદાય સદ્વર્ણિને ॥૧૨॥

સ્નાતં ચંદનચર્ચિતં નિજજનૈઃ પુષ્પસ્રજાલંકૃતં
પ્રાતઃસુર્યમયુખસેવિત મુખં શ્રીચંદ્રશાલોપરિ ।
ધૃત્વા રોટકમેકપાણિતલકે ભંક્ત્વાન્યહસ્તેન તં
ભુંજાનં પ્રવિલોક્યસેવકગણાન્ વન્દે સદા સ્વામિનમ્ ॥૧૩॥

કસ્તુરી તિલકં લલાટપટલે વક્ષઃસ્થલે કૌસ્તુભં
નાસાગ્રે વરમૌક્તિકં કરતલે વેણું કરે કંકણમ્
સર્વાઙ્ગે હરિચંદનં સુલલિતં કંઠે ચ મુક્તાવલી
ગોપસ્ત્રી પરિવેષ્ટિતો વિજયતે ગોપાલચુડામણિઃ ॥૧૪॥

જન્માદ્યસ્ય યતોઽન્વયાદિતરતશ્ચાર્થેષ્વભિજ્ઞઃ સ્વરાટ્
તેને બ્રહ્મ હૃદા ય આદિકવયે મુહ્યન્તિ યત્સૂરયઃ ।
તેજોવારિમૃદાં યથા વિનિમયો યત્ર ત્રિસર્ગો મૃષા
ધામ્ના સ્વેન સદા નિરસ્તકુહકં સત્યં પરં ધીમહિ ॥૧૫॥

યં બ્રહ્મા વરુણેન્દ્રરૂદ્રમરુતસ્તુન્વન્તિ-દિવ્યૈ સ્તવૈઃ
વેંદૈઃ સાંગપદક્રમોપનિષદૈ, ર્ગાયન્તિ યં સામગાઃ ।
ધ્યાનાવસ્થિતતદ્ગતેન, મનસા પશ્યન્તિ યં યોગિનો
યસ્યાંતં ન વિદુઃ સુરાસુરગણા દેવાય તસ્મૈ નમઃ ॥૧૬॥

સુનીશારં સારં શુચિકનકબુટ્ટં પરિદધત્-
નિચોલં કૌસ્તુભં કટિતટપટં ચારુણરુચિમ્ ।
બહૂન્ હારાન્ હૈમાન્ વરવલયકેયૂરમુકુટાન્
હસદ્વક્રેન્દુર્મે દશિ જયતુ નારાયણમુનિઃ ॥૧૭॥

સદાનન્દામ્ભોધિઃ સ્મિતરુચિરપૂર્ણેન્દુવદન :
પ્રફુલ્લામ્ભોજન્મચ્છદસદશશોભાક્ષિયુગલ : ॥
કૃપાપારાવારઃ શ્રિતસકલજીવાતિસુખદો
મહાશ્રેયોમૂર્તિર્જયતિ સ હિ નારાયણમુનિઃ ॥૧૮॥

શાંતાકારં ભુજગશયનં પદ્મનામં સુરેશં
વિશ્વાધારં ગગન સદશં મેઘવર્ણશુભાંગમ્ ।
લક્ષ્મીકાન્તં કમલનયનં યોગિભિર્ધ્યાનગમ્યમ્
વન્દે વિષ્ણું ભવભયહરં સર્વલોકૈકનાથમ્ ॥૧૯॥

ગુરુર્બ્રહ્મા; ગુરુ ર્વિષ્ણુ, ર્ગુરુ ર્દેવો મહેશ્વરઃ ।
ગુરુઃસાક્ષાત્ પરં બ્રહ્મ, તસ્મૈ શ્રીગુરુવે નમઃ ॥૨૦॥

શ્રીપતિં શ્રીધરં સર્વ દેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરિમ્ ।
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે ॥

# પ્રભાતિયા

## રાગ : રામકલિ પ્રભાતી પદ-૧

વેલેરી ઊઠીને વા'લાનું વદન નિહાળું,
જોઈને કમળમુખ દુઃખ દૂર વિસારું રે. વેલેરી ટેક૦
વદન વા'લાજીનું અતિ સુખકારી,
નિરખી નિરખી જાઉં હું તો સરવસ વારી રે. વેલેરી૦ ૧
મુખડું જોયા વિના પાણીયે ન પીવું,
પ્રાણજીવનને હું તો જોઈ જોઈ જીવું રે. વેલેરી૦ ૨
પ્રાણજીવન જોવા મેંતો જનમ ધર્યો છે,
જુઠોરે સંસારિયો સર્વે ત્યાગ કર્યો છે રે, વેલેરી૦ ૩
પ્રેમાનંદના સ્વામીના કાજે મેલ્યાં છે,
સંસારીયાં સઉ બળતા મેં દાઝે રે. વેલેરી૦ ૪

## પદ-૨

શ્યામળિયો સનેહી બાઈ મને પ્રાણથી પ્યારા,
ઘડીએ ન મેલું વા'લાજીને નયણાંથી ન્યારારે. શ્યામ ટેક૦

તન મન ધન મારું વા'લાજીને કાજે,
હવે નથી બી'તી દુરજન લોકડાંની લાજે. શ્યામ૦ ૧
વા'લાજી સંગાથે બાઈ મારું ચિતડું બંધાણું,
હવે આ સંસારિયાંને તૃણ જેવા જાણુંરે. શ્યામ૦ ૨
મેલ્યોરે સંસારિયો મેંતો હરિવર માટે,
વા'લોજી વરી છું બાઈ મારા શિરને સાટે રે. શ્યામ૦ ૩
ભલેરે મળ્યા બાઈ મને હરિવર આવી,
પ્રેમારેનંદના વાલાની હુંતો કા'વીરે. શ્યામ૦ ૪

## રાગ : ધોળ-પ્રભાતી

સૂતાં ઉઠી રે સમરૂં સહજાનંદ કે વેણલા ભલે વાયાં રે;
અંતર ઉપજ્યો રે, અતિશે આનંદ કે...વેણલા ૦૧
નયણે નીરખી રે, રંગભીનાનું રૂપ કે...વેણલાં.
પ્રીતે પોંખ્યા રે, બ્રહ્મમહોલના ભૂપ કે....વેણલા ૦૨
ઉર્ધ્વરેખા રે, બે ચરણમાં જોઈ કે...વેણલાં.
તેને નીરખી રે, મનડું રહ્યું મોઈ કે...વેણલા ૦૩

નખમણિયું રે, જુગલ ચરણની જોડ કે...વેણલાં.
ગોળ ઘુંટિયું રે, પૂરે મનડાના કોડ કે...વેણલા ૦૪
જંઘા જાનું રે, જોયા સાથળ સાર કે...વેણલાં.
નાભી ઊંડી રે, અજ ઉપજ્યા જે ઠાર કે...વેણલા ૦૫
પેટ પોયણ રે, જોયા ત્રણે વળ કે...વેણલાં.
એવા ચિહ્નની રે, કૃષ્ણાનંદને કળ કે...વેણલા ૦૬

## રાગ : કેદારો - પ્રભાતી

ધ્યાન ધર ધ્યાન ધર ધર્મના પુત્રનું,
જે થકી સર્વ સંતાપ નાશે;
કોટિ રવિચંદ્રની કાંતિ ઝાંખી કરે,
એવા તારા ઉર વિષે નાથ ભાસે ૦૧
શિર પર પુષ્પનો મુગટ સોહામણો,
શ્રવણ પર પુષ્પના ગુચ્છ શોભે,
પુષ્પના હારની પંક્તિ શોભે ગળે,
નીરખતાં ભક્તનાં મન લોભે ૦૨

પચરંગી પુષ્પના કંકણ કર વિષે.
બાંયે બાજુબંધ પુષ્પ કેરા;
ચરણમાં શ્યામને નૂપુર પુષ્પના,
લલિત ત્રિભંગી શોભે ઘણેરા ૦૩
અંગોઅંગ પુષ્પના આભરણ પહેરીને,
દાસ પર મહેરની દૃષ્ટિ કરતા;
કહે છે મુક્તાનંદ ભજ દૃઢ ભાવશું,
સુખ તણા સિંધુ સર્વે કષ્ટ હરતા ૦૪

## રાગ : ભૈરવી

પ્રાતઃ થયું મનમોહન પ્યારા, પ્રીતમ રહ્યા શું પોઢીને;
વારંવાર કરૂં છું વિનંતિ, જગજીવન કર જોડીને..પ્રાત૦ ૧
ઘર ઘરથી ગોવાળો આવ્યા, દર્શન કારણ દોડીને;
આંગણિયે ઊભી વ્રજ અબળા, મહી વલોવા છોડીને..પ્રાત૦ ૨
બહુરૂપી દરવાજે બેઠા, શંકર નેજા ખોડીને;
મુખડું જોવા આતુર મનમાં, જોરે રાખ્યા ઓડીને..પ્રાત૦ ૩

ભૈરવ રાગ ગુણીજન ગાવે, તાન મનોહર તોડીને,
બ્રહ્માનંદના નાથ વિહારી, ઉઠ્યા આળસ મોડીને...પ્રાત૦ ૪

## રાગ : ભૈરવી પ્રભાતી

સ્વામિનારાયણનું સ્મરણ કરતાં, અગમ વાત ઓળખાણી રે;
નીગમ નિરંતર નેતિ કહી ગાવે, પ્રગટને પ્રમાણી રે - ટેક૦
મંગળરૂપ પ્રગટને મેલી, પરોક્ષને ભજે જે પ્રાણી રે;
તપ તીરથ કરે દેવ દેરાં, મન ન ટળે મસાણી રે. સ્વામિ૦૧
કથા ને કીર્તન કહેતા ફરે છે, કર્મ તણી જેમ કહાણી રે,
શ્રોતાને વક્તા બેઉ સમજ્યા વિનાના,પેટને અર્થે પુરાણી રે. સ્વામિ૦૨
કાશી કેદાર કે દ્વારકા દોડે, જોગની જુક્તિ ન જાણી રે,
ફેરાફરીને પાછો ઘરનો ઘરમાં, ગોધો જોડાણો જેમ ઘાણી રે. સ્વામિ૦૩
પીધા વિના પ્યાસ ન ભાંગે, મર પંડ ઉપર ઢોળે પાણી રે,
મુક્તાનંદ મોહન સંગ મળતાં, મોજ અમૂલખ માણી રે. સ્વામિ૦૪

## રાગ : બિભાસ પ્રભાતી

શોભા સાગર શ્યામ તમારી મૂરતી પ્યારી રે,
મૂરતિ પ્યારી રે નાખુ મારા પ્રાણ વારી રે - ટેક૦
સુંદરતા જોઈ મુખની શશી સુર લજાઈ રે,
મુખ દેખાડી નવ શક્યા વસ્યા ગગન જાઈ રે. શોભા૦૧
માન હર્યુ મણિધરનું, શિખા કેશ કાળે રે,
અવની ઉપર રહી ન શક્યા, ગયા પાતાળે રે. શોભા૦૨
ચંચળ લોચન જોઈને લજ્જા પામ્યાં તીન રે,
ખંજન કુરંગ વન વસ્યા જળે બૂડ્યા મીન રે. શોભા૦૩
ચાલ ચતુરાઈ જોઈને ગજ કરે ધિક્કાર રે,
પ્રેમાનંદ કહે શિર નાખે, ધૂળ વારંવાર રે. શોભા૦૪

## રાગ - ભૈરવી

અધમ ઉધ્ધારણ અવિનાશી તારા, બિરુદની બલિહારી રે;
ગ્રહી બાંહ્ય છોડો નહિ ગિરધર, અવિચળ ટેક તમારી રે..ટેક૦

ભરી સભામાં ભૂધરજી તમે, થયા છો માડી મારી રે;
બેટાને હેતે બોલાવો, અવગુણિયા વિસારી રે..૦૧

જેવો તેવો તોયે પુત્ર તમારો, અણસમજુ અહંકારી રે;
પેટ પડયો તે અવશ્ય પાળવો, વાલમ જુઓ વિચારી રે..૦૨

અનળ અહિ જો ગ્રહે અજાણે, તે છોડાવે રોવારી રે;
બાળકને જનની સમ બીજુ, નહિ જગમાં હિતકારી રે..૦૩

બ્રહ્માનંદની એજ વિનંતિ, મન ધારીએ મુરારી રે;
પ્રીત સહિત દર્શ પરસાદી, જોયે સાંજ સવારી રે..૦૪

## રાગ - ભૈરવી પ્રભાતી

પ્રાતઃ સમે શ્રી સહજાનંદની, મૂરતિ મનમાં ધારૂં રે; ... પ્રાત૦ ટેક.
નખશિખ નીરખી રૂપ અનુપમ, અંતરમાં ઉતારૂં રે.. પ્રાત૦૧

રૂપાળા બહુ રાજીવ લોચન, આવી વસ્યા મન મોરે રે;
પૃષ્ટ તરૂણ તન ભીને વાને, હંસ ગતિ ચિત્ત ચોરે રે.. પ્રાત૦૨

અંગોઅંગ અનુપમ ઝીણાં, શ્વેત વસ્ત્ર બહુ શોભે રે;
પુષ્પતણાં આભૂષણ જોઈ જોઈ, ભક્તતણાં મન લોભે રે.. પ્રાત૦૩
મેઘ સરીખે રે ઘેરે સાદે, બોલતા બહુનામી રે;
ભક્ત મનોરથ પૂરણ કરતા, પ્રેમાનંદના સ્વામી રે.. પ્રાત૦૪

## રાગ : ભૈરવ

સુંદરવર શણગાર કરીને, સિંહાસન પર શોભે રે,
જદુવર કેરું રૂપ જોઈને, મુનિવરના મન લોભે રે ... સુંદર
છોગલીયા ફુલડા કેરા છાયાં, મોળીડાને માથે રે,
ફોરે ભમરા મતવાલા થઈ, ડોલે સાથે સાથે રે... સુંદર
કાજુ ભાલ તિલક કેસરનું, રુડું રંગ ભરેલું રે,
ભ્રકુટિ નેણ નાસિકા ભાળી, તન કુરબાન કરેલું રે... સુંદર
ગોળ કપોલ કર્ણે શુભ કુંડળ, હરિનું મુખડું હસતું રે,
બ્રહ્માનંદ કહે તે જોઈને પળ, મન છેટે નથી ખસતું રે... સુંદર

# નિત્ય નિયમ

## ગોડી પદ-૧ રાગ:પૂરવ

સંતસમાગમ કીજે હો નિશદિન... સંત-ટેક૦
માન તજી સંતનકે મુખસે, પ્રેમ સુધારસ પીજે... હો નિશ૦૧
અંતર કપટ મેટકે અપના, લે ઉનકું મન દીજે... હો નિશ૦૨
ભવ દુઃખ ટળે બળે સબ દુષ્કીત, સબવિધિ કારજ સીજે... હો નિશ૦૩
બ્રહ્માનંદ કહે સંતકી સોબત, જન્મ સુફલ કરી લીજે... હો નિશ૦૪

## પદ-૨

સંત પરમ હિતકારી જગતમાંહિ.... સંત - ટેક૦
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી... જગત૦૧
પરમકૃપાળુ સકળ જીવન પર, હરિ સમ સબ દુઃખહારી... જગત૦૨
ત્રિગુણાતીત ફિરત તનુ ત્યાગી, રીત જગતસે ન્યારી... જગત૦૩
બ્રહ્માનંદ કહે સંતકી સોબત, મિલત હે પ્રગટ મુરારી... જગત૦૪

## આરતી

જય સદ્‌ગુરુ સ્વામી પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી,
સહજાનંદ દયાળુ (૨) બળવંત બહુનામી.. જય૦ ૧
ચરણસરોજ તમારા, વંદુ કરજોડી (૨)
ચરણે શિશ ધર્યાથી (૨) દુઃખ નાખ્યા તોડી.. જય૦ ૨
નારાયણ નરભ્રાતા, દ્વિજકુળ તનુ ધારી (૨)
પામર પતિત ઉદ્ધાર્યા (૨) અગણિત નરનારી.. જય૦ ૩
નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી (૨)
અડસઠ તીરથ ચરણે (૨) કોટિ ગયા કાશી.. જય૦ ૪
પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે (૨)
કાળ કર્મથી છૂટી (૨) કુટુંબ સહિત તરશે.. જય૦ ૫
આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી (૨)
મુક્તાનંદ કહે મુક્તિ (૨) સુગમ કરી સિધી.. જય૦ ૬

## ધુન

રામ કૃષ્ણ ગોવિંદ, જય જય ગોવિંદ !
હરે રામ ગોવિંદ જય જય ગોવિંદ ! ॥૧॥
નારાયણ હરે, શ્રીમન્નારાયણ હરે !
શ્રીમન્નારાયણ હરે, શ્રીમન્નારાયણ હરે ! ॥૨॥
કૃષ્ણદેવ હરે, જય જય કૃષ્ણદેવ હરે !
જય જય કૃષ્ણદેવ હરે, જય જય કૃષ્ણદેવ હરે ! ॥૩॥
વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે !
જય જય વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે ! ॥૪॥
વાસુદેવ ગોવિંદ, જય જય વાસુદેવ ગોવિંદ !
જય જય વાસુદેવ ગોવિંદ જય જય વાસુદેવ ગોવિંદ ॥૫॥
રાધે ગોવિંદ, જય રાધે ગોવિંદ !
વૃન્દાવનચંદ જય રાધે ગોવિંદ !
માધવ મુકુંદ જય માધવ મુકુંદ !
આનંદકંદ જય માધવ મુકુંદ !
સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !
સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !

## શ્રી રાધીકાકૃષ્ણાષ્ટક

નવીનજીમૂત સમાનવર્ણં, રત્નોલ્લસત્કુંડલ શોભિકર્ણમ્;
મહાકિરીટાગ્રમયૂરપર્ણમ્, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ...૦૧

નિધાયપાણિદ્વિતયેન વેણું, નિજાધરે શેખરયાતરેણુમ્;
નિનાદયન્તં ચ ગતૌ કરેણું, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ...૦૨

વિશુદ્ધહેમોજ્જવલ પિતવસ્ત્રં, હતારિયુથં ચ વિનાપિ શસ્ત્રમ્;
વ્યર્થીકૃતાનેકસુરદ્વિડસ્ત્રં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ...૦૩

અધર્મતિષ્યાર્દિતસાધુપાલં, સદ્ધર્મવૈરાસુરસંઘકાલમ્;
પુષ્પાદિમાલં વ્રજરાજબાલં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ...૦૪

ગોપીપ્રિયારંભિતરાસખેલં, રાસેશ્વરીરંજનકૃત્પ્રહેલમ્;
સ્કન્ધોલ્લસત્કુંકુમચિન્હચેલં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ...૦૫

વૃંદાવને પ્રીતતયા વસન્તં, નિજાશ્રિતાનાપદઉદ્ધરન્તમ્;
ગોગોપગોપીરભિનંદયન્તં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ...૦૬

વિશ્વદ્વિષન્મન્મથદર્પહારં, સંસારિજીવાશ્રયણીયસારમ્;
સદૈવસત્પુરૂષસૌખ્યકારં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ...૦૭

આનન્દિતાત્મવ્રજવાસિતોકં, નન્દાદિસંદર્શિતદિવ્યલોકમ્;
વિનાશિતસ્વાશ્રિતજીવશોકં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ...૦૮

## પ્રાર્થના

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.
માહાત્મ્યજ્ઞાનયુત ભક્તિ તવ, એકાંતિક સુખધામ ॥૧॥
મોહિમે તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર
દોષ ન રહે કોઈ જાત કો, સુનિયો ધર્મકુમાર ॥૨॥
તુમારો તવ હરિભક્તકો, દ્રોહ કબુ નહિ હોય;
એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય ॥૩॥
નાથ નિરંતર દર્શ તવ, તવ દાસનકો દાસ;
એહિ માગું કરી વિનય હરી, સદા રાખિયે પાસ ॥૪॥
હે કૃપાલો ! હે ભક્તપતે ! ભક્તવત્સલ સુનો બાત;
દયાસિન્ધો ! સ્તવન કરી, માગું વસ્તુ સાત ॥૫॥

સહજાનંદ મહારાજકે, સબ સત્સંગી સુજાણ;
તાકુ હોય દ્રઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ ॥૬॥
સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય;
તાકી વિક્તિ કહત હું, સુનીયો સબ ચિત્ત પ્રોય ॥૭॥
હિંસા ન કરની જંતકી, પરત્રિયા સંગકો ત્યાગ;
માંસ ન ખાવત મદ્યકું, પીવત નહિ બડ ભાગ ॥૮॥
વિધવાકું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત;
ચોરી ન કરની કાહુંકી, કલંક ન કોઈકું લગાત ॥૯॥
નિંદત નહિ કોઈ દેવકુ, બિન ખપતો નહિ ખાત;
વિમુખ જીવકે વદનસેં, કથા સુની નહિ જાત ॥૧૦॥
એહી ધર્મ કે નિયમમેં, વરતો સબ હરિદાસ;
ભજો શ્રી સહજાનંદપદ, છોડી ઓર સબ આશ ॥૧૧॥
રહી એકાદશ નિયમમેં, કરો શ્રી હરિપદ પ્રીત;
પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિઃશંક જગજીત ॥૧૨॥

## "જય ધ્વની"

શ્રી સહજાનંદસ્વામી મહારાજની જય

શ્રી લક્ષ્મીનારાયણ દેવની જય

શ્રી ધર્મભક્તિ વાસુદેવની જય

શ્રી હરિકૃષ્ણ મહારાજની જય

શ્રી રણછોડરાયની જય

શ્રી  વૃંદાવન વિહારીલાલની જય

શ્રી ગોપીનાથજી મહારાજની જય

શ્રી ઘનશ્યામ મહારાજની જય

શ્રી નરનારાયણ દેવની જય

શ્રી વિઘ્નવિનાયક દેવની જય

શ્રી કષ્ટભંજન દેવની જય

શ્રી પાંચસો પરમહંસની જય''

## સ્તુતિ

વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા
દાતા તમે સકલ મંગલ શાંતિદાતા,
માટે તમારૂં કરુણાનીધિ સત્ય નામ,
સાષ્ટાંગ નાથ તમને કરૂં હુ પ્રણામ ૦૧
અજ્ઞાનપાશ કરૂણા કરી કાપી નાખો,
નિત્યે પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો.
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વ યામ,
સાષ્ટાંગ નાથ તમને કરૂં હું પ્રણામ ૦૨

જે ઉત્પત્તિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,
જેના રોમ સુછિદ્રમાં અણું સમ બ્રહ્માંડ કોટી ફરે;
માયા કાળ રવિ શશી સુરગણો આજ્ઞા ન લોપે ક્ષણ,
એવા અક્ષરધામના અધિપતિ શ્રી સ્વામિનારાયણ...૩

આવી અક્ષરધામથી અવનીમાં જે દેહધારી થયા,
આપ્યાં સુખ અપાર ભક્તજનને દિલે ધરીને દયા;

કીધાં ચારુ ચરિત્ર ગાન કરવા જેણે કરુણા કરી,
વંદુ મંગલ મૂરતિ ઉર ધરી સર્વોપરી શ્રી હરિ...૪

જન્મ્યા કૌશલ દેશ વેશ બટુનો લૈ તીર્થમાંહી ફર્યા,
રામાનંદ મળ્યા સ્વધર્મ ચલવ્યો યજ્ઞાદિ મોટા કર્યા;
મોટાં ધામ રચ્યાં રહ્યા ગઢપુરે બે દેશ ગાદી કરી,
અન્તર્ધાન થયા લીલા હરિતણી સંક્ષેપમાં ઉચ્ચરી...૫

નિજાશ્રિતાનાં સકલાર્તિહન્તા, સધર્મભક્તેરવનં વિધાતા ।
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં, તનોતુ કૃષ્ણોડખિલમંગલં નઃ ॥૬॥

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બન્ધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવ દેવ ॥૭॥

કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા, બુદ્ધયાત્મનાવા પ્રકૃતેઃ સ્વભાવાત્ ।
કરોમિ યદ્યત્સકલં પરસ્મૈ, નારાયણાયેતિ સમર્પયામિ ॥૮॥

## પડવાથી પૂનમ સુધીના અષ્ટકો

### (૧) પ્રતિપદા

માનસ ! ચિન્તય ચારુચરિત્રમ્,
પ્રેમવતીવૃષપુત્રં પવિત્રં, માનસ૦ ॥ધ્રુવ૦॥
નૂતનમુદિરદયિતમંજુકાયે ।
ચન્દ્રવિશદવસનાનિ ધરન્તં, માનસ૦ ॥૧॥
કેસરતિલકલલિતનિજભાલે ।
કુંકુમચન્દ્રકધરમભિરામં માનસ૦ ॥૨॥
બિન્દુપરિષ્કૃતશુભશ્રુતિયુગ્મે ।
રત્નસુશોભિતકુંડલધારં, માનસ૦ ॥૩॥
અમ્બકમધુપલસિતલપનાબ્જે ।
કુન્દમુકુલસમહાસં દધાનં, માનસ૦ ॥૪॥
રેખાવિરાજિતવરકમ્બુકંઠે ।
પુરુવિધપુષ્પકનકમણિહારં, માનસ૦ ॥૫॥
વિષધરવિગ્રહકલ્પકરદ્વયે ।
પુષ્પરચિતવલયાંગદધારં, માનસ૦ ॥૬॥
હરિમદહરતનુમંજુલકટ્યામ્ ।
નંગખચિતચામીકરરસનાઢ્યં, માનસ૦ ॥૭॥

કરિકરકદલીકરભસમસક્થિમ્ ।
સુષમસુવૃત્તમુકુરરુપજાનું માનસ૦ ॥૮॥
નૂપુરનાદિતચરણમુદારમ્ ।
નિષ્કામાનન્દનિખિલતાપહારં માનસ૦ ॥૯॥

## (૨) દ્વિતીયા

તરુણંલોકય ચાતિકરુણમ્ ।
કૃષ્ણં પથિ હે સખીમમ્, રંજનમ્ ॥૧॥
આહ્વયમાનં કલરવગાનમ્ ।
વિધુમુખબાલાનન્દનમ્, તરુણં૦ ॥૨॥
વપુષિ નીલે ગજગતિલીલે ।
દધતં તુ કેસરચન્દનમ્, તરુણં૦ ॥૩॥
ચેતો હરન્તં સખિવિરહન્તમ્ ।
કુસુમહારમીશમંડનમ્, તરુણં૦ ॥૪॥
ચંચલદૃષ્ટિં કૃતલોકસૃષ્ટિમ્ ।
અજિતમદનમદગંજનમ્, તરુણં૦ ॥૫॥
સુમનોઽનુકૂલં મંગલમૂલમ્ ।
કુપથદેશિકમતખંડનમ્, તરુણં૦ ॥૬॥

ધૃતસિતવચનમ્ મુખમિતહસનમ્ ।
વિધિભવદેવકૃતવન્દનમ્, તરુણં૦ ॥૭॥
ઉપચિતસેવં કવિવાસુદેવમ્ ।
તં પાતિ કલિકાલકમ્પનમ્, તરુણં૦ ॥૮॥

## (૩) તૃતીયા

ભજ માનસ ત્વં શ્રીહરિં હરિકૃષ્ણં પુરાણમ્ ભજ૦ ॥ધ્રુવ॥
માયાપરે નિલયે નિવસન્તમ્ ।
મુનિજનમંડલમંડિતમ્, હરિ૦ ॥૧॥
નવઘનમેચકમંગદધાનમ્ ।
વામરિપુમદમારકમ્, હરિ૦ ॥૨॥
ભાસ્વદ્દ્યુતિવસનૈર્વિલસન્તમ્ ।
બહુવિધભૂષણભૂષિતમ્, હરિ૦ ॥૩॥
ભુવિશકુલાદ્યાકૃતિં વિદધાનમ્ ।
સ્વીયજનાનન્દદાયકમ્, હરિ૦ ॥૪॥
પ્રેમવતીવૃષલાલં વિશોકમ્ ।
દુર્ગપત્તનસંવાસિનમ્, હરિ૦ ॥૫॥
ઉન્મત્તગંગાજલે વિહરન્તમ્ ।
જ્ઞાનસુધાજનશંકરમ્ હરિ૦ ॥૬॥

બ્રહ્મપ્રિયં બ્રહ્મવ્રતધરવેષમ્ ।
બ્રહ્મવ્રતધરનાયકમ્ હરિ૦ ॥૭॥
હંસરુચિરગમનં કંજનેત્રમ્ ।
ધર્મવંશાવનકારકમ્ હરિ૦ ॥૮॥
નિષ્કામવર્ણિરચિતગીતગીતમ્ ।
નિષ્કામનરવ્રજશર્મદદમ્ હરિ૦ ॥૯॥

## (૪) ચતુર્થી

સુખદાયિનં મુનિગણસ્ય વિમલકમલાયતેક્ષણમ્ ।
કલાન્તકુસુમશરવીર્યબલં હરિકૃષ્ણમેવ શરણં વ્રજામ્યહમ્ ॥૧॥
પ્રિયકારિણં વૃષકુલસ્ય હસિતમધુરાનનામ્બુજમ્ ।
પૂર્ણવિભવનિજમુક્તપતિં હરિકૃષ્ણમેવ શરણં વ્રજામ્યહમ્ ॥૨॥
વિધૃતોપવીતમતિરમ્યસજલજલદાસિતપ્રભમ્ ।
સાન્દ્રવિશદવસનં સુખદં હરિકૃષ્ણમેવ શરણં વ્રજામ્યહમ્ ॥૩॥
સ્થલજાવતંસરમણીયકુટિલતનુનીલમૂર્ધજમ્ ।
પાપશમનવચનાચરિતં હરિકૃષ્ણમેવ શરણં વ્રજામ્યહમ્ ॥૪॥
સુરભિપ્રસૂનશુભહારપુરટમયનૂ પુરાઙ્ગદમ્ ।
દિવ્યવિપુલહૃદયં રુચિરં હરિકૃષ્ણમેવ શરણં વ્રજામ્યહમ્ ॥૫॥

સ્મૃતિસત્યશૌચદમદાનવિનયવયુનાદિભિઃ સદા ।
યુક્તમગણિતગુણૈઃ પરમૈર્હરિકૃષ્ણમેવ શરણં વ્રજામ્યહમ્ ॥૬॥
ધૃતહેમકુણ્ડલકિરીટવલયરશનાવિરાજિતમ્ ।
શેષનિગમપરિગીતગુણં હરિકૃષ્ણમેવ શરણં વ્રજામ્યહમ્ ॥૭॥
સિતમલ્લિકાકુસુમકાન્તિલલિતદશનારુણાધરમ્ ।
વન્દનમતિવરમાદધતં હરિકૃષ્ણમેવ શરણં વ્રજામ્યહમ્ ॥૮॥

## (૫) પંચમી

હર હર ગોપીનાથ ! મમ કષ્ટમ્ ॥હર૦॥ ધ્રુવપદમ્ ॥
સુરનરમુનિવર જલધરસુન્દર । મારમહામદમાર મમ૦ ॥૧॥
રાજીવલોચન પાપવિમોચન । દુર્ગપુરીસુવિહાર મમ૦ ॥૨॥
હાટકભૂષણ હતજનદૂષણ । દિવ્યગુણાલયસાર મમ૦ ॥૩॥
વૃષકુલનાયક સુરસુખદાયક । કુન્દકુસુમ શુભહાર મમ૦ ॥૪॥
મંગલકારણ ગતિજિતવારણ । પ્રેમવતીસુકુમાર મમ૦ ॥૫॥
માનસમોદન દિતિસુતરોદન । ભૂમિનિવારિતભાર મમ૦ ॥૬॥
વિશ્વવિભાવન દુર્મતિપાવન । કાલદવાનલહાર મમ૦ ॥૭॥
સુરકુલરંજન નિત્યનિરંજન । ભાનુસુતાવિતનાર મમ૦ ॥૮॥
બ્રહ્મપુરાસન જનહિતશાસન । નિષ્કામાનન્દનિધાન મમ૦ ॥૯॥

## (૬) ષષ્ઠી

ભવસંભવભીતિભેદનં સુખસંપત્કરુણાનિકેતનમ્ ।
વ્રતદાનતપઃક્રિયાફલં સહજાનંદ ગુરું ભજે સદા ॥૧॥
કરુણામય ચારુ લોચનં શરણાયાતજનાર્તિ મોચનમ્ ।
પતિતોદ્ધરણાય તત્પરં સહજાનંદગુરું ભજે સદા ॥૨॥
નિજ તત્ત્વ પથાવબોધનં જનતાયાઃ સ્વત એવ દુર્ગમમ્ ।
ઈતિ ચિન્ત્ય ગૃહીતવિગ્રહં સહજાનંદગુરું ભજે સદા ॥૩॥
વિધિ શંભુ મુખૈરનિગ્રહં ભવપાથોધિ પરિભ્રમાકુલમ્ ।
અપિધાર્ય મનો નરપ્રભં સહજાનંદગુરું ભજે સદા ॥૪॥
નિજ પાદપયોજ કીર્તનં સતતં સ્યાદ્ ભવ જીવ ગોચરમ્ ।
ઈતિ યઃ કુરુતે ક્રતૂત્સવં સહજાનંદગુરું ભજે સદા ॥૫॥
બહિરીક્ષણ લોક માનુષં નિજ દત્તામ્બક દર્શિનાં હરિમ્ ।
ભજનીયપદં જગદ્ગુરું સહજાનંદગુરું ભજે સદા ॥૬॥
શરણાગત પાપ પર્વતં ગણયિત્વા ન તદીય સદ્ગુણમ્ ।
અણુમપ્યતુલં હિ મન્યતે સહજાનંદગુરું ભજે સદા ॥૭॥
ભવ વારિધિ મોક્ષ સાધનં ગુરુરાજ પ્રકટ સ્વસંગમમ્ ।
પ્રકટી કૃતવાન્ કૃપાવશઃ સહજાનંદગુરું ભજે સદા ॥૮॥

ભગવન્ કૃપયા ત્વયા કૃતં જનતાયામુપકારમીદશમ્ ।
ક્ષમતે પ્રતિકર્તુ મત્ર કઃ કુરુતે દીનજન સ્તતોંજલિમ્ ॥૯॥

## (૭) સપ્તમી

શ્રીવાસુદેવ વિમલામૃત ધામ વાસં,
નારાયણં નરકતારણ નામધેયમ્ ।
શ્યામં સિતં દ્વિભુજમેવ ચતુર્ભુજં ચ,
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૧॥
શિક્ષાર્થમત્ર નિજભક્તિમતાં નરાણામ્
મેકાન્તધર્મમખિલં પરિશીલયન્તમ્ ।
અષ્ટાંગયોગકલનાશ્ચ મહાવ્રતાનિ,
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૨॥
શ્વાસેન સાકમનુલોમવિલોમવૃત્ત્યા,
સ્વાન્તર્બહિશ્ચ ભગવત્યુરુધા નિજસ્ય ।
પૂરે ગતાગત જલામ્બુધિનોપમેયં,
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૩॥
બાહ્યાન્તરિન્દ્રિયગણ શ્વસનાધિદૈવ,
વૃત્યુદ્ભવસ્થિતિ લયાનપિ જાયમાનાન્ ।

સ્થિત્વા તતઃ સ્વમહસા પૃથગીક્ષમાણં,
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૪॥
માયામયાકૃતિ તમોઽશુભ વાસનાનાં,
કર્તું નિષેધમુરુધા ભગવત્સ્વરૂપે ।
નિર્બીજ સાંખ્યમતયોગ યુક્તિભાજં,
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૫॥
દિવ્યાકૃતિત્વસુમહસ્ત્વસુ વાસનાનામ્,
સમ્યગ્વિધિં પ્રથયિતું ચ પતૌ રમાયાઃ ।
સાલમ્બ સાંખ્યપથયોગ સુયુક્તિભાજં,
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૬॥
કામાર્ત્ત તસ્કર નટ વ્યસનિદ્વિષન્તઃ,
સ્વસ્વાર્થસિદ્ધિમિવ ચેતસિ નિત્યમેવ ।
નારાયણં પરમયૈવ મુદા સ્મરન્તં,
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૭॥
સાધ્વી ચકોર શલભાસ્તિમિકાલકંઠ,
કોકા નિજેષ્ટવિષયેષુ યથૈવ લગ્નં ।
મૂર્તૌ તથા ભગવતોઽત્ર મુદાતિલગ્નં,
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૮॥

સ્નેહાતુરસ્ત્વથ ભયાતુર આમયાવી,
યદ્વત્ક્ષુધાતુર જનશ્ચ વિહાય માનમ્ ।
દૈન્યં ભજેયુરિહ સત્સુ તથા ચરન્તં,
ત્વાં ભક્તિધર્મનયં શરણં પ્રપદ્યે ॥૯॥
ધર્મસ્થિતૈરૂપગતૈર્બૃહતા નિજૈક્યં,
સેવ્યો હરિઃ સિતમહઃસ્થિત દિવ્યમૂર્તિ- ।
શબ્દાદ્યરાગિભિરિતિ સ્વમતં વદન્તં,
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥૧૦॥
સદ્‌ગ્રંથ નિત્યપઠન શ્રવણાદિસક્તં,
બ્રાહ્મીંચ સત્સદસિ શાસતમત્ર વિદ્યાં ।
સંસારજાલ પતિતાખિલજીવ બન્ધો,
ત્વાં ભક્તિર્મતનયં શરણં પ્રપદ્યે ॥૧૧॥

## (૮) અષ્ટમી

મુક્તાનાં સદસિ સદા વિરાજમાનં
પૂર્ણેન્દુપ્રવરમુખાબ્જપત્રનેત્રમ્ ।
મન્દારસ્થલરુહકુંદસારહારં ધર્માઙ્ગપ્રભવમહં હરિં પ્રપદ્યે ॥૧॥
અમ્ભોજધ્વજકલશાંકુશોર્ધ્વરેખાગોપાદપ્રમુખસુલક્ષ્મપાદપદ્મમ્ ।
સામોદભ્રમરવિગુંજિતાવચૂલં ધર્માઙ્ગપ્રભવમહં હરિં પ્રપદ્યે ॥૨॥

ભક્તેભ્યો વિહિતસબીજસાંખ્યયોગં પ્રાવારપ્રચલિતકંચુકાભિરામમ્ ।
શ્રીખણ્ડપ્રવરતમાલપત્રમીશ ધર્માઙ્ગપ્રભવમહં હરિં પ્રપદ્યે ॥૩॥
વિદ્યોતન્મણિમયહેમકુણ્ડલશ્રીકર્ણાગ્રોત્તમકુસુમાવતંસરમ્યમ્ ।
શ્રીવત્સોલ્લસિતભુજાન્તરં સદીશં ધર્માઙ્ગપ્રભવમહં હરિં પ્રપદ્યે ॥૪॥
સંસારપ્રશમનકારણપ્રતાપં બિભ્રાણં સુરુચિરમૌક્તિકીં ચ માલામ્ ।
હસ્તાગ્રે સુલલિતમાલિકાં દધાનં ધર્માઙ્ગપ્રભવમહં હરિં પ્રપદ્યે ॥૫॥
શાન્તાનાં વિદલિતમાનમત્સરાણાં કામાદિપ્રબલવિપક્ષનિર્જયાનામ્ ।
સાધૂનામનિશમવેક્ષણીયરૂપં ધર્માઙ્ગપ્રભવમહં હરિં પ્રપદ્યે ॥૬॥
વૈદાન્તૈરુદિતસુકીર્તિમાપ્તકામં જુષ્ટાઙ્ઘ્રિંવિજિતવિદૂષણૈર્મુનિન્દ્રૈઃ ।
બ્રહ્માણ્ડસ્થપતિસૂરેશ્વરૈકનાથં ધર્માઙ્ગપ્રભવમહં હરિં પ્રપદ્યે ॥૭॥
રમ્યાણાં વિમલસુવર્ણભૂષણાનાં શ્રીમત્તામવયવશોભયા દધાનમ્ ।
ધર્માન્તપ્રભવનવીનમેઘનીલં ધર્માઙ્ગપ્રભવમહં હરિં પ્રપદ્યે ॥૮॥

## (૯) નવમી

પ્રથમતઃ શકુલાકૃતિરાદધે શ્રુતિગણોદ્ધરણાય ધરાતલે ।
પટુતરાસુરસંઘવિનાશને ભુવિ ભજે હરિકૃષ્ણમહં હૃદિ ॥૧॥
સપદિ યેન નવાતિશિતૈર્નખેરસુરરાડ્દિતિજઃ પ્રતિચસ્કરે ।
તદુરસોઽતિવિધાય વિદારણં ભુવિ ભજે હરિકૃષ્ણ૦ ॥૨॥

અતુલમન્દરભૃત્કમઠાકૃતિસ્તિલમિવાથ દધે ધરણીતલમ્ ।
સગિરિ યેન લસદશનાંચલે ભુવિ ભજે હરિકૃષ્ણ૦ ॥૩॥
ત્રિપદમાત્રમિતક્ષિતિયાચનં છલતયા વરવામનરુપિણી ।
છલયિતું બલિમેવ તનૂર્ધૃતા ભુવિ ભજે હરિકૃષ્ણ૦ ॥૪॥
ધૃતશરાસનરાજકુલં કુલે ભુવિ ભૃગોરવતીર્ય સમૂલતઃ ।
પરશુભૃજ્વપુષા નિધનીકૃતં ભુવિ ભજે હરિકૃષ્ણ૦ ॥૫॥
ક્ષિતિસુતાપતિદાશરથિર્ભવન્ પૃથુતરં પ્રવિલંઘ્ય પયોનિધિમ્ ।
દશમુખં બિભિદે કિલ લીલયા ભુવિ ભજે હરિકૃષ્ણ૦ ॥૬॥
પ્રબલકંસકુલં બિભિદે ભૃશં ગિરિધરો વસુદેવસુતોઽથ યઃ ।
જનિતમાત્રજનાતિદયોદધિર્ભુવિ ભજે હરિકૃષ્ણ૦ ॥૭॥
અસુરસંઘવિમોહનકારકઃ સકરુણોઽથ કલેરવસાનકે ।
અખિલપાપિવિનાશિયશાશ્ચ યો ભુવિ ભજે હરિકૃષ્ણ૦ ॥૮॥

## (૧૦) દશમી

સુરરાજરાજ તવ દર્શનં વિના
ભગવન્નપિ ક્ષણલવો યુગાયતે ।
તપતાં મનીષિયતિનાં ચ દુર્લભં
હરિકૃષ્ણ કૃષ્ણ તવ દેહિ દર્શનમ્ ॥૧॥

કરુણાનિધે કુરુ કૃપાં સતાંપતે
ભવતો વિના શમપિ સંવિષાયતે ।
દહનાયતે નિશિ નિશાકરોડપિ મે
હરિકૃષ્ણ કૃષ્ણ તવ દેહિ દર્શનમ્ ॥૨॥
મમ માનસં તવ વિયોગપાવકઃ
પરિતાપયત્યપિ પરં રમાપતે ।
સુતરામસૌ દહતિ મે તનૂલતાં
હરિકૃષ્ણ કૃષ્ણ તવ દેહિ દર્શનમ્ ॥૩॥
પ્રિયનાથ નાથ તવ વીક્ષણં વિના
કમનીયરુપમપિ કુષ્ઠસન્નિભમ્ ।
રમણીયહર્મ્યમપિ કોટરાયતે
હરિકૃષ્ણ કૃષ્ણ તવ દેહિ દર્શનમ્ ॥૪॥
ભવદીયવીક્ષણમૃતે દયાનિધે
મરણાયતે જગતિ જીવનં મમ ।
શ્રવણીયગીતમપિ મે શરાયતે
હરિકૃષ્ણ કૃષ્ણ તવ દેહિ દર્શનમ્ ॥૫॥

અમૃતાદપૂર્વમપિ ચાધિકં હરે
ચરિતં ત્વદીયમતિશાન્તિદં સદા ।
ન તથાપિ મે ભવતિ શાન્તયે ભૃશં
હરિકૃષ્ણ કૃષ્ણ તવ દેહિ દર્શનમ્ ॥૬॥

જગતામધીશ મમ દર્શિતં પુરા ચરિતં
ત્વયા ત્રિજગતાં ચ પાવનમ્ ।
હૃદિ મે યદા સ્મરતિ તન્ન શાન્તયે
હરિકૃષ્ણ કૃષ્ણ તવ દેહિ દર્શનમ્ ॥૭॥

વિધિશમ્ભુશેષમુનિભિશ્ચ ગીયતે
ચરિતં શુભં તદપિ દર્શનાયતે ।
તવ તે ભજન્તિ સુતનું સુમંગલાં
હરિકૃષ્ણ કૃષ્ણ તવ દેહિ દર્શનમ્ ॥૮॥

ઇતિ કૃષ્ણવિયોગિનાऽનિશં
ભજતા પ્રેમજનેન ભાષિતમ્ ।
વિરહાષ્ટકમાદરાદિદં
પઠતામાશુ તનોતુ મંગલમ્ ॥૯॥

## (૧૧) એકાદશી

અથૈકદા દિવ્યતપાસ્તપસ્તપંતપસ્વિનાં કૌતુકકારકર્મકઃ ।
યથેષ્ટયોગાય વને વસન્વશી સ વર્ણિવેષોઽવતુ ધર્મનન્દનઃ ॥૧॥
નવીનનીલામ્બુદદિવ્યવિગ્રહો જિતેન્દ્રિયો યોગકલાસુકૌશલઃ ।
કૃશીકૃતાંગસ્તપસા તપોધનઃ સ વર્ણિવેષોઽવતુ૦ ॥૨॥
કટિતટેપિંગલવર્ણપેશલાં નવીનમૌંજીં દધદેવ મેખલામ્ ।
જટાં દધાનોઽથ શિરોરુહચ્છટાં સ વર્ણિવેષોઽવતુ૦ ॥૩॥
સિતોપવીતાંસતતોઽટવીરુચિરતીવ કૌપીનપટં દૃઢં દધત્ ।
વિરાજમાનો મૃગચારુચર્મણા સ વર્ણિવેષોઽવતુ૦ ॥૪॥
દધચ્ચ કણ્ઠે તનુતૌલસીં સ્રજં સનામપાણૌ જપમાલિકાં તથા ।
સચન્દ્રમધ્યોર્ધ્વતમાલપત્રકઃ સ વર્ણિવેષોઽવતુ૦ ॥૫॥
તનૂતરસ્કન્ધનિષક્તપુસ્તકો રતઃ સદા બાલમુકુન્દપૂજને ।
વનેચરૈઃ સિદ્ધગણૈસ્તુ સેવિતઃ સ વર્ણિવેષોઽવતુ૦ ॥૬॥
સસિંહશાર્દૂલવરાહવારણૈર્મહામૃગૈર્વ્યાલગણૈશ્ચ સંકુલે ।
વનેઽપિ ધીરો વિચરન્નભીતિકઃ સ વર્ણિવેષોઽવતુ૦ ॥૭॥
સદાત્મદર્શી ફલકન્દભોજનો વને નિવાસો યદિ દુઃખદઃ ખલુ ।
તથાપિ તત્રાપિ સુખો મહામતિઃ સ વર્ણિવેષોઽવતુ૦ ॥૮॥

## (૧૨) દ્વાદશી

વિહરતિ યોઽક્ષરેઽક્ષરપદાક્ષરમુક્તપતિઃ,
પુરુષવિધો વિધિં વિધિહરીશ્વરમુખ્યબુધાઃ,
શિરસિ વહન્તિ તે સમુદિતં કિલ યેન મુદા,
હૃદિ તમજં ભજે ભવહરં હરિકૃષ્ણમહમ્ ॥૧॥
પ્રકૃતિમયા ગુણા ન ચ ભવન્તિ હિ યત્ર હરૌ,
ઈતિ નિગમાગમા અપિ વદન્તિ ચ નિર્ગુણકમ્,
ઈતિ સગુણં ગુણૈરપિયુતં પરદિવ્યશુભૈર્હૃદિ તમજં૦ ॥૨॥
શમદમકૌશલસ્મૃતિતપોબલકાન્તિભગ
શ્રુતશુચિસત્યતાસ્વવશતાર્જવકીર્તિમુખાઃ
અપરિમિતા ગુણા ધ્રુવતયાત્ર વસન્તિ સદા હૃદિ૦ ॥૩॥
પ્રકૃતિપરાક્ષરે બૃહતિ ધામનિ મૂર્તિધર
ર્નિગમનિજાયુધૈશ્ચ નિજપાર્ષદમુખ્યગણૈઃ ઊરુ ય ઉપાસ્યતેઽપિ
રમયા રમણીયતનુહૃદિ તમજં૦ ॥૪॥
નિખિલભગૈશ્ચ યોઽક્ષરપદે દિવિ
દેવગણૈરખિલવિભૂતિભિર્વિભવભૂમિરુપાસ્યત યે,
રતિપતિદર્પહારમણરમ્યકરુપનિધિહૃદિ તમજં૦ ॥૫॥

વિજિતમનોભવા ભુવિ ભજન્તિ ચ યં સતતં
શમદમસાધનૈઃ પ્રશમિતેન્દ્રિયવાજિરયાઃ
પ્રકટિતમાનુષાકૃતિમિમે મુનિદેવગણા હૃદિ તમજં૦ ॥૬॥
દ્વિજવૃષસાધુગોમુનિગણાનવિતું ભુવિ યો
વૃષભવને વૃષાદ્ધૃતજનિર્જનકો જગતામ્,
પ્રકૃતિભુવામપિ પ્રશમિતું યદધર્મકુલં હૃદિ તમજં૦ ॥૭॥
ઋષિભિરભિષ્ટુતો નૃપગણૈર્નતપાદતલઃ
શ્રુતિશિરસાં ગણૈરુદિતસૂજ્જવલકીર્તિરસૌ,
અતિકૃતિભિઃ પ્રગીત ઈતિ યઃ કવિકોકિલકૈર્હૃદિ૦ ॥૮॥

## (૧૩) ત્રયોદશી

હરિકૃષ્ણં માનસ ! લોકકમનીયમે ॥હરિ૦॥
ભજહરિમવિરતં ધાવતુ મા ॥હરિ૦॥ધ્રુવપદમ્॥
તતો વરેહ નિગમં કાયજલધૌ ।
તમાનિન્યે વિધાય તતો નમનીય મે ॥ભજ૦॥૧॥
તિષ્ઠતિ કમઠમયે ધરણીયં ।
યસ્ય પૃષ્ઠે ચપલભયશમનીય મે ॥ભજ૦॥૨॥
વરાહરુપધરોઽવનયે સા ।
દત્તા દૈત્યં જઘાન હિ નમનીય મે ॥ભજ૦॥૩॥

દતો નખૈર્હરિણા નરહરીણા ।
દિતિપુત્રો દ્વિરદ ઈવ ગમનીય મે ॥ભજ૦॥૪॥
વસુધાં દાપયિતું શચીપતયે ।
બલિં વિપ્રો યયાચ ફલજમનીય મે ॥ભજ૦॥૫॥
ક્ષત્રિયરુધિરજલે સ્નાપયન્તં ।
જામદગ્ન્યો જનતાપશમનીય મે ॥ભજ૦॥૬॥
રાવણનાશકરો ભુવિ રામો ।
યશઃ સેતું દધે હ ભવદમનીય મે ॥ભજ૦॥૭॥
બલબુધકલ્કિવપુષા યેન ચરિતં ।
કૃતં પરં પરં પુરુ શ્રયણીય મે ॥ભજ૦॥૮॥
વાસુદેવસ્ય ધવો હરિકૃષ્ણો ।
દશાકૃતિં દધાર બહુરમણીય મે ॥ભજ૦॥૯॥

## (૧૪) ચતુર્દશી

વરવર કરુણાસાગર કૃષ્ણ સતાં નાથ સમ્પત્તિકરણમ્ ।
જયજય ધાર્મિક નમામીહ સંકષ્ટહરણમ્ ॥ધ્રુવપદમ્॥
વરવર નરસખ ચન્દ્રાનન દેવાધિપ દૈત્યનાશનમ્ ।
વૃષસુત પરમદયાકર સાધો ખગપતિવાહનમ્ ॥ખગ॥
સતાંનાથ૦ ॥૧॥

વરવર જલધરકાયાભયરુપાકર લોકપાવનમ્ ।
જિતરુષતરણિકરોજ્જવલવાસો લઘુતરધાવનમ્ ।।લઘુ૦।।
સતાંનાથ૦ ।।૨।।
વરવર દીનદયાકર તપઃ પ્રિયાજિત કુસુમોત્તમહારમ્ ।
કિસલયમૃદુલમહાબલહસ્તં મહસિ મહાકારમ્ ।।મહ૦।।
સતાંનાથ૦ ।।૩।।
વરવર સરસિજલોચન પાપવિમોચન જનતાસુખકારમ્ ।
વિધિવિધિમહિતપદામ્બુજ દેવં ભવસાગરતારમ્ ।।ભવ૦।।
સતાંનાથ૦ ।।૪।।
વરવર સુચરિતપુણ્યવનભૂમિધૃતસુરુચિરનરદેહમ્ ।
અનલસ વરદ તમોહર તેજઃ સ્થિતરુચિમયગેહમ્ ।।સ્થિત૦।।
સતાંનાથ૦ ।।૫।।
વરવર નરમુનિસિદ્ધેશ્વરદેવાસુરસંસ્કૃતગુણગાનમ્ ।
સુનયનનિજનૃવિધાપિતયોષાતનુપશુકુણમાનમ્ ।।તનુ૦।।
સતાંનાથ૦ ।।૬।।
વરવર લોકવિભૂષણ વૃષકુલભૂષણ ભક્તારિમરણમ્ ।
બહુદયહૃદયકજેશ્વરમાત્મન્નશરણજનશરણમ્ ।। ન શર૦।।
સતાંનાથ૦ ।।૭।।

વરવર પરમતખંડન દક્ષનિરંજન નિગમાગમગીતમ્ ।
ઘનરવનિનદમનોહર નિત્યં પુરુહરિરસપીતમ્ ।।પુરુ૦।।
સતાંનાથ ।।૮।।
વરવર શુભમિદમેવં કિલ વાસુદેવવર્ણિવિરચિતમ્ ।
પરતર હરતુ તમઃ સ્તવનં તત્ કવિજનસમ્ભણિતમ્ ।।કવિ૦।।
સતાંનાથ૦ ।।૯।।

## (૧૫) પૂર્ણિમા

અથ મનસિ શનૈઃ સ્થિરત્વમાપ્તે ભગવતિ માનુષમૂર્તિવાસુદેવે ।
નિજહૃદિ પૃથગેકમેકમંગં ચરણતલાદિ વિચિન્ત્યમસ્ય પુંસા ।।૧।।
નિજહૃદિ દૃશિ ગોચરે તદીયે હ્યવયવ એકક એકકે પૃથક ચ ।
ચપલમપિ મનઃ સ્થિરં વિધેયં વ્રજતિ લયં ખલુ તેન તન્મલૌઘઃ ।।૨।।
ધ્વજકમલયવાંકુશોર્ધ્વરેખાપ્રમુખસુલક્ષણ લક્ષિતે ચ રમ્યે ।
અતિશયમૃદુલે ચ યાવકાભે ચરણતલે મનસાસ્ય ચિન્તનીયે ।।૩।।
અરુણનખશશાંકરાજિકાન્ત્યા હૃતનિજચિન્તકહૃત્તમોંઘ્રિયુગ્મમ્ ।
ક્રમલઘુસમકોમલાંગુલીભિર્હૃતનવપલ્લવકાન્તિ ચાસ્ય ચિન્ત્યમ્ ।।૪।।
નિજજનમનસઃ પ્રહર્ષણાર્થં પરિધૃતનૂપુરશિંજિતાતિરમ્યમ્ ।
સ્વગતનિજજનાક્ષિવૃત્તિચોરં ચરણયુગં હૃદિ ચિન્તનીયમસ્ય ।।૫।।

કિસલયમૃદુલે સુવૃત્તજંઘે ક્રમપૃથુલેઽથસુવર્તુલૌ ચ જાનુ ।
કરિકરસદૃશં સમં ચ પીનં નિજહૃદિ સક્થિયુગં ચ ચિન્ત્યમસ્ય ॥૬॥
મૃદુઘનસિતસૂક્ષ્મદીર્ઘવાસઃ પરિદધદુત્તમહૈમકાંચિનદ્ધમ્ ।
પૃથુલકટિયુગં ચ ચિન્તનીયં નિજહૃદયે ચિરમસ્ય ભક્તભર્તુઃ ॥૭॥
ઉદરમપિ લસદ્વલિત્રયાન્તર્ગતશુભસભ્રમનિમ્નનાભિકૂપમ્ ।
હૃદયમુરુસુગન્ધિપુષ્પહારં સમવિતતં હૃદિ ચિન્ત્યમસ્ય તુંગમ્ ॥૮॥
કનકકટક શ્રૃંખલોર્મિકાભિર્લસદરુણાબ્જનિભં કરદ્વયં ચ ।
દૃઢતરમતિરમ્યબાહુયુગ્મં નિજહૃદયેઽસ્ય વિચિન્ત્યમંગદાર્ઢ્યમ્ ॥૯॥
વિવિધમણિવિશુદ્ધહેમસૂત્રગ્રથિતસુમૌક્તિકહારહારિકંઠઃ ।
વિગતશશકલંકઆસ્યચન્દ્રઃ સ્થિરમનસાસ્ય ચિરં ચ ચિન્તનીયઃ ॥૧૦॥
મિતહસિતવિસર્પિદન્તકાન્તિપ્રથનસમુજ્જવલગણ્ડયુગ્મમસ્ય ।
નવનલિનદલાયતં વિચિન્ત્યં નિજહૃદિ ચંચલલોચનદ્વયં ચ ॥૧૧॥
શ્રવણયુગલમસ્ય કુણ્ડલશ્રીબહુવિધપુષ્પમયાવતંસરમ્યમ્ ।
તરદલઘુવિશાલભાલરાજત્સતિલકકુંકુમચન્દ્રકશ્ચ ચિન્ત્યઃ ॥૧૨॥
અસિતતિલકલક્ષ્મ દક્ષગણ્ડે તિલકુસુમોત્તમનાસિકાન્તિકેઽસ્તિ ।
વિલસદસિતબિન્દુરસ્યવામે શ્રવણપુટે ભવતીતિ ચિન્તનીયઃ ॥૧૩॥
વિવિધકુસુમશેખરાલિરાજત્પટમુકુટં ચ શિરોઽસ્ય ચિન્તયિત્વા ।
વદનકમલમેવ ચિન્તકેન સ્મિતમધુરં ચિરકાલમસ્ય ચિન્ત્યમ્ ॥૧૪॥

## પ્રાતઃ પ્રાર્થના

મહા બળવંત માયા તમારી, જેણે આવરિયા નરનારી ।
એવું વરદાન દિજીયે આપે, એહ માયા અમને ન વ્યાપે ॥
વળી તમારે વિષે જીવન, નાવે મનુષ્યબુદ્ધિ કોઈ દન ।
જે જે લીલા કરો તમે લાલ, તેને સમજું અલૌકિક ખ્યાલ ॥
સતસંગી જે તમારા કહાવે, તેનો કેદિ અભાવ ન આવે ।
દેશકાળને ક્રિયાયે કરી, કેદિ તમને ન ભુલીયે હરિ ॥
કામ ક્રોધને લોભ કુમતી, મોહ વ્યાપીને ન ફરે મતિ ।
તમને ભજતા આડું જે પડે, માંગીયે એ અમને ન નડે ॥
એટલું માંગિયે છૈયે અમે, દેજ્યો દયા કરી હરિ તમે ।
વળી ન માંગીયે અમે જેહ, તમે સુણી લેજ્યો હરિ તેહ ॥
કેદિ દેશોમાં દેહાભિમાન, જેણે કરી વિસરો ભગવાન ।
કેદિ કુસંગનો સંગમા દેજ્યો, અધર્મ થકી ઉગારી લેજ્યો ॥
કેદિ દેશોમાં સંસારી સુખ, દેશોમાં પ્રભુ વાસ વિમુખ ।
દેશોમાં પ્રભુ જકત મોટાઈ, મદ મત્સર ઈર્ષા કાંઈ ॥

દેશોમાં દેહસુખ સંયોગ, દેશોમાં હરિજનનો વિયોગ ।
દેશોમાં હરિજનનો અભાવ, દેશોમાં અહંકારી સ્વભાવ ॥
દેશોમાં સંગ નાસ્તિકનો રાય, મેલી તમને જે કર્મને ગાય ।
એ આદિ નથી માંગતા અમે, દેશોમાં દયા કરિને તમે ॥

(ભ.ચિં. પ્રકરણ-૬૪)

**નોંધ** :- નીચેના બંને પદ નિત્યગાવાની આજ્ઞા શ્રીજીમહારાજે વડતાલના ૧૧માં વચનામૃતમાં આપી છે.

## રાગ : મલાર - પદ-૧

મારા વાલાજી શું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ... ટેક૦
સન્મુખ જાતા શંકા ન કીજે, મર ભાલા તણા મે વરસે રે;
હંસ જઈ હરિજનને રે મળશે, કાચી તે કાયા પડશે રે.. તેનો ૦૧
શૂળી ઉપર શયન કરાવે, તોયે સાધુને સંગે રહીએ રે;
દુરિજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે.. તેનો ૦૨

અમૃતપે અતિ મીઠાં મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે.. તેનો ૦૩
નરક કુંડથી નરસું લાગે, દુરિજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માંગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે.. તેનો ૦૪

## પદ-૨

મારા હરજી શું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;
તેને સંગે શીદ રહીએ રે..ટેક૦
હેત વિના હુંકારો ન દેવો, જેનું હરખે શું હૈડું ન હીસે રે;
આગળ જઈને વાત વિસ્તારે, જેની આંખ્યુંમાં પ્રેમ ન દીસે રે.. તેને ૦૧
ભક્તિ ભાવનો ભેદ ન જાણે, ભૂરાયો થઈને ભાળે રે;
લલિત લીલાને રંગે ન રાચે, પછી ઉલેચી અંધારૂં ટાળે રે.. તેને ૦૨
નામ તણો વિશ્વાસ ન આવે, ઉંડું તે ઉંડુ શોધે રે;
જાહ્નવી તીરે તરંગ તજીને, પછી તટમાં જઈને કૂપ ખોદે રે.. તેને ૦૩
પોતાના સરખી કરીને જાણે, પુરૂષોત્તમની કાયા રે;
નરસૈયાના સ્વામીની લીલા, ઓલ્યા મતિયાં કહે છે માયા રે.. તેને ૦૪

## શ્રી ગણપતિજીની આરતી

જય મંગલકારી, જય મંગલકારી;
આરતી પ્રેમે ઉતારૂં (૨) ગણપતિ ભયહારી...જય૦ ૧ ટેક
વંદિત ચરણ સુરાસુર, ત્રિભુવન વિખ્યાતા (૨)
કામરિપુ સુત સુંદર (૨) મનવાંછિત દાતા... જય૦ ૧
ગૌરવરણ ગિરિજાસુત, સુંદર ગજવદના, (૨)
શોભિત શશિવર ભાલે (૨) જય જય સુખસદના... જય૦ ૨
એકદંત અઘમોચન ઉંદર અસવારી (૨)
લંબોદર ગણનાયક (૨) વરદાયક ભારી... જય૦ ૩
સુંદર ઉરગ વિભૂષણ, ભૂષિત સુખરાશી, (૨)
પ્રેમાનંદ બલિહારી (૨) શિવસુત અવિનાશી... જય૦ ૪

## શ્રીગણપતિસ્તોત્રમ્ । (વસંતતિલકાવૃતમ્)

વિઘ્નેશ ! વિઘ્નચયખંડનનામધેય ! શ્રીશંકરાત્મજ !
સુરાધિપવન્દ્યપાદ ! દુર્ગામહાવ્રતફલાખિલમઙ્ગલાત્મન્ !
વિઘ્નં મમાપહર સિદ્ધિ વિનાયક ! ત્વમ્ ॥૧॥

સત્પદ્મરાગમણિવર્ણશરીરકાન્તિઃ શ્રીસિદ્ધિબુદ્ધિપરિચર્ચિત-
કુઙ્કુમશ્રીઃ દક્ષસ્તને વલયિતાતિમનોજ્ઞશુણ્ડો વિઘ્નં૦ ॥૨॥
પાશાંકુશાબ્જપરશૂંશ્ચદધચ્ચતુર્ભિર્દોર્ભિશ્ચ શોણકુસુમસ્ત્ર -
ગુમાઙ્ગજાતઃ સિન્દૂરશોભિતલલાટવિધુપ્રકાશો વિઘ્નં૦ ॥૩॥
કાર્યેષુ વિઘ્નચયભીતવિરંચિમુખ્યૈઃ સમ્પૂજિતઃ સુરવરૈરપિ
મોદકાદ્યૈઃ । સર્વેષુ ચ પ્રથમમેવ સુરેષુ પૂજ્યો વિઘ્નં૦ ॥૪॥
શીઘ્રાંચનસ્ખલનચંચુરવોર્ધ્વકંઠસ્થૂલોન્દુરુદ્રગણહાસિત
દેવસંઘ । શૂર્પશ્રુતિશ્ચ પૃથુવર્તુલતુઙ્ગતુન્દો વિઘ્નં૦ ॥૫॥
યજ્ઞોપવીતપદલમ્ભિતનાગરાજો માસાદિપુણ્યદદશીકૃત ઋક્ષ
રાજઃ । ભક્તાભયપ્રદ ! દયાલય ! વિઘ્નરાજો વિઘ્નં૦ ॥૬॥
સદ્રત્નસારતતિરાજિતસત્કિરીટઃ કૌસુમ્ભચારુવસનદ્વય
ઉર્જિતશ્રીઃ । સર્વત્ર મઙ્ગલકરસ્મરણ પ્રતાપો વિઘ્નં૦ ॥૭॥
દેવાન્તકાદ્યસુર ભીતિસુરાર્તિહર્તા વિજ્ઞાનબોધનવરેણ્ય તમો
પહર્તા । આનન્દિતત્રિભુવનેશ ! કુમારબન્ધો ! વિઘ્નં૦ ॥૮॥

**ઇતિ શ્રી શતાનન્દમુનિવિરચિતં શ્રીગણપતિસ્તોત્રમ્ સમાપ્તમ્**

## હનુમાનજીની આરતી

જય કપિ બલવંતા, જય કપિ બલવંતા,
સુરનર મુનિજન વંદિત, પદરજ હનુમંતા... જય૦ ૧
પ્રૌઢ પ્રતાપ પવન સુત, ત્રિભુવન જયકારી;
અસુર રિપુ મદ ગંજન, ભય સંકટ હારી... જય૦ ૨
ભૂત પિશાચ વિકટ ગ્રહ, પીડત નહિ જંપે;
હનુમંત હાક સુણીને , થર થર થર કંપે... જય૦ ૩
રઘુવીર સહાય ઓળંગ્યો, સાગર અતિ ભારી;
સીતા શોધ લે આયે, કપિ લંકા જારી... જય૦ ૪
રામ ચરણ રતિ દાયક, શરણાગત ત્રાતા;
પ્રેમાનંદ કહે હનુમંત, વાંછિત ફળદાતા... જય૦ ૫

## શ્રી હનુમાનસ્તોત્રમ્

નીતિપ્રવીણ ! નિગમાગમશાસ્ત્રબુદ્ધે ! રાજાધિરાજરઘુનાયક મન્ત્રિવર્ય !
સિન્દુરચર્ચિતકલેવર નૈષ્ઠિકેન્દ્ર શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ॥૧॥
સીતાનિમિત્તજરઘૂત્તમભૂરિકષ્ટ પ્રોત્સારણૈકકસહાય હતાસ્ત્રપૌઘ !
નિર્દગ્ધયાતુપતિહાટકરાજધાને ! શ્રી રામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ॥૨॥
દુર્વાર્યરાવણ વિસર્જિત શક્તિઘાત કંઠાસુલક્ષ્મણ સુખાહૃતજીવવલ્લે !
દ્રોણાચલાનયનનન્દિતરામપક્ષ ! શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ॥૩॥
રામાગમોક્તિતરિતારિતબંધ્વયોગદુ:ખાબ્ધિમગ્નભરતાર્પિતપારિબર્હ !
રામાંઘ્રિપદ્મમધુપી ભવદન્તરાત્મન્ ! શ્રી રામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ॥૪॥
વાતાત્મકેસરિમહાકપિરાટ્તદીય ભાર્યાજંનીપુરુતપ:ફલપુત્રભાવ !
તાર્ક્ષ્યોપમોચિતવપુર્બલતીવ્રવેગ ! શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ॥૫॥
નાનાભિચારિકવિસૃષ્ટસવીર કૃત્યા વિદ્રાવણારુણ સમીક્ષણદુ:પ્રધર્ષ્ય !
રોગઘ્નસત્સુતદવિત્તદમન્ત્રજાપ ! શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ॥૬॥
યન્નામધેયપદકશ્રુતિમાત્રતોપિ યે બ્રહ્મરાક્ષસપિશાચગણાશ્ચભૂતા !
તે મારિકાશ્ચસભયં હ્યપયાન્તિ સ ત્વં ! શ્રી રામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ॥૭॥
ત્વં ભક્તમાનસમીપ્સિતપૂર્તિશક્તો દીનસ્ય દુર્મદસપત્નભયાર્તિભાજ: !
ઈષ્ટં મમાપિ પરિપૂરય પૂર્ણકામ ! શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ॥૮॥

**ઈતિ શ્રીશતાનંદમુનિ વિચરિતં શ્રી હનુમત્સ્તોત્રમ્ સમાપ્તમ્**

## રાગ : ધોળ

સર્વે સખી જીવન જોવાને ચાલો રે,
શેરડિયુંમા આવે લટકંતો લાલો રે૦૧
એની શોભા મુખે વર્ણવી ન જાય રે,
જેને નિગમ નેતિ નેતિ કરી ગાય રે૦૨
રોઝે ઘોડે રાજેશ્વર બિરાજે રે,
છબી જોઈ કોટિક કંદર્પ લાજે રે૦૩
મળ્યાં આવે મહામુનિનાં વૃન્દ રે,
તેમાં શોભે તારે વીંટયો જેમ ચંદ્ર રે૦૪
શુક સનકાદિક ઉત્તમ જશ ગાવે રે,
નૃત્ય કરી નારદ વીણા બજાવે રે૦૫
નિજ સખા ચમર કરે લઈ હાથ રે,
આ જો આવ્યા ભૂમાનંદના નાથ રે૦૬

## ઓરડા (રાગ : ગરબી) પદ-૧

આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવિયા રે, સુંદર છોગાવાળો છેલ. ૧

નિરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ,
શોભા શી કહું રે, નિરખી લાજે કોટિક કામ. ૨
ગુંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર,
લઈને વારણાં રે, ચરણે લાગી વારમવાર. ૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળીઓ કરી પ્યાર,
પૂછ્યા પ્રીતશું રે, બાઈ મેં સર્વે સમાચાર. ૪
કહોને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર,
સુંદર શોભતા રે, અંગે સજીયા છે શણગાર. ૫
પહેરી પ્રીતશું રે, સુરંગી સુથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૬
ઉપર ઓઢીયો રે, ગુઢો રેટો જોયા લાગ,
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેના ભાગ્ય. ૭
મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમૂલ્ય,
કોટિક રવિ શશી રે, તે તો નાવે તેને તુલ્ય. ૮
રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નિરખી થયો નિહાલ. ૯

## પદ-૨

સજની સાંભળો રે, શોભા વર્ણવુ તેની તેહ;
મૂર્તિ સંભારતા રે, મુજને ઉપજ્યો અતિ સ્નેહ. ૧
પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નિરખિયા રે, તેવા વર્ણવું કરીને પ્યાર. ૨
બરાસ કપુરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર. ૩
બાજુ બેરખા રે, બાંયે કપુરના શોભિત;
કડાં કપુરનાં રે, જોતાં ચોરે સહુનાં ચિત્ત. ૪
સર્વે અંગમાં રે, ઉઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તાને રે, હસતાં કમળ નયનની કોર. ૫
હસતા હેતમાં રે, સહુને દેતા સુખ આનંદ;
રસરૂપ મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરૂણાકંદ. ૬
અદ્‌ભુત ઉપમા રે, કહેતાં શેષ ન પામે પાર;
ધરીને મૂર્તિ રે, જાણે આવ્યો રસ શૃંગાર. ૭
વાલપ વેણમાં રે, નેણાં કરૂણામાં ભરપૂર;
અંગોઅંગમાં રે, જાણે ઉગિયા અગણિત સૂર. ૮

કરતા વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદના રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૯

## પદ-૩

બોલ્યા શ્રી હરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વાર્તા રે, સૌને સંભળાવ્યાનું છે મન. ૧
મારી મૂર્તિ રે, મારા લોક ભોગને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત. ૨
મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ. ૩
અતિ તેજોમય રે, રવિ શશી કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય. ૪
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર. ૫
જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન. ૬
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય. ૭

એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી;
મેં તો તમ આંગળે રે, વાર્તા સત્ય કહી છે મારી. ૮
હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વ્હાલો વરસ્યા અમૃત મેહ. ૯

## પદ-૪

વળી સૌ સાંભળો રે, મારી વાર્તા પરમ અનુપ;
પરમ સિદ્ધાંત છે રે, સહુને હિતકારી સુખરૂપ. ૧
સહુ હરિભક્તને રે, જાવું હોય મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ. ૨
સહુ હરિભક્તને રે, રહેવું હોય મારે પાસ,
તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ. ૩
મુજ વિના જાણજો રે, બીજા માયિક સહુ આકાર;
પ્રીતિ તોડજો રે, જુઠાં જાણી કુટુંબ પરિવાર. ૪
સહુ તમે પાળજો રે, સર્વે દૃઢ કરી મારાં નિયમ;
તમ પર રીઝશે રે, ધર્મને ભક્તિ કરશે ક્ષેમ. ૫
સંત હરિભક્તને રે, દીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતા શોભે નટવર વેશ. ૬

નિજ જન ઉપરે રે, અમૃત વરસ્યા આનંદ કંદ;
જેમ સહુ ઔષધી રે, પ્રીતે પોષે પૂરણચંદ. ૭
શોભે સંતમાં રે, જેમ કાંઈ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વર ઉદય થયા રે, કળીમાં કરવા જનના કાજ. ૮
એ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર. ૯

## (સ્વાભાવિક ચેષ્ટા) રાગ : ગરબી-પદ-૧

પ્રથમ શ્રી હરિને રે, ચરણે શીશ નમાવું
નૌતમ લીલા રે નારાયણની ગાઉં.....૧
મોટા મુનિવર રે, એકાગ્ર કરી મનને,
જેને કાજે રે, સેવે જાય વનને.....૨
આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે,
જેની ચેષ્ટા રે, સ્નેહ કરી સંભારે.....૩
સહજ સ્વભાવિક રે, પ્રકૃતિ પુરુષોત્તમની
સૂણતા સજની રે, બીક મટાડે જમની.....૪

ગાઉં હેતે રે, હરિના ચરિત્ર સંભારી,
પાવન કરજો રે, પ્રભુજી બુદ્ધિ મારી.....૫
સહજ સ્વભાવે રે, બેઠા હોય હરિ જ્યારે,
તુલસીની માળા રે, કર લઈ ફેરવે ત્યારે.....૬
રમૂજ કરતાં રે, રાજીવનેણ રૂપાળા,
કોઈ હરિજનની રે, માગી લઈને માળા.....૭
બેવડી રાખી રે, બબે મણિકા જોડે,
ફેરવે તાણી રે, કંઈક માળા તોડે.....૮
વાતો કરે રે, રમુજ કરીને હસતા,
ભેળી કરી રે, માળા કરમાં ઘસતા.....૯
ક્યારેક મીંચી રે, નેત્રકમળને સ્વામી,
પ્રેમાનંદ કહે રે, ધ્યાન ધરે બહુનામી.....૧૦

## પદ-૨

સાંભળ સૈયર રે, લીલા નટનાગરની,
સુણતાં સુખડું રે આપે સુખસાગરની.....૧
નેત્રકમળને રે, રાખી ઉઘાડા ક્યારે;
ધ્યાન ધરીને રે, બેસે જીવન બા'રે.....૨

ક્યારેક ચમકી રે, ધ્યાન કરતાં જાગે;
જોતા જીવન રે, જન્મમરણ દુઃખ ભાગે.....૩
પોતા આગળ રે, સભા ભરાઈ બેસે;
સંત હરિજન રે, સામું જોઈ રહે છે.....૪
ધ્યાન ધરીને રે, બેઠા હોય હરિ પોતે;
સંત હરિજન રે, તૃપ્ત ન થાય જોતે.....૫
સાધુ કીર્તન રે, ગાય વજાડી વાજા;
તેમને જોઈને રે, મગન થાય મહારાજા.....૬
તેમની ભેળા રે, ચપટી વજાડી ગાય;
સંત હરિજન રે, નીરખી રાજી થાય.....૭
ક્યારેક સાધુ રે, ગાય વજાડી તાળી;
ભેળા ગાય રે, તાળી દઈ વનમાળી.....૮
આગળ સાધુ રે, કીર્તન ગાય જ્યારે;
પોતા આગળ રે, કથા વંચાય ત્યારે.....૯
પોતે વાર્તા રે, કરતા હોય બહુનામી;
ખસતા આવે રે પ્રેમાનંદના સ્વામી.....૧૦

## પદ-૩

મનુષ્યલીલા રે, કરતા મંગલકારી;
ભક્ત સભામાં રે બેઠા ભવભયહારી.....૧
જેને જોતા રે, જાયે જગ આસક્તિ
જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત જે ભક્તિ.....૨
તે સંબંધી રે, વાર્તા કરતાં ભારી,
હરિ સમજાવે રે, નિજજનને સુખકારી.....૩
યોગ ને સાંખ્ય રે, પંચરાત્ર વેદાંત,
એ શાસ્ત્રનો રે; રહસ્ય કહે કરી ખાંત.....૪
જ્યારે હરિજન રે, દેશદેશના આવે,
ઉત્સવ ઉપર રે, પૂજા બહુવિધ લાવે.....૫
જાણી પોતાના રે, સેવકજન અવિનાશી,
તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશી.....૬
ભક્ત પોતાના રે, તેને શ્યામસુજાણ,
ધ્યાન કરાવી રે, ખેંચે નાડી પ્રાણ.....૭
ધ્યાનમાંથી રે, ઉઠાડે નિજજનને,
દેહમાં લાવે રે પ્રાણ ઈન્દ્રિય મનને.....૮

સંત સભામાં રે, બેઠા હોય અવિનાશ,
કોઈ હરિજનને રે, તેડવો હોય પાસ.....૯
પહેલી આંગળી રે, નેત્રતણી કરી સાન,
પ્રેમાનંદ કહે રે સાદ કરે ભગવાન.....૧૦

## પદ-૪

મોહનજીની રે, લીલા અતિ સુખકારી,
આનંદ આપે રે, સુણતાં ન્યારી ન્યારી.....૧
ક્યારેક વાતો રે, કરે મુનિવર સાથે,
ગુચ્છ ગુલાબના રે, ચોળે છે બે હાથે.....૨
શીતળ જાણી રે, લીંબુ હાર ગુલાબી,
તેને રાખે રે, આંખો ઉપર દાબી.....૩
ક્યારેક પોતે રે રાજીપામાં હોયે,
વાતો કરે રે, કથા વંચાય તોયે.....૪
સાંભળે કીર્તન રે, પોતે કાંઈક વિચારે
પૂછવા આવે રે, જમવાનું કોઈ ત્યારે.....૫
હાર ચઢાવે રે, પૂજા કરવા આવે,
તેના ઉપર રે, બહુ ખીજી રીસાવે.....૬

કથા સાંભળતાં રે, હરે હરે કહી બોલે,
મર્મ કથાનો રે, સુણી મગન થઈ ડોલે.....૭
ભાન કથામાં રે, બીજી ક્રિયામાંય,
ક્યારેક અચાનક રે, જમતાં હરે બોલાય.....૮
થાય સ્મૃતિ રે, પોતાને જ્યારે તેની,
થોડુંક હસે રે, ભક્ત સામું જોઈ બે'ની.....૯
એમ હરિ નિત્ય નિત્ય રે, આનંદરસ વરસાવે,
એ લીલારસ રે, જોઈ પ્રેમાનંદ ગાવે.....૧૦

## પદ-૫

સાંભળ સજની રે, દિવ્ય સ્વરૂપ મોરારી,
કરે ચરિત્ર રે, મનુષ્ય વિગ્રહ ધારી.....૧
થયા મનોહર રે, મોહન મનુષ્ય જેવા,
રૂપ અનુપમ રે, નિજજનને સુખ દેવા.....૨
ક્યારેક ઢોલીયે રે, બેસે શ્રી ઘનશ્યામ,
ક્યારેક બેસે રે, ચાકળે પૂરણકામ.....૩
ક્યારેક ગોદડું રે, ઓછાડે સહિતે,
પાથર્યું હોય રે, તે પર બેસે પ્રીતે.....૪

ક્યારેક ઢોલિયા રે, ઉપર તકિયો ભાળી,
તે પર બેસે રે, શ્યામ પલાંઠી વાળી.....૫
ઘણુંક બેસે રે, તકિયે, ઓઠીંગણ દઈને,
ક્યારેક ગોઠણ રે બાંધે ખેસ લઈને.....૬
ક્યારેક રાજી રે, થાય અતિશે આલી,
સંત હરિજનને રે, ભેટે બાથમાં ઘાલી.....૭
ક્યારેક માથે રે, લઈ મેલે બે હાથ,
છાતી માંહી રે, ચરણ કમળ દે નાથ.....૮
ક્યારેક આપે રે, હાર તોરા ગિરધારી,
ક્યારેક આપે રે, અંગના વસ્ત્ર ઉતારી.....૯
ક્યારેક આપે રે, પ્રસાદીના થાળ,
પ્રેમાનંદ કહે રે, ભક્તતણા પ્રતિપાળ.....૧૦

## પદ-૬

એવા કરે રે, ચરિત્ર પાવનકારી;
શુકજી સરખા રે, ગાવે નિત્ય સંભારી.....૧
ક્યારેક જીભને રે, દાંત તળે દબાવે;
ડાબે જમણે રે, પડખે સહજ સ્વભાવે.....૨

છીંક જ્યારે આવે રે, ત્યારે રૂમાલ લઈને;
છીંક ખાય રે, મુખ પર આડો દઈને.....૩
રમૂજ આણી રે, હસે અતિ ઘનશ્યામ;
મુખ પર આડો રે, રૂમાલ દઈ સુખધામ.....૪
ક્યારેક વાતો રે, કરતા થકા દેવ;
છેડે રૂમાલને રે, વળ દેવાની ટેવ.....૫
અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુઃખહારી રે, વારી બહુનામીનો.....૬
કોઈને દુઃખીયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય.....૭
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે;
કરૂણા દ્રષ્ટિ રે, દેખી વાનજ વાળે.....૮
ડાબે ખંભે રે, ખેસ આડસોડે નાખી;
ચાલે જમણા રે, કરમા રૂમાલ રાખી.....૯
ક્યારેક ડાબો રે, કર કેડ ઉપર મેલી;
ચાલે વહાલો રે, પ્રેમાનંદનો હેલી.....૧૦

## પદ-૭

નિત્યનિત્ય નૌતમ રે, લીલા કરે હરિરાય;
ગાતાં સુણતાં રે, હરિજન રાજી થાય.....૧
સહજ સ્વભાવે રે, ઉતાવળા બહુ ચાલે;
હેત કરીને રે, બોલાવે બહુ વહાલે.....૨
ક્યારેક ઘોડે રે, ચડવું હોય ત્યારે;
ક્યારેક સંતને રે, પીરસવા પધારે.....૩
ત્યારે ડાબે રે, ખંભે ખેસને આણી,
ખેસને બાંધે રે, કેડ સંગાથે તાણી.....૪
પીરસે લાડુ રે, જલેબી ઘનશ્યામ;
જણસ જમ્યાની રે, લઈ લઈ તેના નામ.....૫
ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ;
સંત હરિજનને રે, પીરસવાને કાજ.....૬
શ્રદ્ધા ભક્તિ રે, અતિ ઘણું પીરસતાં,
કોઈના મુખમાં રે, આપે લાડું હસતાં.....૭
પાછલી રાત્રિ રે, ચાર ઘડી રહે ત્યારે;
દાતણ કરવા રે,ઉઠે હરિ તે વારે.....૮

ન્હાવા બેસે રે, નાથ પલાંઠી વાળીં;
કર લઈ કળશો રે, જળ ઢોળે વનમાળી.....૯
કોરે વસ્ત્રે રે, કરી શરીરને લુવે;
પ્રેમાનંદ કહે રે, હરિજન સર્વે જુવે.....૧૦

## પદ-૮

રૂડા શોભે રે, નાહીને ઉભા હોવે;
વસ્ત્ર પહેરેલું રે, સાથળ વચ્ચે નીચોવે.....૧
પગ સાથળને રે, લુહીને સારંગપાણી;
કોરા ખેસને રે, પહેરે સારી પેઠે તાણી.....૨
ઓઢી ઉપરણી રે, રેશમી કોરની વહાલો;
આવે જમવા રે, ચાખડીએ ચડી ચાલે.....૩
માથે ઉપરણી રે, ઓઢી બેસે જમવાં;
કાન ઉઘાડા રે, રાખે મુજને ગમવા.....૪
જમતા ડાબા રે, પગની પલાંઠી વાળી;
તે પર ડાબો રે કર મેલે વનમાળી.....૫
જમણા પગને રે રાખી ઉભો શ્યામ;
તે પર જમણો રે કર મેલે સુખધામ.....૬

રૂડી રીતે રે, જમે દેવના દેવ;
વારે વારે રે, પાણી પીધાની ટેવ.....૭
જણસ સ્વાદુ રે, જણાય જમતાં જમતાં;
પાસે હરિજન રે, બેઠા હોય મનગમતા.....૮
તેમને આપી રે, પછી પોતે જમે;
જમતા જીવન રે, હરિજનને મન ગમે.....૯
ફેરવે જમતાં રે, પેટ ઉપર હરિ હાથ;
ઓડકાર ખાય રે, પ્રેમાનંદનો નાથ.....૧૦

## પદ-૯

ચળુ કરે રે, મોહન તૃપ્ત થઈને;
દાંતને ખોતરે રે, સળી રૂપાની લઈને.....૧
મુખવાસ લઈને રે, ઢોલિયે બિરાજે;
પૂજા કરે રે, હરિજન હેતે ઝાઝે.....૨
પાંપણ ઉપર રે, આંટો લઈ અલબેલો;
ફેંટો બાંધે રે, છોગું મેલી છેલો.....૩
વર્ષાઋતુ રે, શરદ ઋતુને જાણી,
ઘેલા નદીનાં રે, નિર્મળ નીર વખાણી.....૪

સંત હરિજનને રે, સાથે લઈ ઘનશ્યામ;
ન્હાવા પધારે રે, ઘેલે પૂરણકામ.....૫
બહુ જળક્રીડા રે, કરતાં જળમાં ન્હાય;
જળમાં તાળી રે, દઈને કીર્તન ગાય.....૬
નાહીને બારા રે, નીસરી વસ્ત્ર પહેરી;
ઘોડે બેસી રે, ઘેર આવે રંગલહેરી.....૭
પાવન યશને રે, હરિજન ગાતા આવે;
જીવન જોઈને રે, આનંદ ઉર ન સમાવે.....૮
ગઢપુરવાસી રે, જોઈને જગઆધાર;
સુફળ કરે છે રે, નેણાં વારંવાર.....૯
આવી બિરાજે રે, ઓસરીયે બહુનામી;
ઢોલિયા ઉપર રે, પ્રેમાનંદના સ્વામી.....૧૦

## પદ-૧૦

નિજ સેવકને રે, સુખ દેવાને કાજ;
પોતે પ્રગટ્યા રે, પુરુષોત્તમ મહારાજ.....૧
ફળીયામાંહી રે, સભા કરી બિરાજે;
પૂરણ શશી રે, ઉડુગણમાં જેમ છાજે.....૨

બ્રહ્મરસ વરસી રે, તૃપ્ત કરે હરિજનને;
પોઢે રાત્રે રે, જમી શ્યામ શુદ્ધ અન્નને.....૩
બે આંગળીઓ રે, તિલક કર્યાની પેરે;
ભાલ વચ્ચે રે, ઉભી રાખી ફેરે.....૪
સુતાં સુતાં રે, માળા માગી લઈને;
જમણે હાથે રે, નિત્ય ફેરવે ચિત્ત દઈને.....૫
ભૂલ ન પડે રે, કેદી એવું નિયમ;
ધર્મકુંવરની રે, સહજ પ્રકૃતિ એમ.....૬
ભર નિંદ્રામાં રે, પોઢ્યા હોય મુનિરાય;
કોઈ અજાણે રે, લગાર અડી જાય.....૭
ત્યારે ફડકી રે, જાગે સુંદર શ્યામ;
કોણ છે ? પૂછે રે, સેવકને સુખધામ.....૮
એવી લીલા કરે, હરિની અનંત અપાર;
મેં તો ગાઈ રે, કાંઈક મતિ અનુસાર.....૯
જે કોઈ પ્રીતે રે, શીખે સુણે ગાશે;
પ્રેમાનંદનો રે, સ્વામી રાજી થાશે.....૧૦

## રાગ : ધોળ

ઓરા આવો શ્યામ સ્નેહી, સુંદરવર જોઉં વહાલા;
જતન કરીને જીવન મારા, જીવમાંહી પ્રોઉ વહાલા...૧
ચિહ્ન અનુપમ અંગોઅંગનાં, સુરતે સંભારું વહાલા;
નખશિખ નીરખી નૌતમ મારાં, ઉરમાં ઉતારૂં વહાલા...૨
અરુણકમળસમ જુગલ ચરણની, શોભા અતિ સારી વહાલા,
ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વહાલા...૩
પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્‌ન વહાલા,
ઉર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વહાલા...૪
અંગૂઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વહાલા;
પાનીની બે કોરે જોતાં ભકતને મન ભાવી વહાલા...૫
જુગલચરણમાં કહું મનોહર, ચિહ્ન તેનાં નામ વહાલા;
શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વહાલા...૬
અષ્ટકોણને ઉર્ધ્વરેખા, સ્વસ્તિક જાંબુ જવ વહાલા;
વજ્ર અંકુશ કેતુ પદ્મ, જમણે પગે નવ વહાલા...૭
ત્રિકોણ કળશને ગોપદ સુંદર, ધનુષ ને મીન વહાલા;
અર્ધચંદ્રને વ્યોમ સાત, છે ડાબે પગે ચિહ્ન વહાલા...૮

જમણા પગના અંગૂઠાના, નખમાંહી ચિહ્ન વહાલા;
તે તો નીરખે જે કોઈ ભક્ત; પ્રીતિએ પ્રવીણ વહાલા...૯
એ જ અંગૂઠાની પાસે, તિલ એક નૌતમ ધારું વહાલા;
પ્રેમાનંદ કહે નીરખું પ્રીતે, પ્રાણ લઈ વારૂં વહાલા...૧૦

## રાગ : ગરબી પદ-૧

હવે મારા વા'લાને નહિ રે વિસારું રે,
શ્વાસ ઉચ્છવાસે તે નિત્ય સંભારું રે.....૧
પડયું મારે સહજાનંદજી શું પાનું રે,
હવે હું તો કેમ કરી રાખીશ છાનું રે.....૨
આવ્યું મારે હરિવર વરવાનું ટાણું રે,
એ વર નહિ મળે ખરચે નાણું રે.....૩
એ વર ભાગ્ય વિના નવ ભાવે રે,
એ સ્નેહ લગ્ન વિના નવ આવે રે.....૪
દુરિજન મન રે, માને તેમ કહેજો રે,
સ્વામી મારાં હૃદયની ભીતર રહેજો રે.....૫
હવે હું તો પૂરણ પદવીને પામી રે,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી રે.....૬

## પદ-૨

હવે મારા વહાલાનાં દર્શન સારું,
હરિજન આવે હજારે હજારૂં.....૧
ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી,
પૂરણ પુરુષોત્તમ અંતરજામી.....૨
સભા મધ્યે બેઠા મુનિનાં વૃંદ;
તેમાં શોભે તારે વીટ્યો જેમ ચંદ.....૩
દુરગપુર ખેલ રચ્યો અતિ ભારી,
ભેળા રમે સાધુ અને બ્રહ્મચારી.....૪
તાળી પાડે ઉપડતી અતિ સારી,
ધૂન થાય ચૌદ લોક થકી ન્યારી.....૫
પાઘલડીમાં છોગલિયું અતિ શોભે,
જોઈ જોઈ હરિજનનાં મન લોભે.....૬
પધાર્યા વહાલો સર્વે તે સુખના રાશિ,
સહજાનંદ અક્ષરધામના વાસી.....૭
ભાંગી મારી જન્મોજન્મની ખામી,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી.....૮

## રાગ : ગરબી પદ-૧

વંદુ સહજાનંદ રસરુપ, અનુપમ સારને રે લોલ;
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ,
સમરું પ્રગટ રૂપ સુખધામ અનુપમ નામને રે લોલ;
જેને ભવબ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ,
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, કે પાર કોઈ નવ લહે રે લોલ;
જેને શેષ સહસ્ર મુખ ગાય, નિગમ નેતિ કહે રે લોલ,
વર્ણવુ સુંદર રૂપ અનુપમ, જુગલ ચરણે નમી રે લોલ;
નખશિખ પ્રેમસખીના નાથ, રહો ઉરમાં રમી રે લોલ.

## પદ-૨

આવો મારા મોહન મીઠડા લાલ, કે જોઉં તારી મૂર્તિ રે લોલ,
જતન કરી રાખું રસિયારાજ, વિસારું નહિ ઉરથી રે લોલ;
મન મારૂં મોહ્યું મોહનલાલ, પાઘલડીની ભાતમાં રે લોલ,
આવો ઓરા છોગલા ખોસું છેલ, ખાંતીલા જોઉ ખાંતમાં રે લોલ.
વહાલા તારું ઝળકે સુંદર ભાલ, તિલક રૂડાં કર્યા રે લોલ,
વહાલા તારા વામ કરણમાં તિલ, તેણે મનડાં હર્યા રે લોલ.
વહાલા તારી ભ્રકુટિને બાણે શ્યામ, કાળજ મારાં કોરિયાં રે લોલ,
નેણે તારે પ્રેમસખીના નાથ, કે ચિત્ત મારાં ચોરિયાં રે લોલ.

## પદ-૩

વહાલા મને વશ કીધી વ્રજરાજ, વાલપ તારા વાલમાં રે લોલ,
મન મારું તલખે જોવા કાજ, ટીબકડી છે ગાલમાં રે લોલ.
વહાલા તારી નાસિકા નમણી નાથ, અધરબિંબ લાલ છે રે લોલ,
છેલા મારા પ્રાણ કરું કુરબાન, જોયા જેવી ચાલ છે રે લોલ.
વહાલા તારા  દંત દાડમ ના બીજ, ચતુરાઈ ચાવતાં રે લોલ.
વહાલા મારા પ્રાણ હરો છો નાથ, મીઠું મીઠું ગાવતા રે લોલ,
વહાલા તારે હસવે હરાણું ચિત્ત, બીજું હવે નવ ગમે રે લોલ,
મનમારૂં પ્રેમસખીના નાથ, કે તમ કેડે ભમે રે લોલ.

## પદ-૪

રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવળી રે લોલ;
વહાલા મારું મનડું મળવા ચહાય, કે જાય ચિત્તડું ચળી રે લોલ.
વહાલા તારી જમણી ભુજાને પાસ, રુડા તિલ ચાર છે રે લોલ;
વહાલા તારા કંઠ વચ્ચે તિલ એક, અનુપમ સાર છે રે લોલ.
વહાલા તારા ઉરમાં વિનગુણ હાર, જોઈ નેણાં ઠરે રે લોલ;
વહાલા તે તો જાણે પ્રેમીજન, જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ.
રસિયા જોઈ તમારૂં રૂપ, રસિક જન ઘેલડા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, સુંદરવર છેલડા રે લોલ.

## પદ-૫

વહાલા તારી ભુજા જુગલ જગદીશ, જોઈને જાઉં વારણે રે લોલ;
કરનાં લટકાં કરતાં લાલ, આવોને મારે બારણે રે લોલ.
વહાલા તારી આંગળીઓની રેખા, નખમણિ જોઈને રે લોલ;
વહાલા મારા ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ.
વહાલા તારા ઉરમાં અનુપમ છાપ, જોવાને જીવ આકળો રે લોલ;
વહાલા મારા હૈડે હરખ ન માય, જાણું જે હમણાં મળો રે લોલ.
વહાલા તારું ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ;
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળુ ભરી બાથજી રે લોલ.

## પદ-૬

વહાલા તારી મૂર્તિ અતિ રસરૂપ, રસિક જોઈને જીવે રે લોલ;
વહાલા એ રસના ચાખણહાર, કે છાશ તે નવ પીવે રે લોલ.
વહાલા મારે સુખસંપત તમે શ્યામ, મોહન મનભાવતા રે લોલ;
આવો મારે મંદિર જીવનપ્રાણ, હસીને બોલાવતા રે લોલ.
વહાલા તારૂં રૂપ અનુપમ ગૌર, મૂર્તિ મનમાં ગમે રે લોલ;
વહાલા તારૂં જોબન જોવા કાજ, કે ચિત્ત ચરણે નમે રે લોલ.
આવો મારા રસિયા રાજીવનેણ, મર્મ કરી બોલતા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના સેણ, મંદિર મારે ડોલતા રે લોલ.

## પદ-૭

વહાલા તારું રૂપ અનુપમ નાથ, ઉદર શોભા ઘણી રે લોલ;
ત્રિવળી જોઉં સુંદર છેલ, આવોને ઓરા અમ ભણી રે લોલ.
વહાલા તારી નાભી નૌતમરૂપ, ઉંડી અતિ ગોળ છે રે લોલ;
કટિલંક જોઈને જાદવરાય, કે મન રંગચોળ છે રે લોલ,
વહાલા તારી જંઘા જુગલની શોભા, મનમાં જોઈ રહું રે લોલ;
વહાલા નિત્ય નીરખું પીંડીને પાની, કે કોઈને નવ કહું રે લોલ,
વહાલા તારા ચરણકમળનુ ધ્યાન, ધરું અતિ હેતમાં રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, રાખું મારા ચિત્તમાં રે લોલ.

## પદ-૮

વહાલા તારા જુગલ ચરણ રસરૂપ, વખાણું વહાલમાં રે લોલ;
વહાલા અતિકોમળ અરુણ રસાળ, ચોરે ચિત્ત ચાલમાં રે લોલ.
વહાલા તારે જમણે અંગુઠે તિલ, કે નખમાં ચિહ્ન છે રે લોલ;
વહાલા છેલી આંગળીએ તિલ એક, જોવાને મન દીન છે રે લોલ,
વહાલા તારા નખની અરુણતા જોઈ, શશીકળા ક્ષીણ છે રે લોલ;
વહાલા રસચોર ચકોર જે ભક્ત, જોવાને પ્રવીણ છે રે લોલ.
વહાલા તારી ઉર્ધ્વરેખામાં ચિત્ત, રહો કરી વાસને રે લોલ;
માગે પ્રેમસખી કર જોડી, દેજો દાન દાસને રે લોલ.

## રાગ : ગરબી

રે શ્યામ તમે સાચુ નાણું, બીજું સર્વે દુઃખદાયક જાણું; રે શ્યામ.ટેક
રે તમ વિના સુખ સંપત્ત કા'વે, તે તો સર્વે મહાદુઃખ ઉપજાવે;
અંતે એમાં કામ કોઈ નાવે....રે શ્યામ. ૧
રે મૂરખ લોક મરે ભટકી, જૂઠા સંગે હારે શિર પટકી;
એથી મારી મનવૃત્તિ અટકી....રે શ્યામ. ૨
છે અખંડ અલૌકિક સુખ સારૂ, તે જોઈ જોઈ મન મોહ્યું મારું;
ધરા ધન તમ ઉપર વારું....રે શ્યામ. ૩
રે બ્રહ્માથી કીટ લગી જોયું, જૂઠું સુખ જાણીને વગોવ્યું;
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું....રે શ્યામ. ૪

## રાગ : ધોળ

અક્ષરના વાસી વહાલો આવ્યા અવની પર,
નવખંડ ધરતીમાં સ્વામી છતરાયા ચાલે રાજ...અક્ષર-ટેક
અવની પર આવી વહાલે સત્સંગ સ્થાપ્યો,
હરિજનોને કોલ કલ્યાણનો આપ્યો રાજ...અક્ષર-૧

પાંચે વર્તમાન પાળે બાઈઓ ને ભાઈઓ,
હરિજન સંગે કીધી સાચી સગાઈઓ રાજ...અક્ષર-૨
બાઈઓ દેખીને ભાઈઓ છેટેરા ચાલે,
પડી વસ્તુ કોઈની હાથે નવ ઝાલે રાજ...અક્ષર-૩
દેવોના દેવ વહાલો ધામના ધામી,
પ્રગટ પ્રભુનું નામ સહજાનંદ સ્વામી રાજ...અક્ષર-૪
પ્રેમાનંદનો વહાલો આનંદકારી,
પોતાના જનની વાલે લાજ વધારી રાજ...અક્ષર-૫

## રાગ : ગરબી

પોઢો પોઢો સહજાનંદ સ્વામી અખિયામાં નિંદરા ભરાણી રે... પોઢો-૧
હાંરે તમે માથેથી પાઘ ઉતારો રે, પછી બનાતની ટોપી ધારો રે... પોઢો-૨
હાંરે તમે જરકસી જામો ઉતારો રે, પછી હીરકોરી ધોતી ધારો રે... પોઢો-૩
હાંરે તમે કેડનો પટકો છોડો રે, પછી શાલ દુશાલા ઓઢો રે... પોઢો-૪
હાંરે પોઢ્યા પ્રેમાનંદના સ્વામી રે, સખી જોઈ જોઈ આનંદ પામી રે... પોઢો-૫

**નોંધ** : ઉનાળામાં બનાતની ટોપીની જગ્યાએ ફૂલડાની ટોપી અને શાલ દુશાલાની જગ્યાએ ફૂલની પછેડી બોલવું.

## રાગ : બિહાગ

પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ;
સ્વામિનારાયણ દિવ્ય મૂર્તિ (૨) સંતન કે વિશ્રામ - પોઢે.....૧
અક્ષરપર આનંદઘન પ્રભુ, કીયો હે ભૂપર ઠામ,
જેહી મિલત જન તરત માયા (૨) લહત અક્ષરધામ - પોઢે..૨
શારદ શેષ મહેશ મહામુનિ જપત જેહી ગુણનામ,
જાસ પદરજ શીશ ધરી ધરી (૨) હોવત જન નિષ્કામ - પોઢે..૩
પ્રેમ કે પર્યંક પર પ્રભુ, કરત સુખ આરામ;
મુક્તાનંદ નિજ ચરન ઢિગ ગુન (૨)ગાવત આઠો જામ - પોઢે..૪

# થાળના પદો

## ૧. રાગ : ગરબી

જમો થાળ જીવન જાઉં વારી, ધુઓ કર ચરણ કરો ત્યારી.જમો૦ટેક
બેસો મેલ્યા બાજોઠીયા ઢાળી, કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી...જમો૦ ૧

કરી કાંઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી;
કાઢ્યો રસ કેરીનો ઘોળી...જમો૦ ૨

ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધપાક માલપુવા કઢી;
પુરી પોચી થઈ છે ઘીમાં ચડી...જમો૦ ૩

અથાણાં શાક સુંદર ભાજી, લાવી છું તરત કરી તાજી;
દહીં ભાત સાકર છે ઝાઝી...જમો૦ ૪

ચળુ કરો લાવી હું જળઝારી, એલચી લવીંગ સોપારી;
પાનબીડી બનાવી સારી...જમો૦ ૫

મુખવાસ મનગમતા લઈને, પ્રસાદી થાળ તણી દઈને;
બેસો સિંહાસન રાજી થઈને જમો...જમો૦ ૬

કસુંબલ બાંધીને ફેંટો, રાજેશ્વર ઓઢીને રેટો;
ભૂમાનંદના વ્હાલા ભેટો ... જમો૦ ૭

## ૨. રાગ : બિહાગ

તમે જમો જમો ને મારા ઠાકરિયા
હરિવર મારે હાથે જમાડું, સુંદર લાડુ સાકરીયા. તમે૦
પેંડા બરફી ખાજાં જલેબી, મરકી મેસુબને ઘેબરિયા,
શીરો પુરી કંસાર હરીસો, બીરંજ જમો કહાના કેસરિયા. તમે૦
ભજીયાં વડાં તળ્યા છે પાપડ, મીઠું જીરૂં નાખીને મરિયાં,
શાક પાક સુંદરવર જમજો, રાયતણાં સુંદર દૈથરિયાં. તમે૦
આંબા મોરનો ભાત અનુપમ, દૂધ સાકર જમો ગિરધરીયા,
વધે તે પ્રેમાનંદને આપો, ધર્મકુંવર રંગના ભરિયા. તમે૦

## ૩. રાગ : કાફી

નાના ગ્રાસ લેવત મન ગમતાં,
નેણાં ભરી જોયા રે હરિ જમતાં - નેણાં૦
ઓઢી ઉપરણી રાખી કાન ઉઘાડા,
શોભાનિધિ ઘણું ગમતા - નેણાં૦
વારે વારે જળ પાન કરત હે,
રમુજ કરીને ઘણું રમતા - નેણાં૦

એ છબી જોવા સારૂ ભવ બ્રહ્માદિક,
ભાવ સહિત કેડે ભમતા - નેણાં૦
દેવાનંદ કહે જન્મ સુફળ કરી,
નિત્ય ચરણોમાં જઈ નમતાં - નેણાં૦

## ૪. મુખવાસ થાળ

લેતા જાઓ રે સાવરિયા ! બીડી પાનનકી;
બીડી પાનનકી બીડી પાનનકી લેતા જાઓ રે,
સાવરિયા ! બીડી પાનનકી ... ટેક૦
કાથો ચુનો વારી, લવીંગ સોપારી,
એલચી મંગાવું મુલતાનકી ...લેતા૦૧
એક એક બીડી મોરી સાસું નણંદકી,
દુસરી બીડી મોરે લાલનકી ...લેતા૦૨
આવો શ્રીકૃષ્ણ હરિ પાટે બેસારૂં,
બાજી ખેલાવું સારી રેનનકી ...લેતા૦૩
પ્રેમાનંદ કહે આપો પ્રસાદી,
એટલી અરજ તોરે દાસનકી ...લેતા૦૪

## ૫. સાંજનો થાળ રાગ : દેશ

રૂડી રાંધી મે રસિયાજી, ખાંતે ખીચડી રે - રૂડી. ટેક૦
ચોખા દાળ જતન કરી જોઈ, નિર્મળ નીરે ધીરે ધોઈ,
મધુરે મધુરે તાપે, માખણ શી ચડી રે - રૂડી... ૧

ઘી ઘણુંય જમો અલબેલા, અથાણાં પાપડ રંગછેલા,
ચોંપે શું ચોળાની કાજુ કરી વડી રે - રૂડી... ૨

દુધ કઢીને દહીં જમાવી, લલિત લવીંગે શું છમકાવી,
ભૂધરને જમવાને, કાજે, કરી કઢી રે - રૂડી... ૩

દયાનંદ કહે દિલમાં ધારી, પ્રસાદી આપો હિતકારી,
મોહનવરને હાથે મુજને, મોજ મળી રે - રૂડી... ૪

# એકાદશીના પદો

## ૧. રાગ : ગરબી

કોડે કોડે એકાદશી કીજીએ રે,
એવું વ્રત જાવા નવ દીજીએ રે-કોડે૦૧

એ વ્રત કરે તે ધન્ય માનવી રે,

તે તો નાહ્યો કોટિકવાર જાહ્નવી રે-કોડે ૦૨

જેણે વચન પ્રમાણે વ્રત આદર્યું રે,

તેણે કારજ પોતાનું સર્વે કર્યું રે-કોડે૦૩

એનો મહિમા મુનિવર ગાય છે રે,

અવિનાશી મળ્યાનો ઉપાય છે રે-કોડે૦૪

બ્રહ્માનંદ કહે એમાં હરિ રહ્યા વસી રે,

કીધી ઉદ્ધવ પ્રમાણે એકાદશી રે-કોડે ૦૫

## ૨. રાગ : ગરબી

ઉત્સવની પ્યારી કેશવની, આજ એકાદશી ઉત્સવની;

કોટિક ગૌ કેરાં દાન કરે પણ, ના'વે તોલે એના લવની - આજ૦

મંગળ રૂપ સદા સુખકારી, વહાલી નિધિ જન વૈષ્ણવની - આજ૦

વચન પ્રમાણે કરે વ્રત તેને, ત્રાસ મટે રે મૃત્યુ ભવની - આજ૦

"બ્રહ્માનંદ" કહે વ્રત કરવું, એમ આજ્ઞા સ્વામી ઉદ્ધવની - આજ૦

# કીર્તનો

## કીર્તન (૧) રાગ : ગરબી પદ

વાલા રમઝમ કરતા કાન, મારે ઘેર આવો રે,
મારા પુરા કરવા કોડ, હસીને બોલાવો રે૦ ૧
મારે તમ સંગ લાગી પ્રીત, શ્યામ સોહાગી રે,
મેં તો તમ સંગ રમવા કાજ, લજ્જા ત્યાગી રે૦ ૨
વાલા અબળા ઉપર મહેર, કરજો મુરારી રે,
હું તો જન્મો જનમની નાથ, દાસી તમારી રે૦ ૩
મારા પ્રાણ તણા આધાર, પ્રીતમ પ્યારા રે,
પળ રહોમા નટવર નાવ, મુજથી ન્યારા રે૦ ૪
આવો છોગાં મેલીને શ્યામ, ધડકમ ધારો રે;
મેં તો ફુલડે સમારી સેજ, શ્યામ સુધારો રે૦ ૫
વાલા નયણાતણું ફળ આજ, મુજને આપો રે,
મુક્તાનંદ કહે મહારાજ, દુઃખડા કાપો રે૦ ૬

## કીર્તન (૨)

સ્નેહ ભર્યા નયને નિહાળતા હો, વંદન આનંદ ઘનશ્યામને;
અમીમય દ્રષ્ટિએ નિહાળતા હો, વંદન આનંદ ઘનશ્યામને-ટેક

છપૈયાપુરમાં વાલો આપે પ્રગટ થયા,
ધર્મ ભક્તિને ઘેર આનંદ ઉત્સવ થયા,
સંતોને આનંદ ઉપજાવતા હો,
વંદન આનંદ ઘનશ્યામને... સ્નેહભર્યા નયને૦ ૧

બાળ ચરિત્ર કરી આપે વન વિચર્યા,
તીર્થોમાંહી ફરી જીવો પાવન કર્યા,
નીલકંઠ નામ ધરાવતા હો,
વંદન આનંદ ઘનશ્યામને... સ્નેહભર્યા નયને૦ ૨

વલકલ વસ્ત્ર ધરી પુલહાશ્રમે રહ્યા,
બ્રહ્મરૂપ તેજ કરી મોટા જોગી થયા;
નિજ સ્વરૂપ સમજાવતા હો,
વંદન આનંદ ઘનશ્યામને... સ્નેહભર્યા નયને૦ ૩

લોજપુર ધામ રહી સર્જુદાસ કા'વિયા,
સર્વોપરી જ્ઞાન કહી સંતોને રીઝાવિયા,
મુક્તાનંદ પ્રેમ થકી, પૂજતા હો;
વંદન આનંદ ઘનશ્યામને.. સ્નેહભર્યા નયને૦ ૪

## કીર્તન (૩) રાગ : સામેરી પદ- ૧

હરિ ભજતાં સહું મોટપ પામે, જન્મ મરણ દુઃખ જાયે રે,
પારસ પરસી લોહ કંચન થઈ, મોંઘે મૂલે વેચાયે રે - હરિ૦ ૧
મુનિ નારદની જાતને જોતાં, દાસી પુત્ર જગ જાણે રે,
હરિને ભજી હરિનું મન કેવાણા, વેદ પુરાણ વખાણે રે - હરિ૦ ૨
રાધાજી અતિ પ્રેમ મગન થઈ, ઉર ધાર્યા ગિરધારી રે,
હરિવર વરી હરિ તુલ્ય થયા જેનું, ભજન કરે નરનારી રે - હરિ૦ ૩
શામળિયાને શરણે જે આવે, તેનાં તે ભવ દુઃખ વામે રે,
"મુક્તાનંદ"ના નાથને મળતાં, અખંડ એવાતન પામે રે - હરિ૦ ૪

## કીર્તન - (૪) પદ-૨

પ્રેમી જનને વશ પાતળિયો, શ્યામ સુંદર સુખકારી રે.
જાતિ વરણને રૂપે ન રીઝે, પ્રભુજીને ભક્તિ પ્યારી રે - પ્રેમી૦ ૧
પ્રેમ ન નીપજે દેશ વિદેશ, પ્રેમ ન હાટે વેચાય રે;
પ્રેમના પાસંગમાં જે શિર સોંપે, તે જન પ્રેમી થાય રે - પ્રેમી૦ ૨
પ્રેમની વાત સુણી પરીક્ષિત, સવળી સમજણ નવ લીધી રે;
સમજીને શુકજીએ રસને છપાડયો, મોક્ષ રીત કહી દીધી રે - પ્રેમી૦ ૩
વ્રજ વનિતાના પ્રેમની આગે, ઉડયા કોટિ કબીરા રે;
મુકતાનંદ એ પ્રેમનો મારગ, સમજે તે સંત સુધીરા રે. પ્રેમી૦ ૪

## કીર્તન - (૫) રાગ : ગરબી પદ-૧

હરિ હૈયાના હાર છો, જીરે તમે હરિ હૈયાના હાર છો;
સેજ તણા શણગાર છો... જીરે૦
મુખથી શું ઘણું કહીએ મોહન રે, પ્રાણતણા આધાર છો.. જીરે૦ ૧
વાલપણામાં અતિશે વહાલા રે, નટવર નંદકુમાર છો... જીરે૦ ૨
દુરિજનિયાંને દૂર ઘણા છો રે, પ્રેમીતે જનના પ્રાણ છો... જીરે૦ ૩
મુક્તાનંદ કે નરનાટક ધારી રે, શરણાગતના સાર છો... જીરે૦ ૪

## કીર્તન - (૬) પદ : ૨

નયણાં ઠરે છે જોઈને રે, મારાં નયણાં ઠરે છે જોઈને;
રહી છું મોહન સંગ મોહીની રે - મારાં૦
જે દિનમાં દર્શન નવ પામું રે, તે દિન વીતે રોઈને રે - મારાં૦૧
લોકડિયાની લાજ ન રાખું રે, કે મારાં વેણ વગોઈને રે-મારાં૦૨
શ્યામ વિના હું ચૌદ ભુવનમાં રે, રંગે ન રાચું કોઈને રે-મારાં૦૩
મુકતાનંદ મોહનવર પામી રે, કુળ મરજાદા ખોઈને રે-મારાં૦૪

## કીર્તન - (૭) રાગ : ગરબી

મારે ઘેર આવ્યા રે, સુંદરવર શ્યામળિયો...ટેક
હરખ ભરી હું તો હરિને નીરખું, પિયું પ્રિતમ પાતળિયો...મારે. ૧
સુખડું દેવાને મન હરી લેવા, અમપર અઢળક ઢળીયો...મારે. ૨
જાળવીયું જોબન જે સારું, તે અવસર આજ મળીયો...મારે. ૩
લક્ષ્મીનો વર લાડકવાયો, અકળ ન જાયે કળીયો...મારે. ૪
આશ્ચર્ય વાત સેજડીયે આવ્યા, બોલ પોતાનો પળીયો...મારે. ૫
મુક્તાનંદ મોહનની મહેરે, ખોયા દિનો ખંગ વળિયો...મારે. ૬

## કીર્તન - (૮) રાગ : ગરબી

સાંભળ બેની હરિ રીઝયાની રીતડી,
મોહનવરને માન સંગાથે વેર જો;
સાધન સર્વે માન બગાડે પળ વિષે,
જેમ ભળિયું પય સાકરમાં અહિ ઝેર જો...સાંભળ૦૧

દાસી થઈ તું રહે જે દીનદયાળની,
નીચી ટેલ મળે તો માને ભાગ્યજો;
ભવબ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી,
પુરુષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો...સાંભળ૦૨

પ્રીત કરે પુરુષોત્તમ સાથે નિત્ય નવી,
દાઝીશમાં દેખી કેનું સન્માન જો;
મુક્તાનંદનો નાથ મગન થઈ સેવજો;
તો રીઝે રસિયો સુંદરવર કહાન જો...સાંભળ૦૩

## કીર્તન - (૯) રાગ : ગરબી

સજની કોડે આનંદ મારે ઘેર શ્રીજી પધાર્યા;
આવી મારા તનડાના તાપ નિવાર્યા રે...સજની૦

હરખે શું ઉઠી હું તો સનમુખ ચાલી,
તેડી બેસાર્યા મે તો બાયલડી જાલી,
અક્ષરના વાલીડાને થાવાને વાલી વાલી વાલી...સજની૦ ૧
સનમુખ બેસી હું તો નિરખવા લાગી,
લોકડીયાની મે તો લજ્જારે ત્યાગી,
મુખડું નિરખીને મારી ભૂખલડી ભાંગી ભાંગી ભાંગી...સજની૦ ૨
હરિને જમાડયા મેં તો હાથે સાહેલી,
કુળની મરજાદા મેં તો કોરે લઈ મેલી,
ગોવિંદને જોઈ હું તો થઈ છુ રે ઘેલી ઘેલી ઘેલી...સજની૦ ૩
પાનની બીડી મે તો પ્રેમથી આલી,
હસીને હોશીલે વાલે મુખડામાં જાલી,
પ્રીતે ચાવીને મારા મુખડામાં આલી આલી આલી...સજની૦ ૪
વણ તેડયા વેલા મારે મંદિર આવો,
મરકલડે મોહન મીઠી વેણું બજાવો,
હેતે કરીને મુજને હસીને બોલાવો બોલાવો બોલાવો...સજની૦ ૫

રંગના રંગીલા મુજને રંગ લાગ્યો તારો,
કેડે ફરે છે જીવન પ્રાણ હમારો,
મુક્તાનંદ કે છે મારો જનમ સુધાર્યો સુધાર્યો સુધાર્યો...સજની૦ ૬

## કીર્તન - (૧૦) રાગ મેવાડો

અંતકાળે આવી રે સંભાળી લેજો શામળા રે,
જોશોમા અમારા અવગુણ શ્યામ;
પણ છે પોતાનું રે પ્રભુજી તમે પાળજો રે,
અધમ ઓધારણ કરુણાના ધામ - અંત૦ ૧
ગજને છોડાવ્યો રે ગ્રાહનાં મુખ થકી રે,
કરતાં કાંઈ અરધ નામ ઉચ્ચાર,
એવી રીતે આવો રે સુંદર શામળા રે;
વાટડી જોઉ છું વારંવાર - અંત૦ ૨
નારાયણ નામે રે ઓધાર્યો અજામેળને રે,
કરતાં તે પુત્ર તણો રે પોકાર,
એવું તે વિચારી રે અલબેલા આવજો રે;
અમારે છે તમારો રે આધાર - અંત૦ ૩

દોયલી વેળામાં રે દીનાનાથજી રે,
કહોને અમે કેની કરીએ આશ ?
મુક્તાનંદના સ્વામી રે સુંદર શામળા રે;
અબળાને તેડી રાખો પાસ - અંત૦ ૪

## કીર્તન - (૧૧) રાગ : ગરબી

સદ્‌ગુરુ સાચા રે સેવો શુદ્ધ ભાવશું રે,
જેથી ટળે મનના વિવિધ વિકાર રે;
જેને સંગે વાધે રે પ્રભુ સંગ પ્રીતડી રે,
ટળી જાય જાત વર્ણ અહંકાર રે-સદ્‌ગુરુ ૦૧
વર્તમાન પાંચ રે પળાવે દૃઢ કરી રે,
સંભળાવે હરિનાં ચરિત્ર પરમ ઉદાર રે;
એવા ગુરુદેવ રે ગોવિંદ સમ જાણજો રે,
જેને સંગે પામીએ ભવજળ પાર રે-સદ્‌ગુરુ ૦૨
ગુરુ વિના જ્ઞાન રે ન પામે મન મુખી રે,
કહે છે એમ મહામુનિ વેદ પુરાણ રે;
એવું તે વિચારી રે સદ્‌ગુરુ સેવજો રે,
જેથી હરિ પામીએ પ્રગટ પ્રમાણ રે-સદ્‌ગુરુ ૦૩

ગુરુજીનાં વચન રે વિચારી ઉર ધારજો રે,
ટાળો તમે મોહ મમતા અભિમાન રે;
"મુક્તાનંદ" કહે છે રે એવી રીતે વર્તતાં રે,
તેને ઉર વાસ કરે ભગવાન રે-સદ્‌ગુરુ ૦૪

## કીર્તન - (૧૨) રાગ : ધોળ

સુખદાયક રે (૨) સાચા સંતનો સંગ, સંત સમાગમ કીજીએ;
જીરે સંત સમાગમથી ટળે, આશા તૃષ્ણા રે (૨) ઈર્ષા અભિમાન;
મોહ મત્સર મમતા બળે, પ્રગટે ઉરમાં રે (૨) પ્રભુનું દઢજ્ઞાન - સંત૦ ૧

જીરે સંત સમાગમથી થયાં, મુનિ નારદ રે (૨) હરિનું મન આપ;
અનેક પતિત ઉદ્ધારીયા, જેના જશનો રે (૨) મોટો પરતાપ - સંત૦ ૨

જીરે સિદ્ધ થયાં સતસંગથી, શુક આદિક રે (૨) મુનિવર સુખરૂપ;
ચિત્ત ચોટયું હરિચરણમાં, જાણ્યો સંતથી રે (૨) મોટો મર્મ અનુપ- સંત૦ ૩

જીરે મહિમા મોટો છે મહંતનો, જેને સેવે રે (૨) છુટે માયાનું જાળ;
પ્રીતિ વધે પરબ્રહ્મમાં, "મુક્તાનંદ" કહે રે (૨) તજી આળ પંપાળ - સંત૦ ૪

## કીર્તન - (૧૩) રાગ : ધોળ

સુખદાયક રે સ્વામી સહજાનંદ, પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ ટેક૦
જેનું સ્વામિનારાયણ નામ છે, જેને ભજને રે પામે ભવજળપાર - પ્ર૦ ૧
જેનાં દર્શન ઈચ્છે મહામુની, કરુણાનિધિ રે પ્રભુ પરમ ઉદાર - પ્ર૦ ૨
વહાલે કળિ મધ્યે અતિકરુણા કરી, ધાર્યો દ્વિજકુળ રે ગુણ નિધિ અવતાર- પ્ર૦ ૩
વહાલે સતજુગ સમધર્મ સ્થાપિયો, ટાળ્યા નિજ જનના મનથી મદમાર- પ્ર૦ ૪
એનો જે જને કીધો આશરો, તેતો તરી ગયા રે, કુળ સહિત સંસાર- પ્ર૦ ૫
મુક્તાનંદ કહે મહિમા અપાર છે, કરે નિશદિન રે નેતિ નિગમ પોકાર - પ્ર૦ ૬

## કીર્તન - (૧૪) રાગ : ગોડી

હરિ બિન કોઈ ન તેરા, સમજ નર હરિ બિન કોઈ ન તેરા;
ચાર દિનકી ચાંદની બીતે, આગે બોત અંધેરા - સમ૦ ૧
મનુષ્ય દેહ દયા કરી દીની, તાતે ચેત સવેરા;
અબકો અવસર ભૂલ જાયેગો, સહેગો દુઃખ ઘનેરા - સમ૦ ૨
ભરતખંડ મધ્યે જનમ દિયો હે, જહાં પ્રભુ પ્રગટ બસેરા;
નરનારાયણ નામ રટણ કરી, પાર કરો ભવ ફેરા - સમ૦ ૩
કામ ક્રોધ મદ લોભ માન તજી, હો સંતનકા ચેરા;
"મુક્તાનંદ" કહે મહાસુખ પાવે, માન્ય બચન દૃઢ મેરા - સમ૦ ૪

## કીર્તન - (૧૫) રાગ : રામકલી

પતિવ્રતા નારી પિયુસંગ પ્રીતિ;
પતિને સેવ્યાની તેતો જાણે સર્વે રીતિ રે. પતિ૦ ૧
જેમ હરિ કહે તેમ તાન મીલાવે;
વણતેડયા વ્હાલો તેને મંદિર આવે રે. પતિ૦ ૨
અંતરજામી ઉપરને ચટકે ન રીઝે;
શીરને સાટે સેવે તેનું કારજ સીજે રે. પતિ૦ ૩
જેવા જેને વ્હાલા લાગે રસીયો વિહારી;
મુક્તાનંદ કે માવને તેવી લાગે પ્યારી રે. પતિ૦ ૪

## કીર્તન - (૧૬) રાગ : ગરબી

બાળ સનેહી રે, મોહન મુજને ગમતા;
મથુરા જઈ મોંઘા થઈ બેઠા, પહેલાં તો ભેળા ભમતા. બાળ-૧
આજ તો અમને દર્શન દુર્લભ, જોડે બેસીને જમતા. બાળ-૨
અણતેડ્યા વાંસે આવીને, રસિયો રંગભર રમતા. બાળ-૩
જે કહેતાં તે કામ જ કરતા, નટવર રહેતા નમતા. બાળ-૪
બાળ જોગી જેવો વેશ જણાવી, દેહ પ્રાણને દમતા. બાળ-૫
મુક્તાનંદ મોહનની લીલા, રાખતા શીલ ને સમતા. બાળ-૬

## કીર્તન - (૧૭) પદ-૧

પ્રભુ શું પ્રિતડી બંધાણી રે, ત્રિભુવન વાત જનાની રે,
પ્રભુ શુ પ્રતિડી બંધાણી રે
ભવસાગર મા હવે નહી ભટકુ, પિયુડે કીધી પટરાની રે,
પ્રભુ શુ પ્રતિડી બંધાણી રે
સુખડુ અલૌકિક શ્યામ સુંદરનુ, મુખથી શુ કહુ વખાણી રે,
પ્રભુ શુ પ્રતિડી બંધાણી રે
મુક્તાનંદ બાહ્યગ્રહી બળવંત, લીધી ભવજળ માથી તાણી રે,
પ્રભુ શુ પ્રતિડી બંધાણી રે

## કીર્તન - (૧૮) રાગ : કાફી

જાના હે નર જાના હે, ઘર છોડી એકીલા નર જાના હે ઘર૦
મેડી મંદિર છોડ ચલોગે, એક દિન ભોંય બિછાના હે ઘર૦...૧
નિજ તન નારી પુત્રકું પોખે, જારી કે છાર મિલાના હૈ ઘર૦...૨
બ્રહ્મા આદિ ભુવનકે સ્વામી, વહાંભી સ્થિર ન રહાના હૈ ઘર૦...૩
''દાસ મુકુંદ'' આશ તજ જૂઠી, શ્રી હરિચરન ઠિકાના હે ઘર૦...૪

## કીર્તન - (૧૯) રાગ : ધોળ

પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે,
ભક્તિ માતા ધર્મ તાતનું નામ રે;
કૌશળ દેશમાં ધર્યો અવતાર રે,
નોમ અંજવાળી રુડો ચૈતર માસ રે;
તેડાવો જોશીને પૂછાવો નામ રે,
નામ ધર્યુ રુડું શ્રી ઘનશ્યામ રે;
મુખડું શોભે અતિ બાલુડે વેષ રે,
સુંદર ભુરા માથે નાના નાના કેશ રે;
હરખે ઝુલાવે માતા દુધ સાકર પાય રે,
માતાને મન જાણે વહેલા મોટા થાય રે;
રડતા રમાડતા પારણિયે પોઢાડે રે,
રેશમી દોરી લઈ હરિને હીંચકાવે રે;
પોઢો પોઢો પ્રભુ જગના આધાર રે,
પ્રેમાનંદ નિત્ય નવીલીલા ગાવે રે;

## કીર્તન - (૨૦) રાગ : ખમાચ

રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર મારે આવતા રે - રૂડા ટેક૦
જરકસિયો જામો હરિ પહેરી, માથે બાંધી પાઘ સોનેરી,
ગૂઢો રેટો ઓઢી, મન લલચાવતા રે - રૂડા૦ ૧
હૈડે હાર ગુલાબી ફોરે, ચિત્ત મારૂં રોકી રાખ્યું તોરે;
ગજરા કાજુ બાજુ મન મારે ભાવતા રે - રૂડા૦ ૨
કનક છડી સુંદર કર લઈને, ગજગતિ ચાલો હળવા રહીને;
ચિત્તડું ચોરો છો મીઠું મીઠું ગાવતા રે - રૂડા૦ ૩
પ્રેમાનંદના નાથ વિહારી, જાઉં તારાં વદનકમળ પર વારી;
હેતે શું બોલાવી તાપ સમાવતા રે - રૂડા૦ ૪

## કીર્તન - (૨૧) રાગ : ધોળ પદ-૧

વળી વખાણું શાકોત્સવ લીલા કરી;
નયણે નિરખ્યા કરતાં સુંદર શાક જો,
દ્વાદશ મણ એકાક્ષર વઘારમાં;
જોવા આવ્યા શિવ બ્રહ્મા તજી નાક જો. ૧

ચીરીઓ ચાર સુધારીને વંતાકની;
મેલે મોટા ભાંડમાંહિ ભગવાન જો,
લવણ મસાલો હળદી મરચાં માવજી;
નિજ હાથે લઈ નાંખે કૃપાનિધાન જો. ૨
હળદીવાળા હાથ લુવે નિજ ધોતીએ;
શોભે સુંદર પીળે પટ પરિબ્રહ્મ જો,
અક્ષર પર પુરુષોતમજીએ નરવપુ ધર્યું;
જાણે મોટા મુનિ એકાંતિક મર્મ જો. ૩
શું વર્ણવું એ શાક તણા સ્વાદને;
રમા રાધિકા તે ડોલાવે શિશ જો,
ભવ બ્રહ્મા સુરને તો સ્વપ્ને નવ મળે,
પ્રેમાનંદને પીરસે નિત્ય જગદીશ જો. ૪

## કીર્તન - (૨૨) રાગ : ગરબી

ધર્મકુવર હરિકૃષ્ણજી, તમે ભક્તપતિ ભગવાન એ વર માંગુ છું.
દયાનિધિ તમે દાસને, નિત્ય આપો છો એ દાન - એ.
નિર્વિકલ્પ ઉત્તમ અતિ એવો, નિશ્ચય નાથ તમારો - એ.
અલબેલા તમ આગળે, હું અરજ કરુએ સારુ - એ.
માહાત્મ્ય જ્ઞાને સહિત હરિ, એવી એકાંતિકી ભક્તિ - એ.

પ્રીત રહો તવ ચરણમાં, બીજે રહો સદા વિરકિત - એ.
હું માં તમારુ ભકતપણું, હરિ એમાં કોઈ પ્રકાર - એ.
દોષ ન રહે કોઈ જાતનો, એ આપો ધર્મકુમાર - એ.
તમારા કોઈ ભક્તનો, મારે દ્રોહ ક્યારે નવ થાય - એ.
સંગ એકાંતિક ભક્તનો, મને નિત્ય આપો મુનિરાય - એ.
દાસ તમારા દાસનો, મને રાખો નાથ હજૂર - એ.
પ્રેમાનંદની વિનતિ, સાંભળજો શ્યામ જરૂર - એ.

## કીર્તન - (૨૩) રાગ : ધોળ

મારા પૂણ્ય ઉદય થયા પાછલા રે
મને પ્રગટ મળ્યા મહારાજ રે સુંદરવર મારા શ્રીહરિ રે. ટેક૦
જેના દર્શન દુર્લભ દેવને રે,
મોટા મુનિવર ધરે નિત્ય ધ્યાન રે...સુંદર૦૧
જેના શિવ બ્રહ્મા પૂજે પાવલા રે,
શેષ શારદ નિગમ ગુણ ગાય રે...સુંદર૦૨
એવા અખિલ ભુવનના અધિપતિ રે,
પુરુષોત્તમ પરબ્રહ્મરાય રે....સુંદર૦૩
માયા કાળ કરમના પ્રેરક પોતે,
ક્ષર અક્ષરના આતમારામ રે....સુંદર૦૪

કૃપા કરીને ભૂતળમાં પધારીયા રે,
કરવા પતિતોને પુરણકામ રે....સુંદર૦૫
આવ્યા પ્રગટ પ્રતાપ દેખાડવા રે,
ઉતારવા ભૂમીનો ભાર રે....સુંદર૦૬
રૂડા ધરમ ધરા પર સ્થાપવા રે,
દેવા પ્રેમાનંદને સુખ અપાર રે....સુંદર૦૭

## કીર્તન - (૨૪) રાગ : ખટ

મોરે મંદિર આજ બધાઈ, ગાવો મંગલ માઈ રે, ટેક૦
બાજે બાજા બહુત ભાત કે, ઢોલ નોબત શરણાઈ રે મોરે૦૧
મોતીન ચોક પુરાવો ગાવો, સબ સોહાગન આઈ રે મોરે૦૨
કરો મનોરથ મનકો પૂરો,નિરખો શ્યામ સુખદાઈ રે મોરે૦૩
શ્રી ઘનશ્યામ મનોહર સુંદર, શોભા કહી નવ જાઈ રે મોરે૦૪
કોટી રતિપતિ વારું રોમપર, ઉપમાં બઢતર નાઈ રે મોરે૦૫
અવિલોકી અંતરમે રાખો, સુંદર વર સુરરાઈ રે મોરે૦૬
પ્રેમાનંદ ભયો કૃતારથ, પ્રગટ હરિ ગુણ ગાઈ રે મોરે૦૭

## કીર્તન - (૨૫) રાગ : ગોડી

મોરલી વાજે રે મીઠી મોરલી રે વાજે,
સાંભળને શ્યામળીયાજીની મોરલી રે વાજે...ટેક
મીઠે સ્વરે મોહનજીની મોરલી રે વાજે,
સાંભળવાને સૈયર મારૂં દિલડુ રે દાજે ...મોરલી. ૧
આવે રે અલબેલો વિંટયા ગોવાળે ઝાઝે,
ગાતા આવે ગિરિધર સુંદર સમાજે ...મોરલી. ૨
મોર મુગટને કાને કુંડળ વનમાળા રાજે,
નંદ કુવરને નિરખી કોટી કંદર્પ લાજે ...મોરલી. ૩
પીતાંબરની પલવટવાળી છત્ર શીર છાજે,
પ્રેમાનંદનો વાલો ચાલો જોવાને કાજે ...મોરલી. ૪

## કીર્તન - (૨૬) રાગ : સોરઠ

રંગભીના રે શ્યામળીયા આવો ઝુલીયે રે રંગ....
બાંધુ ફુલ હીંડોળો પ્યારા, પહેરાવું પટ ભૂષણ સારા;
નંદકુંવર તમને નીરખીને ફુલીયે રે૦ ...૧

ચરચું ચંદન ખોર છબીલા, નૌતમ રીતે શું રંગીલા;
ચાંદલીયો કરવા ઉભી કંકુલીયે રે૦ ...૨
જરકસીયા પહેરો હરિ જામા, આવો છેલછબીલા સામા;
ચિતડું ચોરો બાંધી પાઘ અમુલીયે રે૦ ...૩
અલબેલા ઉરમા લખી રાખુ, તન મન તમ પર વારી નાખું;
પ્રેમાનંદ કહે આ અવસર નહી ભૂલીયે રે૦ ...૪

## કીર્તન - (૨૭) રાગ : ગરબી

લટકાળા, લે'રી પધારો લટકાળા લે'રી; પધારો ...ટેક૦
શેરી વળાવીને સજજ કરાવી, ફૂલડાં મેલ્યાં વેરી પધારો૦ ...૧
પ્રીત કરી જગજીવન જામા, જરકસીયા પેરી; પધારો૦ ...૨
પાલખીયે બેસીને પધારો, હરિવર મારી શેરી પધારો૦ ...૩
વાજા વાગે ઓછવ થાયે, ઝાલર્યું ઝણણેરી; પધારો૦ ...૪
ઉભી વધાવા થાળ ભરીને, ગજ મોતી કેરી, પધારો૦ ...૫
પ્રેમાનંદ આનંદ અતિશે, સુંદર મુખે હેરી; પધારો૦ ...૬

## કીર્તન - (૨૮) રાગ : ગરબી

વડતાલની ફુલવાડીયે રે હિંડોળો આંબાની ડાળ.
બાંધ્યો આંબલીયા ડાળ, વાલો મારો હીચે હીંડોળો આંબાની ડાળ.
સોનાને સાંકળે બાંધ્યો રે હીં. રૂપકડા બેચાર, વાલો૦ ૧
મખમલ ગાદલાં નાખ્યાં રે, હીં. અતલસના ઓછાડ, વાલો૦ ૨
ટેકે રે તકીયા મેલ્યા રે હીં. ગાલ મસુરીયા દાર, વાલો૦ ૩
જરકસી જામા પેર્યા રે હીં. શેલામાં સોનેરી તાર, વાલો૦ ૪
બાંયે બાજુ બંધ બેરખારે હીં. હૈયે હજારી હાર, વાલો૦ ૫
પાયે તે નેપુર શોભતાં રે હીં. ઝાંઝરનો ઝણકાર, વાલો૦ ૬
પાયે પિરોજી મોજડી રે હીં. ચાલે ચટકતી ચાલ, વાલો૦ ૭
બાંધ્યો હીંડોળો બાર બારણે હીં, કનક જડ્યા કમાડ, વાલો૦ ૮
બાર સ્વરૂપે બિરાજતા રે હીં, સહજાનંદ ભગવાન, વાલો૦ ૯
આનંદસ્વામી આરતિ ઉતારતા રે હીં. પ્રેમાનંદ બલિહાર,વાલો૦૧૦

## કીર્તન - (૨૯) રાગ : ધોળ

હાંરે હરિકૃષ્ણ હૈયાનો મારે હાર છે;
જીહો જોઈને જીવુ છું. સુંદર મૂરતિ રે...ટેક૦
હાંરે મારાં નેણાં તણો શણગાર છે;
જી હો અળગો ન મેલું હવે ઉરથી રે...૧

હાંરે મારુ ચિતડું ચોરાણું એની ચાલમાં;
હાંરે હું તો વશ થઈ છું એના વાલમાં જી હો...૨
હાંરે મારા ઉરમાં ખુંત્યો છે છેડો પાઘનો;
હાંરે કાંઈ પાર નહીં મારા ભાગ્યનો જી હો...૩
હાંરે હું તો દાસી છું કૃપાનિધાનની;
હાંરે મને ચાવીને આપી છે બીડી પાનની જી હો...૪
હાંરે દયા હેતનો ભર્યો છે અલબેલડો;
હાંરે પ્રેમાનંદનો વાલો રંગ છેલડો જી હો...૫

## કીર્તન - (૩૦) રાગ : માઢ પદઃ ૧

માણકીએ ચડયા રે મોહન વનમાળી, શોભે રૂડી કરમાં લગામ રૂપાળી...
માણીગર સૌને કહે છે થાઓ ત્યાર, મુનિ વરણી પદાતીને અસવાર,
વ્રતપુરી જાવા કર્યો નિરધાર... માણકીએ -૦૧.
કેસર બે'રી બોદલીને ફુલમાળ, તાજણ તીખી વાંગળીનો ઘણો તાલ,
શોભે ઘણા વાલા લાગે છે મરાળ... માણકીએ-૦૨.
પ્રેમીભક્ત વિનંતિ કરે દોડી દોડી, લોહચુંમક તુલ્ય વૃત્તિ મૂરતિમાં જોડી,
નથી જાતી દરબારમાંથી ઘોડી... માણકીએ-૦૩.
આજ્ઞા આપો અમે જઈએ વ્રતપુરી, જાઓ પ્રભુ રામનવમી નથી દુરી,
સેવક દાસ ''પ્રેમાનંદ'' હજુરી... માણકીએ-૦૪.

## કીર્તન - (૩૧) પદ-૨

સવારે ગોમતી ગયા ભગવાન, રટે ત્રણ લોક નારાયણ નામ...સવારે
આજ રામનવમી જનનો હિલોળ, સત્સંગી સર્વે કરે છે કિલોલ;
ગાન તાન ઉત્સવ ઝાંઝ ઝકોળ..સવારે૦ ૧
આવ્યા હેલી મંદિરમાં મતવાલો, સંતસભા મધ્યે શોભે ધર્મલાલો;
સત્સંગી પૂજા કરવાને ચાલો..સવારે૦ ૨
પૂજા કરી આરતી ભક્ત ઉતારે, સંતસભા મૂર્તિ અંતરમાં ધારે;
રઢિયાળો લટકાં કરીને રીઝાવે..સવારે૦ ૩
દસ દિવસ જમી જમાડી સીધાવ્યા, વ્રતપુરવાસી ગઢપુર આવ્યા;
પ્રેમાનંદ કહે મોંઘે મોતીડે વધાવ્યા..સવારે૦ ૪

## કીર્તન - (૩૨) રાગ : ગરબી

શ્યામ પધારો ઘનશ્યામ પધારો, શ્યામ પધારો ફુલવાડિયે રે૦ ઘન...
ફુલડા ભરીને બાંધ્યો ફુલ હિંડોળો, હરિવર હેતે ઝુલાડિયે રે૦ ઘન...
પ્રીતડી કરીને બહું પાક બનાવ્યા, જીવન જુગતે જમાડીયે રે૦ ઘન...
ફુલોના હાર તોરા ગજરા પહેરાવીયે, ફુલની પછેડી ઓઢાડીયે રે૦ ઘન...
"પ્રેમાનંદ" કહે ગાઈ ગુણ તમારા, તાલ મૃદંગ બજાડીએ રે૦ ઘન...

## કીર્તન - (૩૩) રાગ : માલકોશ

આજ બંગલે મેં ઘુંઘરૂ બાજે,
બ્રિન્દાવનકી કુંજમે બંગલા, તહાં રાધેશ્યામ બિરાજે૦ આજ
બાજત મૃદંગ ગત ગાવત ગોપીગન, થેઈ થેઈ હોત સમાજે૦ આજ
નાચત સુંદર શ્યામ રાધિકા, નીરખી રતિપતિ લાજે૦ આજ
“પ્રેમાનંદ” ઘનશ્યામ સુંદર છબી, અવિલોકીત દુઃખ ભાજે૦ આજ

## કીર્તન - (૩૪) રાગ : બિહાગ

હિંડોરનામે હોરે હોરે ઝુલો મહારાજ,
છેલ ઝુલાવું રતન હિંડોરે સુફલ કરુ સબકાજ૦ ૧
ઝરમર ઝરમર મેહા બરસે ગરજે ગગન ઘનગાજ,
દાદુર મોર બપૈયા બોલત, આનંદ છાયો આજ૦ ૨
તુમ ઝુલો હું ગાઉ હિંડોરા, કરીકે સુભગ સમાજ,
થેઈ તાતા થેઈ તાતા તાન મીલાવું, બાજત તાલ પખાજ૦ ૩
યહ છબી નીરખી નાથ તુમ્હારી, મદન ભયો હતલાજ,
ગોપીનાથ રહો નેનનમેં “પ્રેમાનંદ” શિરતાજ૦ ૪

## કીર્તન - (૩૫) રાગ : ગરબી

ધર્મકુંવર હરિકૃષ્ણની રે, મૂરતિ મારે મનમાની;
જીવન જોયા લાગ છે રે -ટેક૦
તરૂણ મનોહર મૂરતિ રે, રેખા ઉઠે નાની નાની - જીવન૦ ૧
મસ્તક મુગટ જડાવનો રે, કુંડલ મકરાકાર - જીવન૦ ૨
કેસર તિલક લલાટમાં રે, જોઈ જોઈ વાધે પ્યાર - જીવન૦ ૩
ઉરમાં અનુપમ ઉતરી રે, કંચન કેરી અનુપ - જીવન૦ ૪
રતને જડિત બાજુ બાંધીયા રે, સુર નર મુનિને ભૂપ - જીવન૦ ૫
વેઢ વિંટિયું કડાં સાંકળાં રે, શોભે છે કરવર માંય - જીવન૦ ૬
"પ્રેમાનંદ" છબી ઉપરે રે, તન મન ધન બલજાય - જીવન૦ ૭

## કીર્તન - (૩૬) રાગ : પરજ

સોનેરી મોળિયું સુંદર સોનેરી મોળિયું,(૨) ધર્મકુંવરનું;
મોતીડે મોળિયું સુંદર મોતીડે મોળિયુંરે,(૨) રસીક સુંદરનું૦ ૧
ભાલ વિશાળમાં સુંદર ભાલ વિશાળમાં,(૨) તિલક કેશરનું;
ભ્રકુટી સુંદર જાણીયે ભ્રકુટી સુંદરરે,(૨) ધર મધુકરનું૦ ૨

કરણે કુંડલિયા કાજુ કરણે કુંડલિયારે, (૨) જડીયલ મોતિયે;
ગોળ કપોળમાં ઝળકે ગોળ કપોળમાંરે, (૨) ઝળળળ જ્યોતિયે૦ ૩
નેણાં રંગીલાં લાલ નેણાં રંગીલા રે, (૨) લાલ કમળની પાંખડી;
પ્રેમાનંદ નિરખી છબી પ્રેમાનંદ નિરખીરે, (૨) ઠરી છે આંખડી૦ ૪

## કીર્તન - (૩૭) રાગ : ગરબી

સખી ચાલો જઈએ વરતાલ રે, રણછોડરાય જોવા;
આજ મુગટ ધર્યો છે નંદલાલ રે, રણછોડરાય જોવા. ટેક. ૧
સખી આજ પૂનમો દન રે, રણછોડ૦
વાલો જઈએ જોવા જીવન રે. રણછોડ૦ ૨
પહેર્યા જરકસી જામા શ્યામ રે, રણછોડ૦
ધર્યો મુગટ વાલે છબીધામ રે. રણછોડ૦ ૩
જોઈ કેસર તિલક વાધે પ્યાર રે, રણછોડ૦
કાને કુંડળ મકરાકાર રે. રણછોડ૦ ૪
પહેર્યા આભૂષણ અતિસાર રે, રણછોડ૦
જોય પ્રેમાનંદ બલિહાર રે. રણછોડ૦ ૫

## કીર્તન - (૩૮) રાગ : ગરબી

ધન્ય પુનમિયા નરનાર રે, આવે વરતાલે;
એના પુણ્યતણો નહિ પાર રે, આવે વરતાલે. ટેક. ૧
એક ડગલે જગનફળ થાય રે, આવે૦
એનાં જનમ મરણ દુઃખ જાય રે. આવે૦ ૨
થાયે સુત વિત્ત સુખ જાયે રોગ રે, આવે૦
પામે મનવાંછિત બહુ ભોગ રે. આવે૦ ૩
જે નિર્વાસનિક હરિજન રે, આવે૦
એનું પ્રભુપદ ચોટે મન રે. આવે૦ ૪
હરિજન સહુ સમજી એમ રે, આવે૦
પ્રેમાનંદ કે' ન ત્યાગવાં નેમ રે. આવે૦ ૫

## કીર્તન - (૩૯) રાગ : ગરબી

તમારી મૂરતિ વિના મારા નાથ રે, બીજુ મને આપશોમાં, ..બીજુ. ટેક૦
હું તો એજ માગું જોડી હાથ રે, બીજુ મને આપશોમાં,..બીજુ૦૧
આપો તમારા જનોનો સંગરે, મારા જીવમાં એ જ ઉમંગ રે,..બીજુ૦૨
મારા ઉરમાં કરો નિવાસ રે, મને રાખો રસિયા તમ પાસ રે,..બીજુ૦૩
એ જ અરજી દયાનિધિ દેવ રે, આપો ચરણ કમળની સેવ રે,..બીજુ૦૪
કરો ઈતર વાસના દુર રે, રાખો પ્રેમાનંદને હજુર રે,..બીજુ૦૫

## કીર્તન - (૪૦) રાગ : પરજ પદ-૧

નેણામાં રાખું રે નેણામાં રાખું રે નાથજીને,
જતન કરીને રે મારાં નેણામાં રાખું.. ટેક૦
શિવ સનકાદિક શુક જેવા જોગી,
હાંરે જેની વાટું જુવે છે લાખું રે.. નાથ૦ ૧
છેલ છબિલાજીની મૂરતિ ઉપર,
હાંરે મારા પ્રાણ વારી વારી નાખું૦ ૨
નયણે નિરખી હરિને ઉરમાં ઉતારું,
હાંરે એના ગુણલા નિશદીન ભાખું રે..નાથ૦ ૩
પ્રેમાનંદ કહે હરિરસ અમૃત,
હાંરે હું તો પ્રેમ કરી નિત્ય ચાખું રે..નાથ૦ ૩

## કીર્તન - (૪૧) પદ-૨

આવાને આવા રે આવાને આવા રે રહેજો મારી,
આંખલડીમાં રે આવાને આવા રે.. ટેક૦
આવાને આવા મારા નાથ બિરાજો,
હાંરે મારા તનના તાપ બુઝાવા રે..રે'જો૦ ૧

ડોલરીયાના નિત્ય હાર પેરાવું,
હાંરે રુડા તોરા લાવું લટકાવા રે..રે'જો૦ ૨
અમૃત વેણે સુકોમળ નેણે,
હારે અતિ અમૃત ઝડી વરસાવા રે..રે'જો૦ ૩
પ્રેમાનંદ કહે નાથજી આગે,
હાંરે રહું હાજર નિશદીન ગાવા રે..રે'જો૦ ૪

## કીર્તન - (૪૨) રાગ : ગરબી

આવો રાજીવ લોચન રંગ રસિયા,
જોઉં સુંદર મુખ પૂરન શશિયા,
નથી વિસરતો મુખ મરકલડો,
તમે મુજ સામું જોઈને હસિયા - આ૦ ૧
નથી વિસરતાં દર્શન દીધાં તમે,
જામા પહેરી જરકસિયા - આ૦ ૨
તમે કરતાં લટકાં હાથ તણાં,
એમના એમ અંતરમાં વસિયા - આ૦ ૩
પ્રેમાનંદકે' બીજું કોઈ નવ જાણે,
એમ અવિગત અંતરમાં વસિયા - આ૦ ૪

## કીર્તન - (૪૩) રાગ : રેખતા

દીખલા દિદાર પ્યારા, મહેબુબ હમારા.દિખલા..ટેક૦
માશુક જરા જ દેના, નેનોકા નજારા;
ઈતને મેં તો હોવેગા, આશકુંદ ગુઝારા....દીખલા૦ ૧
કુરબાન કિયા તેરે નામ પર, ઘરબાર સંસારા;
ફકીરી લેકે ફીરતાહું કરનેકું દિદારા....દીખલા૦ ૨
તકસીર માફ કરના, સૂન સરજનહારા;
પ્રેમાનંદકુ મુલાકાત દેના, નંદ દુલારા....દીખલા૦ ૩

## કીર્તન - (૪૪) રાગ : ઠુમરી

કૈસે જાઉં પનિયાં રોક્યો પનઘટવા- કૈસે૦
ખાંધે કામરિયા ને હાથ લટુકિયાં
બાંસુરી બજાવે ઠાડો જમુનાકે તટવા....કૈસે૦ ૧
મોર મુગટ બનમાલ બિરાજે,
બાંધે બાજુબંધ ભુજ પહેરે પીતપટવા....કૈસે૦ ૨
ભૂષન બસન મનોહર પેરે,
ગાવત હે નીકી તાન નાચત જ્યું નટવા....કૈસે૦ ૩
ગ્વાલ-બાલ સંગ બિહરત બનમેં,
પ્રેમાનંદ દેખે છબી ભવદુઃખ મટવા....કૈસે૦ ૪

## કીર્તન - (૪૫) રાગ : ગરબી

સજની શ્રીજી મુજને સાંભર્યા રે, હૈડે હરખ રહ્યો ઉભરાય...સજની
નેણે આંસુની ધારા વહે રે, વિરહે મનડું વ્યાકુળ થાય...સજની
સુંદર મૂર્તિ શ્રી મહારાજની રે,સુંદર કમળ સરખાં નેણ...સજની
સુંદર કરતા લટકાં હાથનાં રે, સુંદર અમૃત સરીખાં વેણ...સજની
શી કહું શોભા અંગોઅંગ તણી રે, નીરખી લાજે કોટિક કામ...સજની
હસતાં હસતાં હેત વધારતાં રે, એવા સુખ નિધિ શ્રી ઘનશ્યામ...સજની
સદા શ્વેતાબંર શ્રીજી ધારતા રે, અંબર જરકસિયા કોઈ વાર...સજની
ગુચ્છ કલંગી તોરા ખોસતા રે, ગજરા, બાજુ ગુલાબી હાર...સજની
એ છબી જોવા તલખે આંખડી રે, મધુરાં વચન સાંભળવા કાન...સજની
એ હરિ મળવાને હૈડું તપે રે, પ્રેમાનંદના જીવન પ્રાણ...સજની

## કીર્તન - (૪૬) રાગ : ગરબી ધોળ

મારે સ્વામિનારાયણ ભજવા રે, દૂરિજનીયાના સંગને તજવા રે.મારે.! ટેક૦
મેતો મેલ્યો સંસારીયો માડી, જોવા સ્વામિનારાયણ દા'ડી૦૧
મને સ્વામિનારાયણ ભાવે, લોક સ્વામીની કહીને બોલાવે૦૨
વાટે ઘાટેને જાતા વળતા, સ્વામિનારાયણ શ્રવણે સાંભળતાં૦૩
મુખે સ્વામિનારાયણ ગાઉં, લોક લાજ થકી ન લજાઉં૦૪
પ્રેમસખી કે સ્વામીને સારૂં, કુરબાન કર્યું શિર મારૂં૦૫

## કીર્તન - (૪૭) રાગ : માઢ

પધારોને સહજાનંદજી હો, ગુન્હા કરીને માફ - ટેક૦
પ્રણામ છે ધર્મ તાતને, ભક્તિ માતાને પ્રણામ;
પ્રણામ છે જેષ્ટ ભ્રાતને, ઈચ્છારામને પ્રણામ રે હો - ગુન્હા૦ ૧
પતિ મેલ્યા પિયુ તમ કારણે, મેલી કુળ મરજાદ;
માતપિતા મુક્યાં છે સ્વામી, એક તમારે કાજ રે હો - ગુન્હા૦ ૨
ગરુડ તજીને પાળા પધાર્યા, ગજ સારૂં મહારાજ;
એવી રીતે તમે આવો દયાળુ, કરવા અમારાં કાજ રે હો - ગુન્હા૦ ૩
અમ જેવા પ્રભુ તમને ઘણા, પણ તમો અમારે એક;
પ્રેમસખી વિનંતિ કરે છે, રાખો અમારી ટેક રે હો-ગુન્હા૦ ૪

## કીર્તન - (૪૮) રાગ : ગરબી

સખી આજ મોહન દીઠારે, શેરીએ આવતા રે;
મોરલીમાં ગીત મધુરાં રે, ચાલ્યા આવે ગાવતા રે ...૧
આવે વાલો હસતા ને રમતા રે, ગોવાળોનાં સાથમાં રે;
ઉછળતા આવે મોહન રે, ફુલદડી હાથમાં રે ...૨

રંગડાનો રાતો માતો રે, ચાલ્યો આવે શોખમાં રે;
રસિયો જોવાને કાજે રે, ઉભી છું ગોખમાં રે ...૩
મોહનજીનું મુખડું જોયું રે, ઘુંઘટની ઓટમાં રે;
જોઈને ઘાયલ થઈ છું રે, નેણાં કેરી ચોટમાં રે ...૪
હૈયા પર હાર ઝળકે રે, રહ્યું મન મોહીને રે;
પ્રેમસખીના નાથને રે, રહું છું જોઈને રે ...૫

## કીર્તન - (૪૯) રાગ : બિહાગ

બીસર ન જાજો મેરે મીત, યહ વર માગું નીત-બી૦ ટેક૦
મેં મતિમંદ કછું નહીં જાનું, નહીં કછું તુમસે હીત;
બાંય ગ્રહેકી લાજ હે તુમકું, તુમ સંગ મેરી જીત-બી૦ ૧
તુમ રીઝો એસો ગુન નાહીં, અવગુનકી હું ભીત;
અવગુન જાની બિસારોગે જીવન, હોવહું બહુત ફજીત-બી૦ ૨
મેરે દ્રઢ ભરોસો જીયમે, તજીહો ન મોહન પ્રીત;
જન અવગુન પ્રભુ માનત નાહીં, યેહી પૂરવકી રીત-બી૦ ૩
દીનબંધુ અતિ મૃદુલ સુભાઉં, ગાઊં નિશદિન ગીત;
પ્રેમસખી સમજું નહીં ઊંડી, એક ભરોસો ચિત-બી૦ ૪

## કીર્તન - (૫૦) રાગ : ગરબી

મંદિર પધાર્યા સ્વામી રે, સાહેલી મારે મંદિર પધાર્યા સ્વામી;
દુ:ખ સર્વે દુર વામી રે... સાહેલી.ટેક
કપૂરે આરતિ કરી, મોતીડાનો થાળ ભરી;
વધાવ્યા અંતરજામી રે ... સાહેલી.૧
પહેરાવ્યાં ચંપાના હાર, પગે લાગી વારંવાર;
ચરણે મસ્તક નામી રે ... સાહેલી.૨
સેજડી સંવારી ખાંતે, ભોજનીયાં રાંધ્યા છે ભાતે;
નોતર્યા અક્ષરધામી રે... સાહેલી.૩
વ્યંજનથાળ આગે ધરી, પ્રીત શું જમાડયા હરિ,
હવે મારે ન રહી ખામી રે.... સાહેલી.૪
જમીને ઉઠયા દયાળ, પ્રેમસખીને આપ્યો થાળ,
અંગોઅંગ આનંદ પામી રે... સાહેલી.૫

## કીર્તન - (૫૧) રાગ : ગરબી

લટકાળા તારે લટકે રે, લેરખડા હું લોભાણી;
વાંસલડી કેરે કટકે રે, ચિત્તડાને લીધું તાણી -૦૧

છોગલિયું તારૂં છેલા રે, આવી અટક્યું અંતરમા;
વણ દિઠે રંગના રેલા રે, બેઠી અકળાઉં ઘરમાં - ૦૨
રાતી આંખલડીની રેખું રે, મનડામાં ખૂંતી મારે;
ડોલરિયા હું નવ દેખું રે, જંપ નથી થાતો ત્યારે - ૦૩
મરમાળી મૂરતિ તારી રે, વાલમ મારે ચિત્ત ચડી,
બ્રહ્માનંદના હાર હજારી રે, કેમ કરી મેલું એક ઘડી - ૦૪

## કીર્તન - (૫૨) રાગ : ગરબી

તારે ચટક રંગીલો છેડલો અલબેલા રે,
કાંઈ નવલ કસુંબી પાઘ રંગના રેલા રે, ટેક૦
શિર અજબ કલંગી શોભતી-અલ૦ હૈડામાં રાખ્યા લાગ - રંગ ૦૧
મોળીડું છાયું મોતીએ-અલ૦ ફુલડાંની સુંદર ફોર-રંગ ૦૨
ઘેરે રંગે ગુચ્છ ગુલાબના-અલ૦ જોઈ ભ્રમર ભમે તે ઠોર-રંગ ૦૩
તારી પાઘડલીના પેચમાં-અલ૦ મારૂં ચિત્તડું થયું ચકચૂર-રંગ ૦૪
બ્રહ્માનંદ કહે તારી મૂરતિ-અલ૦ વણદીઠે ઘેલી તૂર-રંગ ૦૫

## કીર્તન - (૫૩) રાગ : ગરબી

સખી ગોકુળ ગામના ચોકમાં રે, ખાંતે માંડયો રસીલે ખેલ;
રમે રાસ રંગીલો રંગમાં રે - ટેક૦
ચહુકોરે સખાની મંડળી રે, ઉભા વચમાં છેલો અલબેલ-રમે૦૧
સખી ચાલો ને જઈએ દેખવા રે, વા'લે પહેર્યા છે વસ્ત્ર શોભિત-રમે૦૨
તાળી પાડે રૂપાળી તાનમાં રે, મુખે ગાવે મનોહર ગીત-રમે૦૩
શોભા બની સલૂણા શ્યામની રે, ઉભી વ્રજની નારી જોવા કાજ-રમે૦૪
હસી હેરે છબીલો હેતમાં રે, બ્રહ્માનંદનો વહાલો વ્રજરાજ-રમે૦૫

## કીર્તન - (૫૪) રાગ :

અચરજ માયા તુમ્હારી, અહો પ્રભુ અચરજ માયા તુમ્હારી,
જીસ મેં મોહે સકલ નરનારી...ટેક૦
બ્રહ્મા મોહે શંકર મોહે મોહે ઈન્દ્ર બલકારી,
નારદ મુનિ સનકાદિ મોહે દુનિયા કોન બિચારી...૦૧
યોગ કરંતે યોગી મોહે બનમે મોહે તપધારી,
વેદ પઢંતે પંડિત મોહે ભૂલ ગયે શુદ્ધિ સારી ...૦૨

પંચ વિષયકી ઝાલ બિછાઈ બંધન રચીયા ભારી,
લાલચ મેં સબ જીવ ફસાયે નિકલકી નહીં બારી...૦૩
જીસ પર કીરપા હોય તુમ્હારી, સોજન ઉતરે પારી,
બ્રહ્માનંદ શરનમે આયો લીજીએ મોહે ઉગારી...૦૪

## કીર્તન - (૫૫) રાગ : કાફી

કાનુડા કેડે ફરવું રે, કોઈથી ન ડરવું - કાનું૦
દુરિજન લોક દુર્ભાષણ બોલે, તે હૈડે નવ ધરવું રે - કોઈ૦
સગા કુટુંબી સરવે સંગાથે, હેતલડું પરહરવું રે - કોઈ૦
સંસારીથી સગપણ તોડી, કાનકુંવરથી કરવું રે - કોઈ૦
બ્રહ્માનંદ કે' મન કર્મ વચને, વ્રજજીવનને વરવું રે - કોઈ૦

## કીર્તન - (૫૬) રાગ : ગરબી પદ-૧

સોનાના બોર ઝુલે નંદકિશોર, પ્યારાને પારણે સોનાના બોર;
હીરા માણેક બહુ જડિયાં પારણીયે, કાજુ શોભે છે રૂડી મોતીડાની કોર. ૦૧
કોઈક કાનાને નેણે સારે કાજળિયું, કોઈક બનાવે રૂડી કસ્તુરીની ખોર. ૦૨
હીલો ગાવેને માતા હરિને ઝુલાવે, હાથે ગ્રહી છે રૂડી હીરલાની દોર. ૦૩
"બ્રહ્માનંદ" કહે મુખ રસિયા વા'લમનું, ગોપી જુવે છે જેમ ચંદ્ર ચકોર. ૦૪

## કીર્તન - (૫૭) પદ-૨

ધર્મકુમાર મારા હૈડાના હાર, ઝુલે પારણીયે ધર્મકુમાર;
કંકુડા વરણું કહાન કુંવરનું મુખડું, જોઈને મોહી છે વ્રજડાની નાર. ૦૧
કોડે કોડે રે ઝાઝું હેત કરીને, લૂણ ઉતારે માતા વારમવાર. ૦૨
હીલો ગાવે ને ગોપી હરિને ઝુલાવે, ભીડ મચી છે નંદજીને દ્વાર. ૦૩
''બ્રહ્માનંદ''નો વા'લો લટકાળો લાલો,અજબ રંગીલો છેલો પ્રાણ આધાર. ૦૪

## કીર્તન - (૫૮) રાગ : કાફી પદ-૧

આજ મેં તો ભેટયા રે, અંકભર પ્રગટ હરિ,
આનંદ ઉદીયો રે, નિરખી નજર ઠરી,૦ટેક
ધન્ય સખી દીન આજનો, વળી ધન્ય મુહરત ધન્ય વાર,
કરૂણાનિધિ મુજ કારણે, મારે મંદિર પધાર્યા મોરાર,
દુર્બલ જાણી રે, મુજપર મહેર કરી - આ૦... ૧
સ્વ ઈચ્છા આવ્યા ચાલીને, આગુની ઓળખાણ,
તન મન ધન મોહન છબી ઉપર, કરી નાખું કુરબાણ,
અઢળક ઢળીયા રે સખી મુને અભર ભરી - આ૦... ૨

હું સૂતીતી ભર નિદ્રામાં, જગવી શ્યામ જરૂર,
ભેટતા અંતરથી ભાગ્યું, મોહ માયાનું પૂર,
અંખિયા ઉઘડી રે, થઈ છે ખબર ખરી - આ૦... ૩
સુંદર શ્યામ મનોહર સુરત, મૂરતિ બેઉ સમાન,
બ્રહ્માનંદ થઈ છું રસબસ, દેખંતાં ગુલતાન,
શંકા મેટી રે, હું તો વર અમર વરી - આ૦... ૪

## કીર્તન - (૫૯) પદ-૧

માવા તારી મૂર્તિમાં હું તો મોહી મોહી રે...ટેક૦
તમ વિના નાથ ત્રિલોકમાંહી, વાલું બીજું નથી કોઈ કોઈ રે...માવા-૧
કમર કટારો લાગત પ્યારો, જીવું છું છોગલીયું જોઈ જોઈ રે... માવા-૨
મન મોહન તારી નવલ છબીમાં, રહું છું ચિત્તડું પ્રોઈ પ્રોઈ રે... માવા-૩
બ્રહ્માનંદ કહે તમ સારૂં, કુળ મર્યાદા ખોઈ ખોઈ રે... માવા-૪

## કીર્તન - (૬૦) પદ-૧

સુંદર શ્યામળા રે, આવો છોગલાવાળા છેલ,
છોગલાવાળા છેલ, વ્હાલા આવીશ તારે ગેલ...ટેક૦

છેલ છબીલા રંગના રેલા, કેસર ભીના ક્હાન,
સંભળાવો મુને શ્યામ સલુણા, મોરલડીની તાન - સુંદર૦ ૧
મોહન તારી મૂરતિ મારા, નેણામાં રાખીશ;
ભૂધર તારી ચાલ ત્રિભંગી, લાલ કલંગી શીશ - સુદર૦ ૨
તમ વિના રે મારે ઘડી ન ચાલે, પડી પટોળે ભાત;
બ્રહ્માનંદના વાલમા આવી, રહો મારે ઘેર રાત - સુંદર૦ ૩

## કીર્તન - (૬૧) રાગ : કાફી પદ-૧

દિલ લાગ્યા હમારા ફકીરી સે...દિલ
દુનિયાદાર દુઃખી સબ દેખે, રાંક અરુ રાવ દિલગીરીસે...દિલ-૧
તીન તાપ જગવ્યાપ રહ્યો હે, જરતહે મોહ જંજીરીસે...દિલ-૨
પાયા ધન સો રહત ન પાવે, મર ગયા કર કર મેરીસે...દિલ-૩
બ્રહ્માનંદ કહે આનંદ આયે, અદલ બ્રહ્મખમીરી સે...દિલ-૪

## કીર્તન - (૬૨) પદ-૨

મોટો મહિમા રે, જગમાં હરિજનનો;
મોહ નિવારે રે, દુષ્કર આ મનનો....ટેક૦

અગમ અગાધ સ્વરૂપ અગોચર, વદત નેતિ કરી વેદ;
પ્રગટ પ્રમાણ હરિ પુરુષોત્તમ, સાધુ જાનત ભેદ;
વેરો ભાંગે રે, મનકૃત ભિન્ન ભિન્નનો..મોટો૦૧
સાધે પ્રાણ સમાધિ ચડાવે, આસન દૃઢ એકાંત;
મનની ભ્રમણા તબ મીટે, જબ ભેદ બતાવે સંત;
તેને સંગે રે, અધ્યાસ ટળે તનનો..મોટો૦૨
અડસઠ તીર્થ કરી ફરી આવે, દેત વિધિવત દાન;
સતસંગ બિન સમજે નહીં, કોઈ સાચી વાત નિદાન;
સંશય ભાંગે રે, અંતર પાપ પુણ્યનો..મોટો૦૩
શ્રુતિ સ્મૃતિ સબહી મીલ ગાવત,સંત સમાગમસાર;
ભવસાગર તરવાને કારણ, નાવ રચ્યો કીરતાર;
‘‘બ્રહ્માનંદ’’ શરણો રે, ન તજીએ સંત જનનો..મોટો૦૪

## કીર્તન - (૬૩) રાગ : (ગરબી) પદ-૧

આજ મુંને સામે મળ્યો છે અલબેલો,
છોગાવાળો રંગછેલો રે આલી...આજ ટેક૦
મોઘા મૂલીરે પહેરી મોતીડાની માળા;
ભાલ કપોળ કેસરાળા રે આલી...આજ ૧

ગજરા પહેર્યા છે ઘેરા રંગનાં ગુલાબી;
શોભા ત્રિલોક કેરી દાબી રે આલી...આજ ૨
બાજુ કાજુ રે લીધા ફુલડાનાં બાંધી;
ભ્રમર ભમે છે તારા સાંધી રે આલી...આજ ૩
બ્રહ્માનંદનો વ્હાલો રંગડાનો ભરિયો
લઈને હૈયામાં ધરિયો રે આલી..આજ ૪

## કીર્તન - (૬૪) પદ-૨

આજ મારે નંદનો નંદન ઘેર આવ્યા;
મોંઘે મોંઘે મોતીડે વધાવ્યા રે સૈયરો ...ટેક૦
હસીને બોલાવી મુને હેત માંહી હેરી;
ફેટો બાંધેલ સોનેરી રે સૈયરો...આજ. ૧
સોનેરી કોરનું નાખેલ ખંભે શેલું;
રસિયે કીધી છે રંગરેલું રે સૈયરો...આજ. ૨
ફુલડાનાં મેલ્યાં માથે છોગલાં રે ફરતાં;
મને નથી વીસરતાં રે સૈયરો...આજ. ૩
બ્રહ્માનંદના વહાલાથી પ્રીતડી બંધાણી;
મહેણું લીધું છે માથે તાણી રે સૈયરો...આજ. ૪

## કીર્તન - (૬૫) રાગ : ગરબી

મારે આજ પ્રીતમ ઘેર આવશે,
મને હેતે કરીને બોલાવશે જીરે... મારે આજ૦
એના સાથીડાને સાથે લાવશે,
કરી લટકાં તાળી દઈ ગાવશે જીરે... મારે આજ૦ ૧
હરિ હેતે કરીને સામું ભાળશે,
રંગડાની તે રેલું વાળશે જીરે... મારે આજ૦ ૨
કરી ખ્યાલ અલૌકિક ખેલશે,
માથે ફુલડાનાં છોગલાં મેલશે જીરે... મારે આજ૦ ૩
''બ્રહ્માનંદ''નો સ્વામી શ્યામળો,
સુખ દેશે આવીને ઉતાવળો જીરે... મારે આજ૦ ૪

## કીર્તન - (૬૬) રાગ : ગરબી

રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વેક્ષણ ભંગૂર કાચું રે - સગ૦
રે સૌ સાથે પ્રીતિ ટાળી, રે ભાગ્યું મન મિથ્યા ભાળી;
છે વરવા જેવા એક વનમાળી રે - સગ૦ ૧
રે સ્થિર નહિ આવરદા થોડી, રે તુચ્છ જાણી આશા છોડી,
મેં જગના જીવન સાથે જોડી રે - સગ૦ ૨

રે ફોગટ ફેરા નવ ફરીએ, રે પરઘેર પાણી શું ભરીએ,
વરીએ તો નટવરને વરીએ રે - સગ૦ ૩
રે ભૂધર ભેટયા ભય ભાગ્યો, રે સહુ સાથે તોડયો ધાગો
રસિક રંગીલાથી રંગ લાગ્યો રે - સગ૦ ૪
રે એવું જાણીને સગપણ કીધું, રે મેણું તો શિર ઉપર લીધું,
''બ્રહ્માનંદ''નું કારજ સીધું રે - સગ૦ ૫

## કીર્તન - (૬૭) રાગ : ગરબી

વાલા લાગો છો વિશ્વ આધાર રે, સગપણ તમ સાથે;
મેં તો સર્વે મેલ્યો સંસાર રે... સગ૦ ૧
મારા મનમાં વસ્યા છો આવી શ્યામ રે... સગ૦
તમ સારું તજ્યા ધન ધામ રે... સગ૦ ૨
મારું મનડું લોભાણું તમ પાસ રે... સગ૦
મને નથી બીજાની આશ રે... સગ૦ ૩
મારે માથે ધણી છો તમે એક રે... સગ૦
મારી અખંડ નિભાવજો ટેક રે... સગ૦ ૪
મેં તો દેહ ધર્યો છે તમ કાજ રે... સગ૦
તમને જોઈ મોહી છું વ્રજરાજ રે... સગ૦ ૫

હું તો હેતે વેચાણી તમ હાથ રે... સગ૦
છો ''બ્રહ્માનંદ''ના નાથ રે... સગ૦ ૬

## કીર્તન - (૬૮) રાગ : મેવાડી

સહજાનંદ સુખકારી (૨) સહજાનંદ સુખકારી,
સલુણી છબી સહજાનંદ સુખકારી રે-ટેક૦
વેદાંતી અરૂપી કે' છે, ન્યાય અનુમાને લે છે;
તે વહાલો સંતોમાં રે' છે રે - સલુણી૦૧
નિગમ કહે અનુમાને, મુનિવરને નાવે ધ્યાને;
વહાલો તે આ ભીને વાને રે - સલુણી૦૨
સર્વ કરતા સર્વાધારો, સર્વ માંહિ સર્વથી ન્યારો;
પ્રગટ રૂપ તે આ પ્યારો રે - સલુણી૦૩
જગજીવન અંતરજામી, નામ સર્વનો છે નામી;
તે આ બ્રહ્માનંદનો સ્વામી રે - સલુણી૦૪

## કીર્તન - (૬૯) રાગ : ગરબી

હરિજન સાચા રે, જે ઉરમાં હિંમત રાખે,
વિપત્તે વરચી રે, કેદી દીન વચન નવ ભાખે૦ ૧

જગનું સુખદુઃખ રે, માયિક મિથ્યા કરી જાણે,
તન ધન જાતાં રે, અંતરમાં શોક ન આણે૦ ૨
પર ઉપકારી રે, જન પ્રેમ નિયમમાં પૂરા,
દૈહિક દુઃખમાં રે, દાઝે નહિ સાધુ શૂરા૦ ૩
હરિને સમરે રે, નિત્ય અહોનિશ ઉમંગ ભરિયા,
સર્વ તજીને રે, નટનાગર વહાલા કરિયા૦ ૪
''બ્રહ્માનંદ'' કહે રે, એવા હરિજનની બલિહારી,
મસ્તક જાતાં રે, નવ મેલે ટેક વિસારી૦ ૫

## કીર્તન - (૭૦) રાગ : પરજ ખમાચ

વાતલડી રો' ને રાતલડી, વાલા પૂછું એક વાતલડી. ટેક૦
પીતાંબર સાટે મારા પ્રીતમ, સાડી લાવ્યા નવી ભાતડલી.વાલા૦ ૧
મોરલડી લઈને મનમોહન, દીધુ વેલણ કોણે દાતડલી.વાલા૦ ૨
જેને ઘેર રજની તમે જાગ્યા, કોણ હતી તેની જાતડલી.વાલા૦ ૩
બ્રહ્માનંદ કહે સંશય થયો નહીં, ધન્ય છે તમારી છાતડલી.વાલા૦ ૪

## કીર્તન - (૭૧) રાગ : પરજ

તારી મૂરતિ રે, છે જો નેણુનો શણગાર;
નેણુનો શણગાર, મારા હૈડાકેરો હાર. તારી.. ટેક૦
મોહન તારી મૂર્તિ જોઈને, ભુલી છું તન ભાન;
નીરખતાં નજરામાં થઈ છું, ગજરામાં ગુલતાન. તારી૦ ૧
માથે ઝીણી પાઘ મનોહર, સુંદર શ્યામ શરીર;
નથી રહેતી તારૂં રૂપ નિહાળી, વ્રજનારીને ધીર. તારી૦ ૨
બાંય જડાવું બાંધેલ બાજુ, કાજુ નંદકિશોર;
બ્રહ્માનંદ કહે મોહી છું વેણે, નેણે જાદુ જોર. તારી૦ ૩

## કીર્તન - (૭૨) રાગ : લલિતવૃત્તમ્

નમન હું કરૂ વિશ્વપાળને, કરગરી કહું ભક્તિબાળને,
અરજ માહરી ઉરમાં ધરો, વિપત્તિ માહરી શ્રીહરિ હરો,
અવર આશરો માહરે નથી, સર્વ જાણને શું કહું કથી,
કઠણ કાળમાં આપ છો ધણી, સુખદ શામળા મુક્તના મણી,
અમરના પતિ આશ તાહરી, રસિક રાખજો લાજ માહરી,
પ્રણત પાળ છો સર્વના પ્રભુ, દીનદયાળ છો વિશ્વના વિભુ,

વિમળ મૂરતિ ઉરમાં વસો, નજરથી પ્રભુ દુર ના થશો,
અધિક ત્રાસને તોડી નાખજો, “બ્રહ્માનંદ”ને પાસ રાખજો,

## કીર્તન - (૭૩) રાગ : સોહણી

ભલા વે સહજાનંદ કો મેં ઉપાસી, ચરણકમળકો નિવાસી, ભલા.
માતા પિતા બંધુ સહજાનંદ, સહજાનંદ સુખરાશી. ભલા. ૧
સહજાનંદ મનોહર મૂરતિ, નવલ નાથ અવિનાશી. ભલા. ૨
સહજાનંદ વિના કુણ મેટે, કઠણ કાળકી ફાંસી. ભલા. ૩
સહજાનંદ મીલે બ્રહ્માનંદ, કુણ ભ્રમે વન કાશી. ભલા. ૪

## કીર્તન - (૭૪) રાગ : ધોળ

મેં તો સરવે સંગાથે તોડી રે સાહેલી, એક જગના જીવન સાથે જોડી રે સા૦ ૧
શું કરશે પિયર સાસરિયાં રે, મેં તો સમજીને પગલાં ભરિયાં રે સા૦ ૨
મેં તો નિશ્ચે કર્યું મનમાંથી રે, સા. શિર સાટે એ વર કયાંથી રે. સા૦ ૩
પહેલું માથું પાસંગમાં મેલ્યુ રે, સા. પછી વરવાનુ બીડું ઝીલ્યુ રે. સા૦ ૪
હું તો રહું નહિ કોઈની વારી રે, સા. ધાર્યો એક ધણી ગિરિધારી રે. સા૦ ૫
છાની વાત નહી એ ચાવી રે સા. બ્રહ્માનંદના વહાલાની કહાવી રે સા૦ ૬

## કીર્તન - (૭૫) રાગ : ગરબી

તારા મુખની લાવણતા મીઠી રે, મોહન વનમાળી;
એવી ત્રિભુવનમાં નવ દીઠી રે, મૂરતિ મરમાળી.
ચટક રંગીલા તારા મોળીડાને છેડે,
મનડું ડોલે છે કેડે કેડે રે....મોહન૦ ૧
રંગડો જામ્યો છે ફુલડાને તોરે,
ભ્રમર ભમે છે ચહુકોરે રે....મોહન૦ ૨
ભાલ તિલક કેસર કેરૂં રાજે,
મુખ જોઈ શશિયર લાજે રે....મોહન૦ ૩
બ્રહ્માનંદ કહે સરવસ વારું,
રૂપ જોઈને વહાલા તારૂં રે....મોહન૦ ૪

## કીર્તન - (૭૬) રાગ : સોરઠ

રે'જો મારી આંખલડી આગે.... ટેક૦
નીરખી તમને નાથજી, મારી ભૂખડલી ભાગે.... રે'જો૦ ૧
ચમકા કરંતી ચાંખડી રે, કેસરીયે વાઘે;
શીશ કલંગી શોભતી, વાલા જરકસિયે પાઘે.... રે'જો૦ ૨

રસિક સલુણા રાજને, હું તો રીઝી છું રાગે;
જોઈ જોઈ તમને જાદવા, નિત પ્રીતડલી જાગે.... રે'જો૦ ૩
કમર કટારો વાંકડો રે, અતિ પ્યારો લાગે,
અધક્ષણ રોંમા વેગળા, એમ બ્રહ્માનંદ માગે.... રે'જો૦ ૪

## કીર્તન - (૭૭) રાગ : ગરબી

એકલડાં કેમ રે' વાય તમ વિના વા'લાજી, મંદિરીયું ખાવા ધાય-તમ૦૧
હૈયાની કોણ પૂરે હામ-તમ૦ મારે હાથ ન લાગે કામ-તમ૦૨
કોણ માને દીલની વાત-તમ૦ સુખ ના'વે દિને રાત-તમ૦૩
મારે જુગ તુલ રજની જાય-તમ૦ મહાદુઃખ છે હૈયા માંય-તમ૦૪
બ્રહ્માનંદના સ્વામી જાણ-તમ૦ હું કેમ કરી રાખું પ્રાણ-તમ૦૫

## કીર્તન - (૭૮) રાગ : કાફી

રાજ મારે રે મંદિરીયે તમે રહો રહો..રાજ.ટેક૦
દરશ પરશ કેરે દાન કરીને, દુર્મતિ દુબધા દહો દહો..રાજ૦૧
કહાનકુંવર અતિ હેત કરીને, ગુણિયલ બાંહ્યડી ગ્રહો ગ્રહો..રાજ૦૨
જગ જીવન અમને પોતાના જાણી, કહેવું હોય તે કહો કહો..રાજ૦૩
બ્રહ્માનંદના નાથ રંગીલા, અવગુણ અમારા સહો સહો..રાજ૦૪

## કીર્તન - (૭૯) રાગ : ગરબી

અવસર આવ્યો રે કે તમને ભજવાનો,
તનની ઉપાધી રે કે સરવે તજવાનો. ૦૧
ધારુ નહીં માથે રે કે ધણી દેહધારીને,
તમ ઉપર સરવસ રે કે નાખું વારીને. ૦૨
અવતાર ધર્યો છે રે કે તમને વરવાને,
કુળની મરજાદારે કે ખોટી કરવાને. ૦૩
અમૃતરસ મેલી રે કે વિખ હું નહીં ચાખું,
રસિયા તમ વિના રે કે વાલું નહીં રાખું. ૦૪
કરશે શું મુજને રે કે કુડાં લોકડીયાં,
જગજીવન મારે રે કે જીવલડે જડીયા. ૦૫
બ્રહ્માનંદના વાલા રે કે મા જાશો વિસરી,
તન મન ધન સોંપી રે કે થઈ રહી છું તારી. ૦૬

## કીર્તન - (૮૦) પદ-૧

આજનો દિવસ રળિયામણો રે
આવ્યા (૨) પ્રાણનો આધાર રે...ટેક ૦

વ્હેલા વ્હેલા જઈને મારા વ્હાલાને વધાવીએ
વારણા લઈને વારંવાર....૦ ૧
મેં તો ભાવ સહિત હરિને ભાળીયા,
મારે હૈડે તે હરખ ન માય....૦ ૨
મેં તો તોરણ બંધાવ્યા ટોડલે,
સર્વે માનુની મળિ મંગળિયા ગાય....૦ ૩
મેં તો થાળ ભર્યો રે ગજ મોતીયે,
મારા વાલાને વધાવાને કાજ....૦ ૪
આવી ઉભા હેલી રે મારે આંગણે,
રૂપાળો સમરથ મારો નાથ....૦ ૫
મારો જનમ સફળ કર્યો વાલમે,
મારા હૈંડાની પૂરી જોને હામ....૦ ૬
બ્રહ્માનંદના વ્હાલાની ઉપરે,
વારી નાખું હું ધનને ધામ....૦ ૭

## કીર્તન - (૮૧) રાગ : ગરબી

લટકાળો લટકંતો રે આવે, મોહન મોરલી વાતો રે૦ ટેક૦
સખાને સંગે અતિ ઉછરંગે, ગીત મધુરા ગાતો રે૦ લટ.

કેસરીએ વાઘે કસુંબલ પાઘે, કેસર રંગમાં રાતો રે૦ લટ.
ફુલડાના તોરા ગજરા ને ટોપી, ફુલડાને હારે ફુલાતો રે૦ લટ.
નિષ્કુળાનંદનો સ્વામી શામળિયો, આવે અમીરસ પાતો રે૦ લટ.

## કીર્તન - (૮૨) રાગ : પરજ

સ્વામિનારાયણ નામ વ્હાલુ લાગે સ્વામિનારાયણ નામ.. ટેક૦
રાત દિવસ મારા હૃદિયાની ભીંતર,જપીશ આઠું જામ૦... વ્હાલુ૧
ભવજળ તરવા પાર ઉતરવા, ઠરવાનું છે મારે ઠામ૦... વ્હાલુ૨
સર્વોપરી શ્યામ છે નરવીર નામ, સુંદર સુખડાનું ધામ૦... વ્હાલુ૩
નિષ્કુળાનંદના નાથને ભજતા, વારે તેનુ નહી કામ૦... વ્હાલુ૪

## કીર્તન - (૮૩) રાગ : કાફી

સહજાનંદ હરિ, પ્રગટ થયા સહજાનંદ હરિ... ટેક૦
વ્યાસ મુનિએ પૂર્વે જે કહી'તી, તે વાત સાચી કરી... પ્રગટ૦ ૧
કૌશલ દેશમાં પ્રગટયા પોતે, દ્વિજકુળ દેહ ધરી... પ્રગટ૦ ૨
અધર્મ કેરાં મૂળ ઉખાડી, સદ્ધર્મ સ્થાપ્યો ફરી... પ્રગટ૦ ૩
નિષ્કુળાનંદ કહે દુર્ગપુર આવ્યા, નિરખ્યા મેં નેણાં ભરી... પ્રગટ૦ ૪

## કીર્તન - (૮૪) પદ-૧

લાડીલા અમને રે કે લાડ લડાવો છો,
અણ તેડ્યા અમારે રે આંગણીયે આવો છો...૧
હૈયે હેત ઘણું છે રે આંખે ઓળખાયે છે,
સામું જોતા શામળીયા રે ટાઢુ તન થાય છે...૨
મીઠી વાણી મુખની રે કે વહાલ વધારે છે,
સુણતા કાજ મારા રે કે સર્વે સુધારે...૩
હસતું મુખ દેખી રે હૈયું મારું હીસે રે,
અતિ ભાવનું ભરયું રે દલ તારું દીસે રે...૪
અતિ હેત સહિતે રે અમે ઘેર આવો છો,
પ્રેમાધીન પાતળીયા રે, કાન તમે કાવો છો...૫
મોટા મુનિને ધ્યાને રે કે મૂરત્ય નાવે તારી,
કોણ પુન્ય પરતાપે રે કે પ્રિત પિયુ થઈ મારી...૬
મારા મનમાં વિચારું રે દયા દીલ આણી છે,
સુખ આપ્યું શામળીયા રે, દુઃખી દાસી જાણી છે...૭
મેર્ય કરી મોહનજી રે કે માવજી મળ્યા છો,
સ્વામી નિષ્કુળાનંદના રે અઢળ આજ ઢળ્યા છે...૮

## કીર્તન - (૮૫) રાગ : પરજ

મોહનજીને મળવાને, ભૂધરજીને ભેટવાને તલપે છે મારૂ મન.
રાત્રે ન આવે નિંદરા રે, દિવસે ન ભાવે અન્ન ...હો૦ ૧
સૂતા બેઠા જાગતા રે, ભીતરમાંહિ ભજન,
લોચન રહ્યા લલચાઈને રે, જોવાને જીવન ...હો૦ ૨
ઝંખે છે મારો જીવડો રે, વાલાનું જોવા વદન,
દિઠા વિના દાઝે દલડુ રે, કેમ કરી કાઢું દન ...હો૦ ૩
ભૂધરજીને ભેટવા રે, મનસુબો કરે મન,
નિષ્કુળાનંદના નાથશું રે, કયારે લેશું આલિંગન ...હો૦ ૪

## કીર્તન - (૮૬) રાગ : ગરબી

કર પ્રભુ સંગાથે દ્રઢ પ્રીતડી રે,
મરી જાવું મેલીને ધનમાલ;
અંતકાળે સગું નહિ કોઈનું રે - ટેક૦
સંસ્કારે સંબંધી સર્વે મળ્યા રે,
એ છે જુઠી માયા કેરી જાળ. અંત૦ ૧

મારૂં મારૂં કરીને ધન મેળવ્યું રે,
તેમાં તારૂં નથી તલભાર. અંત૦ ૨
સુખ સ્વપ્ના જેવું છે સંસારનું રે,
તેને જાતાં ન લાગે વાર. અંત૦ ૩
માટે સેવે તું સાચા સંતને રે,
તારા ટળશે ત્રિવિધિના તાપ અંત૦ ૪
અતિ મોટા પુરૂષને આશરે રે,
બળે પૂર્વ જનમના પાપ. અંત૦ ૫
એવું સમજીને ભજ ભગવાનને રે,
સુખકારી સદા ઘનશ્યામ. અંત૦ ૬
દેવાનંદનો વા'લો દુઃખ કાપશે રે,
મનવાંછિત પૂરણકામ. અંત૦ ૭

## કીર્તન - (૮૭) રાગ : ગરબી

ભવ સાગરનો પાર ન આવે પ્રભુ વિના રે,
તપ તીરથ વ્રત કરીએ કોટિ ઉપાય રે,
પુણ્ય કરી અમરાપુરનું સુખ પામીએ રે,
અંતે પાછો ફોગટ ફેરો થાય રે, ભવ૦ ૧

માયાની મોટપ તે મિથ્યા જાણજો રે,
નદીએ આવ્યું જેમ પાણીનું પૂર રે,
તેની પેઠે ધન જોબન ને જીવવું રે,
આંક તણાં જેમ ઊડી જાશે તુર રે. ભવ૦ ૨
સગાં કુટુંબ મેલી મરવું એકલું રે,
લખ ચોરાશી ફરવું વારંવાર રે,
પાપતણાં ફળ આગળ તારે આવશે રે,
કરમ કરીને ભરિયા તે કોઠાર રે, ભવ૦ ૩
આજ અમૂલખ માણસનું તન આવિયું રે,
ભજવા સારૂં ભાવ કરી ભગવાન રે,
દેવાનંદ કહે માન તજીને માનજે રે,
વાત વિચારી સારી ચતુર સુજાણ રે, ભવ૦ ૪

## કીર્તન - (૮૮) રાગ : ગરબી

તારી મૂરતિ લાગે છે મને પ્યારી રે શ્રી ઘનશ્યામ હરિ;
રૂડી ચાલ જગતથી ન્યારી રે ... શ્રી૦
ઊંડી નાભિ છે ગોળ ગંભીર રે - શ્રી૦

રૂડા લાગો  છો શ્યામ શરીર રે - શ્રી૦
તારી છાતી ઉપડતી શ્યામ રે - શ્રી૦
છે જો લક્ષ્મી કેરું ધામ રે - શ્રી૦
તારા મુખની શોભા જોઈ રે - શ્રી૦
રાખું અંતરમાં પ્રોઈ રે - શ્રી૦
તારાં નેણાં કમલપર વારી રે - શ્રી૦
મંજુકેશાનંદ બલિહારી રે - શ્રી૦

## કીર્તન - (૮૯) રાગ : ગરબી

પ્રભુ તમ વિના મારૂં કોણ છે, તમે જાણો છો હરિ હરિ-ટેક૦
પરિવારમાં તમે સાર છો, સંસારના આધાર છો;
મારા પ્રાણતણા તમે પ્રાણ છો... તમે૦ ૧
આ લોકમાં તમે આપ છો, પરલોકમાં માબાપ છો;
સર્વે જગતના પ્રતિપાળ છો.... તમે૦ ૨
મારી આશતણા તમે સૂર છો, અતિ કૂડથી તમો દૂર છો;
''મંજુકેશાનંદ''ના નાથ  છો... તમે૦ ૩

## કીર્તન - (૯૦) પદ-૧

સોહત હરિ સહજાનંદ ધર્મ વર્મ પ્યારે,
નૂતન ઘન નીલ બરન કોટી મદન માન હરન,
પાવન તન શ્વેત બસન મોહનવર ધારે૦...૧
શ્વેત પાઘ છબી અથાગ નિરખત અનુરાગ જાગ,
રાજત બીચ છોગે જુત દેખત દુઃખ ટારે૦...૨
સુમન શેખર ગુચ્છ હાર ગજરા બાજુ ઉદાર,
તાપર અલી ફહર લેત ગુંજત મતવારે૦...૩
ધર્મલાલ કર રૂમાલ ચલત અતિ ચટકચાલ,
''કૃષ્ણાનંદ'' બાનક પર તન મન ધન વારે૦...૪

## કીર્તન - (૯૧) રાગ : કાફી

અમરના સરદાર હરિ મારા નેણ તણા શણગાર,
નેણતણા શણગાર ગુણવંત માણકીના અસવાર - અમરના૦..૧
માથે ધોળી પાઘ મનોહર, છોગું મુગટ અનુસાર,
ધોળા અંબર તન પર શોભે રૂમાલ ધોળો સાર - અમરના૦..૨

ભાલ વિશાળ તિલક કેસરનું કુમકુમ ચંદ્ર ઉદાર,
કામતણા મદને હરનારી, ભ્રકુટિ ધનુષ આકાર - અમરના૦..૩
દીપ શિખા શુક ચંચુલ ભારી, નાસા નમણી સાર,
દંતછબી જોઈને લાજે છે, અધોમુખ ઝુરે અનાર-અમરના૦..૪
બિંબ નવાંકુર પરવાળાથી સારા અધર અપાર,
"કૃષ્ણાનંદ" કહે મુખ પર વારું, ચંદ્ર સરોજ હજાર-અમરના૦..૫

## કીર્તન - (૯૨) રાગ : ધોળ પદ-૧

આજ સખી આનંદની હેલી,હરિમુખ જોઈને હું થઈ છું રે ઘેલી;
મહારે મુનિનાં ધ્યાનમાં નાવે,તેરે શામળિયોજી મુજને બોલાવે;
જે સુખને ભવ બ્રહ્મા રે ઈચ્છે,તે રે શામળિયોજી મુજને રે પ્રીછે;
ન ગઈ ગંગા ગોદાવરી કાશી,ઘેર બેઠા મળ્યા અક્ષરવાસી;
તપ રે તીર્થમાં હું કંઈ નવ જાણું,સહેજે સહેજે હું તો સુખડાં રે માણું;
જેરામ કહે સ્વામી સહેજે રે મળિયા,વાતની વાતે વાલો અઢળક ઢળિયા;

## કીર્તન - (૯૩) પદ-૨

પૂર્વનું પુણ્ય પ્રગટ થયું જ્યારે, સ્વામિનારાયણ મળિયા રે ત્યારે;
નેણે મોહનવર નીરખ્યા જ્યારે, પૂરણકામ થયું મારૂં ત્યારે;
પ્રેમે કરી મંદિર પધરાવ્યા, શ્યામ સુંદરવર મનડે રે ભાવ્યા;
નીરખી નારાયણ મૂર્તિ જ્યારે, ત્રિવિધ તાપ ટળ્યા મારા ત્યારે;
કેસર ચંદન ચરચ્યું જો ભાલે, હસતાં સુંદર ખાડા પડે છે ગાલે;
કાનુમાં કુંડળ મકરાકાર શોભે, "જેરામ" કહે મન જોઈ જોઈ લોભે.

## કીર્તન - (૯૪) રાગ ઠુમરી પદ-૧

હરિ મીલે બોરસડીકી છૈયાં....ટેક૦
મેં જ્યું ગઈતી જલ ભરનેકું, હસી બોલાઈ મોરી સૈયાં..હરિ૦૧
શ્વેત પાઘ શિર સોહત સુંદર,ફુલ તોરા લટકૈયાં..હરિ૦૨
કેસર તિલક ભાલ બીચ નિરખી, લપકી લપકી પરી પૈયાં..હરિ૦૩
અવધપ્રસાદકે મન હર લીનો,સહજાનંદ સુખ દૈયાં..હરિ૦૪

## કીર્તન - (૯૫) પદ-૨

પ્યારી લાગે મોહનજીકી બતિયાં..ટેક૦
બતિયાં સુનત મેરો મન હરલીનો, કરીકે નેહ દિન રતિયાં..પ્યારી
સુંદર મૂરતિ ધરમકુંવરકી, નિરખી હરખી ઠરી છતિયાં..પ્યારી
લટક લટક હરિ ચાલ ચલત હે, લાજત રતિપતિ અતિયાં..પ્યારી
અવધપ્રસાદકે ચિતમેં ગર ગઈ, ચલત હંસ હરિ ગતિયાં..પ્યારી

## કીર્તન - (૯૬) રાગ : ગરબી

જુઓ જુઓને હાંહાં રે,
જુઓ જુઓને સાહેલીઓ આજ, રસિયો રાસ રમે,
પંચાળામાં, હાં રે પંચાળામાં; શ્રીજીમહારાજ-રસિયો ટેક૦
નિર્મળ રજની છે અજવાળી, નિર્મળ વેલી વન રે;
નિર્મળ મનના નિજ સખામાં, નિર્મળ પ્રાણજીવન-રસિયો૦૧
દીવાની માંડવડી વચ્ચે જાણે દીપક ઝાડ રે;
ફરફર જનમાં ફેરા ફરતાં, કરતાં રસની રાડ-રસિયો૦૨
તાળી પાડે શ્રી વનમાળી, મુનિ સાથે મુનિનાથ રે;
ઈન્દ્રાદિક જોવાને આવ્યા, શિવ બ્રહ્મા સંગાથ-રસિયો૦૩

શ્યામ વર્ણના નિજ શરીરે, સોનેરી શણગાર રે;
ગગન વિશે જેમ વિજળી ઝબકે, શોભે એમ અપાર-રસિયો૦૪
પાઘ વિષે છોગાં છેલાને, કમર કસી કરી જોર રે;
ઊલટ સુલટ નટવર નાચે છે, શ્રીહરિ ધર્મકિશોર-રસિયો૦૫
ઉંચા સ્વરથી તાન ઉપાડે, જન સંગ જીવનપ્રાણ રે;
સારો સ્વર કોઈ સુણી સખાનો, વહાલો કરે વખાણ-રસિયો૦૬
ધીમ ધીમ ધીમ ધીમ દુકડ વાગે, તનનન તનન સિતારરે;
ઝાંઝ વગાડે ઝણણણ ઝણણણ, ભેરીના ભણકાર-રસિયો૦૭
ધન્ય ધન્ય પંચાળાની ધરણી, ધન્ય ધન્ય ઝીણાભાઈ રે;
ધન્ય ધન્ય ધન્ય છે ધર્મકુંવરને, રાસ રમ્યા સુખદાઈ-રસિયો૦૮
પંચાળામાં એવા જનને, આપ્યાં સુખ અપાર રે;
''વિશ્વવિહારીલાલજી' કેરો, ધન્ય ધન્ય આ અવતાર-રસિયો૦૯

## કીર્તન - (૯૭) રાગ : (ગરબી)

મેં નિરખ્યા શ્રી ગઢપુરમાં સુખકારી રે,
મહાગુણીયલ ગોપીનાથ ભવભયહારી રે;
છે શ્યામ શરીરે શોભતા સુખકારી રે;
રાસેશ્વરી રાધા સાથ ભવભયહારી રે-મેં નિરખ્યા ટેક ૦

શીશ મુગટ મણિએ જડ્યો, કુંડળ મકરાકાર ;
નંગ જડિત ઝળકી રહ્યાં હૈડા ઉપર હાર;
હૈડા ઉપર હાર હરિવર હસિયા રે,
મુજ હૃદયકમળની માંહ્ય મોહન વસિયા રે- મેં નિરખ્યા૦ ૧
જામો ઝરિયાની ધર્યો, સોનેરી સુરવાળ,
શેલું બુરાનપુરનું શોભે ખંભે રસાળ;
શોભે ખંભે રસાળ પોંચી હાથે રે,
દશ આંગળીઓમાં વેઢ ધરિયા નાથે રે - મેં નિરખ્યા૦ ૨
ફુલદડો ઉછાળતા, લટકાં કરીને લાલ,
ડાબા કરમાં રેશમી રાજે એક રૂમાલ;
રાજે એક રૂમાલ બંસી વગાડે રે,
પ્રેમી જનને આનંદ પૂર્ણ પમાડે રે - મેં નિરખ્યા૦ ૩
કેડે છે કટિમેખળા, રેશમ નાડી અનુપ,
ચારુ ઝાંઝર ચરણમાં, શોભી રહ્યાં રસરૂપ;
શોભી રહ્યાં રસરૂપ પગ આંગળિયું રે,
જાણે ચળકે છે નખ તેજ ચંદ્રમંડળિયું રે - મેં નિરખ્યા૦ ૪

મરમાળી છે મૂર્તિ, નટવર નંદકિશોર,
વિશ્વ વિહારીલાલજી, કોટિક જન ચિત્તચોર;
કોટિક જન ચિત્તચોર મંગલકારી રે;
હરો આપત્તિ-અલબેલ એહ અમારી રે-મેં નિરખ્યા૦ ૫

## કીર્તન - (૯૮) પદ-૧

શ્રીજી મહારાજ માગું શરણ તમારું;
શરણ તમારું માંગુ, શરણ તમારું..શ્રીજી૦૧
અખંડ છતાં મુરારી, થયા અવતારી;
મનુષ્ય લીલા બતાવી ગુણ શા ઉચ્ચારૂં..શ્રીજી૦૨
પ્રગટ પ્રભુ પ્રીછાન્યા, ધન્ય ભાગ્ય મારાં ;
મળ્યા સહજાનંદ સ્વામી, અધમ ઉધાર્યા..શ્રીજી૦૩
રામરૂપે રાવણ માર્યો, કૃષ્ણરૂપે કંસ સંહાર્યો;
નારાયણનું નામ જ લેતાં, અજામેળ તાર્યો..શ્રીજી૦૪
ગઢડું ગોકુળસમ કીધું, ઘેલા નીર પ્રેમે પીધું;
દાદા ખાચરને દીધું, મોક્ષપદ પ્યારું..શ્રીજી૦૫
ભગવત્સુત કહે છે પ્રીતે, પ્રભુ ભજો રૂડી રીતે;
ભવજળ તરવાનું, નાવ છે આ સારું..શ્રીજી૦૬

## કીર્તન - (૯૯) સ્વામિનારાયણ મંત્ર મહિમા

જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે;
છે નામ મારા શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક ...૧
જો સ્વામિનારાયણ એક વાર, રટે બીજાં નામ રટ્યાં હજાર;
જપ્યા થકી જે ફળ થાય એનું, કરી શકે વર્ણન કોણ તેનું ...૨
ષડક્ષરી મંત્ર મહા સમર્થ, જેથી થશે સિધ્ધ સમસ્ત અર્થ;
સુખી કરે સંકટ સર્વ કાપે, અંતે વળી અક્ષરધામ આપે...૩
ગાયત્રીથી લક્ષ ગણો વિશેષ, જાણેજ જેનો મહિમા મહેશ;
જ્યાં જ્યાં મહામુક્ત જનો વસાય, આ કાળમાં તો જપ એ જ થાય ...૪
જો અંત કાળે શ્રવણે સુણાય, પાપી ઘણો તે પણ મોક્ષ થાય;
તે મંત્રથી ભૂત પિશાચ ભાગે, તે મંત્રથી તો સદ્બુદ્ધિ જાગે ...૫
તે મંત્ર જેના મુખથી જપાય, તેના થકી તો જમ નાશી જાય;
શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે ...૬
ષડક્ષરો છે ષટશાસ્ત્ર સાર, તે તો ઉતારે ભવસિંધુ પાર;
છયે ઋતુમાં દિવસે નિશાયે, સર્વે ક્રિયામાં સમરો સદાયે ...૭
પવિત્ર દેહે અપવિત્ર દેહે, તે નામ નિત્યે સ્મરવું સનેહે;
જળે કરીને તન મેલ જાય, આ નામથી અંતર શુધ્ધ થાય ...૮

જેણે મહાપાપ કર્યા અનંત, જેણે પીડ્યાં બ્રાહ્મણ ધેનુ સંત;
તે સ્વામિનારાયણ નામ લેતાં, લાજી મરે છે મુખથી કહેતાં ...૯
શ્રી સ્વામિનારાયણ નામ સાર, છે પાપને તે પ્રજળાવનાર;
પાપી ઘણું અંતર હોય જેનું, બળ્યા વિના કેમ રહે જ તેનું ...૧૦

# પ્રકીર્ણ

## વિવિધ છંદો

### ધર્મ-ધ્વજ છંદ

ઘોર કલિકાલના દોર છૂટયા અને દુષ્ટતાનું બધે જોર વ્યાપ્યું,
ભક્તિ સદ્ધર્મના માર્ગ રૂંધી દીધા કર્મ નિષ્કામનું મૂળ કાપ્યું,
વેદ સત્શાસ્ત્રના અર્થ અવળા કર્યા - પંડિતે પાપ માર્ગે જઈને,
ધન્ય હો ધર્મધ્વજ રોપિયો એ સમે શ્રી સ્વામિનારાયણે પ્રગટ થઈને - ૧

ધર્મગુરુઓ તજી ધર્મનાં આચરણ-પાપની વૃત્તિઓ પોષતા'તા;
પ્રણત નરનારીનાં શીલને શિયળને - ભ્રષ્ટ કરી શિષ્યને શોષતા'તા,
કષ્ટ બહુ પામતાં દૈવી જીવો સહુ-આસુરીની ઉપાધિ સહિને. ધન્ય - ૨

ઈન્દ્રિયારામના ધામ ધીંગાં બન્યાં-આત્મલક્ષી અતિ કષ્ટ પામ્યાં;
રજ તમે ઘોર ઘમસાણ માંડયાં અરે ! સત્ત્વનાં તત્ત્વ તો સૌ ઉથામ્યાં;
ત્યાગમાં રાગના વિવિધ રંગો ચડયા - યજ્ઞ ને યાગની ઓટ લઈને. ધન્ય - ૩

તપ તપસ્વી ભુલ્યાં વ્યસન વમળે ડૂલ્યાં - દામ ને વામમાં નિત્ય રમતા;
કામ ને ક્રોધ મદ મોહ દ્વેષે ભર્યા - લોભ ને લાલચે ભ્રષ્ટ ભમતા;
મંત્ર ને તંત્રમાં લોકને ગુંચવ્યા -વ્હેમી ઉપદેશ અવળા દઈને. ધન્ય - ૪

જોગી જતિ જંગમો વિવિધ વેશે ફરી-ધર્મના નામથી ધૂતતા'તા;
તાપસી ખાખી અડબંગનાં ઝુંડતો-ત્રાસ દેતાં નહીં ચુકતા'તા,
ઉપરથી સાધુતા ભીતરમાં ભ્રષ્ટતા, કૈંક ફરતા ગુરુદેવ થઈને. ધન્ય - ૫

મંત્ર મૂઠ ચોટ ને કામણો ટુમણો દેવ - દૂગરાં ભૂવા ને ભરાડી;
ભૂત ને પલિત જીન ડાકિણી શાકિણી-પીડતા'તાં પ્રજાને અનાડી,
ઠગ ધુતારા અને જાદુ કીમયાગરા-ડારતા લોકને પેધી જઈને ધન્ય - ૬

દારૂને માંસ ચોરી વ્યભિચાર છળ-દ્યુતની ચડી હતી ખૂબ ભરતી;
ભાંગ ગાંજા તણી ચલમ બહુ ફુંકતી-સાધુડાની ઘણી ફોજ ફરતી,
ભાન ભૂલી હતી ધર્મ ને કર્મનું-આર્યજનતા અધર્મે વહીને. ધન્ય - ૭

## રેણકી છંદ

સરસર પર સઘર અમરતર અનુસર કરકર વરઘર મેલ કરે,
હરિહર સુર અવરઅછર અતિ મનહર ભરભર અતિ ઉર હરખ ભરે;
નિરખત નર પ્રવર પ્રવરગણ નીરજર નિકટ મુકટ શીર સવર નમે,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘુઘર રંગભર સુંદર શ્યામ રમે. જીરેરંગ ૦૧

ઝટપટ પટ ઉલટ પલટ નટવટ ઝટ લટપટ કટઘટ નિપટ લલે,
કોકટ અતિ ઉલટ ત્રુટક ગતિ ઘીનકટ મન ડર મતલટ લપટ મલે;
જમુના તટપ્રગટ અમર અટ રટ જૂટ સુર થટ ખેખટ તેણસમે,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘુઘર રંગભર સુંદર શ્યામ રમે. જીરેરંગ ૦૨

## ત્રિભંગી છંદ

જય નાથ નિરંજન ખલબલ ગંજન, જનભય ભંજન ભગવંતા;
જય જય સુખધામા નિર્મલ નામા, શ્રી ઘનશ્યામા શોભંતા;
જયજય વૃષલાલા મૌત્તિકમાલા કૃષ્ણકૃપાલા સુખકારી;
જય નરતનુધારી વિશ્વવિહારી અજ અવિકારી અસુરારી. ટેક. ૧

જય જય મહારાજા ગરિબનિવાજા સંત સમાજા પદ સેવે;
તવ ગુણ ઉર ધારી શ્રુતિઆકારી કીર્તિ ઉચારિ અજ જેવે;
આ અસુરપ્રમત્તા કાળીયદત્તા ઈતિ નિજસત્તા વિસ્તારી.- જય. ૨

રાવણ રણ રોળ્યો ચાણુર ચોળ્યો ગિરિવર તોળ્યો નાથ તમે;
તેથીપણ ભારી પીડ અમારી શ્યામ વિદારી આજ સમે;
મધુમાંસહારી કૃત્યકારી હતો સુરારી દુઃખ કારી.- જય. ૩

ઈંદ્રાદિક દેવા કહિયે કેવા અજ ભવ જેવા ભય રાખે;
એવો મહાપાપી પ્રૌઢપ્રતાપી મંત્રો જાપી બળ ભાખે;
કર શસ્ત્ર ન ધારી આપ અઘારી દિધો વિદારી ભય ભારી.- જય. ૪

સૌ તીર્થ ફરીને ચરણ ધરીને શુદ્ધ કરીને સુખ આપો;
અસુરોની ટોળી ક્ષિતિમાં ખોળી રણમાં રોળી દુઃખ કાપો;
શ્રુતિમાર્ગ બતાવો જન સમજાવો ધામ રચાવો મન ધારી.- જય. ૫

## હરિગીત છંદ

જેહી નામ આધા ગયંદ સાધા, જલ અગાધા અંતરે,
જબ જુડ ખાધા કરી હાધા, શરણ લાધા અનુસરે;
મીટ ગૈ ઉપાધા મિત્ર માધા, બંધ દાધા ઘા કરી,
જય રમનરાધા મિત્ર માધા, હરન બાધા શ્રીહરિ, જય-૧

વાસુદેવ દ્વારે દેહ ધારે, ભાર ટારે ભોમકે,
સુરકાજ સારે સંત તારે, દ્રેષી મારે હોમકે;
સુરપતિ હંકારે મેઘ વારે, વ્રજ ઉગારે ગીરિધારી. જય -૨

બક લીન પ્રાના શકટ ભાનાં, જગતજાના જો રહે,
વ્રજ હો તુફાનાં વ્યોમ તાનાં, કંઠ ટાના દો રહે;
અતિ સેં મુઝાનાં મૃત્યુ માનાં, કરી બીછાની શીલપરી, જય -૩

રાધા સુગોરી વય કિશોરી, સાંજ ભોરી નીસરે,
તબ આત દોરી અંગ, ખોરી, દાન ચોરી શીર ધરે;
કરી દ્રગ કઠોરી જોર જોરી, બાંહ મોરી બલ કરી. જય-૪

નટવર તરંગી ચાલ ચંગી, નવલ રંગી નાથ જયું,
લટકે કલંગી માનતંગી, જીતજંગી હાથ જયું;
તનતેં ત્રીભંગી ગોપસંગી, ત્રીય ઉમંગી ઈશ્વરી. જય-૫

મુરલી બજૈયા ગોપરૈયા, લારગૈયા બન ફીરે,
બલદેવ ભૈયા સંગ લૈયા, બ્રજ કનૈયા વીચરે;
બલીજાત મૈયા નૃત કરેયા, કહત થૈયા ફરી ફરી, જય-૬

પુતનાં જયું મારી નાથ્યો કારી, ધેનુચારી પ્રીતસેં,
ત્રીયગોપ તારી બ્રજબિહારી, રમન ન્યારી રીતસેં
દ્વિજદેવ નારી સમજ સારી, અસલ યારી અનુસરી, જય-૭

અહિ નાથ્યો કાલા જહરવાલા, રહિત તાલા નૃત કરે,
વિષતોય ટાલા જીયત બાલા હરિકૃપાલ નજજરે;
ગલ ફુલમાલા સંગ ગ્વાલા, બાત લાલા બાંસરી, જય-૮

બ્રજકે બિલાસી પ્રેમ પાસી, વદન હાસી મંદ જયું,
જુધ કે અધ્યાસી દુષ્ટનાસી, જન પ્રકાશી ચંદ્ર જયું;
રસરૂપરાશી નીત હુલાસી, અરણ્યવાસી ત્રીય તારી, જય-૯

પ્રેમીખઝીના રંગભીના, તીલક દીના ભાલ જયું,
વસુ કોપ કીના જાન દીના, રાખી લીના ગ્વાલ જયું;
જયાકેં અધીના લોક તીના, પ્રવીના સરવોપરી, જય-૧૦

વ્રજનાર વાલી મુક્ત માલી, નયન લાલી રેખહે,
ફની દમ્યો કાલી કરી બેહાલી, ત્રીયા ઉતાલી દેખહે;
દ્રહ કીન ખાલી પીર ટાલી ચરિત્ર ભાલી શ્રીવરી, જય-૧૧

વનમેં વિલાસા હો હુલાસા, રમત રાસા રંગમેં,
કુલ દૈત્ય નાસા કરી તમાસા, અતિ ઉજાસા અંગમેં;
મુનિ બ્રહ્મદાસા રખો પાસા, દર્શ આશા ઉર ખરી, જય-૧૨

અષાઢ ઉચારં મેઘ મલારં બની બહારં જલધારમ્
દાદુર ડુકારં મયુર પુકારં તડિતા તારં વિસ્તારમ્
નામ લહિ સંભારં પ્યાસ અપારં નંદકુમારં નીરખ્યારી
કહે રાધે પ્યારી મેં બલિહારી ગોકુલ આવો ગિરધારી

## ધ્યાનાષ્ટક-ચરચરી છંદ

દેખત બડ ભાગ લાગ, પોત સરસ નવલ પાગ;
અંતર અનુરાગ જાગ, છબી અથાગ ભારી,
અતિ વિશાલ તિલક ભાલ, નીરખત જન હો નિહાલ;
ઉન્નત ત્રય રેખ જાલ, કાલ વ્યાલ હારી,
વિલસિત ભૃંહ શ્યામ વંક, ચિંતિત ઉર જાત શંક;
મૃગમદ ભર બીચ પંક, અંક ભ્રમર ગ્યાની,
જય જય ઘનશ્યામ શ્યામ, અંબુજ દ્રગ કૃત ઉદામ;
સુંદર સુખધામ નામ, સાંવરે ગુમાની. જય જય ૦૧

શ્રોન કોન દ્રગ લકીર, તીક્ષણ મનું કામતીર;
નાસા છબી દીપ કીર, ધીર ધ્યાન લાવે,
કુંડલ શુભ શ્રવણ કીન, નૌતમ કૃતિ અતિ નવીન;
મનહું હેમ જુગલ મીન, ચંદ્ર મીલન આવે,

ગુણનીધિ કપોલ ગોર, ચિતવત ચિત્ત લેત ચોર;
તાકે બિચ દછન કોર, જોર તિલ નિશાની. જય જય ૦૨

મંદ મદં મુખ હસંત, દારિમ સમ પંકિત દંત;
સમરત માહંત સંત, ખંત ચંત કરકે,
લોભિત ચિત્ત અધર લાલ, વિલસિત વિદ્રુમ પવાલ;
રાજત અતિશય રસાલ, તાલ બંસી ધરકે,
અંબક ફલ ચિબુક જન, કંબુ સમ કંઠ માન;
ધારત શિવ આદિ ધ્યાન, આન ઉર ન આની. જય જય ૦૩

દીરઘ અતિ દોર ડંડ, મોતીન ભુજબંધ મંડ;
ખલ દલબલ કર વીખંડ, અરિ પ્રચંડ મારે,
હિયપરબન નવલહાર, શોભિત અતિ જલજ સાર;
દેખત જન વારવાર, અઘ અપાર ટારે,
પ્રૌઢ ઉચ્ચ ઉર પ્રથુલ, ફહરે શુભ ગંધ ફુલ;
મનિ ભર નંગ બર અમૂલ, દૂલરી વખાની. જય જય ૦૪

ઉદર તુંગ અતિ અનૂપ, ગુણવત તિલ સામ ગૂપ;
નાભિ માનુ પ્રેમકુપ, રૂપ અજબ રાજે,
શોભિત કદ કટિ પ્રદેશ, કાંચી નંગ જડિત બેસ;

ચિંતત ઉરગેં મુનેશ, અઘ અશેષ ભાંજે,
ઉરૂ અતંત રૂપવાન ગરૂડ પીઠ શોભમાન;
નિજ જન જેહી ધરત ધ્યાન, પ્રાન પ્રેષ્ટ જાની. જય જય ૦૫

જાનું દૌ રૂપવંત, લાલિત કર શ્રી અતંત;
સમરત જેહિ મુનિ અનંત, અંત જન્મ આવે,
જન મન પ્રિય જુગલ જંગ, રોમ અલ્પ અજબ રંગ;
ચિતવત ચિત ચઢત રંગ, અતિ ઉમંગ પાવે,
ગુલ્ફન છબી અધિક સોભ, સ્થિતિ ચલ મન દેત થોભ;
નિરખત ઉર મિટત ક્ષોભ, લોભ આદિ ગ્લાની જય જય ૦૬

ચરન પ્રષ્ટ ચિત હરાત, તરૂ તમાલ છબી લજાત;
સમરત તતકાલ આત, રાત પ્રાત મનમેં,
જાકું નિત શેષ ગાત, અજહુ પુનિ નહિ અઘાત;
તુલસી જેહી સ્થલ રહાત, પાત માનું જનમેં,
નખ ઉતંગ રંગ લાલ, શોભિત મનુ દીપમાલ;
રાજત કીધું ચંદ્રબાલ, ખ્યાલ કરત ધ્યાની. જય જય ૦૭
વિલસિત ચરણારવિંદ, કોમલ અતિ પ્રેમ કંદ;
ધ્યાવત ભવ મિટત ફંદ, છંદ સ્તવન બોલે,

પ્રસરત જેહિ પદ પ્રસંગ, પુન્ય ભરિત સરિત ગંગ;
અઘ વિનાશ પર્સ અંગ, હો ઉતંગ ડોલે,
રાજત મહીં ઉર્ધ્વ રેખ, વજ્રાદિક સહિત પ્રેખ;
બ્રહ્માનંદ દેખ દેખ, લેખત કુરબાની. જય જય ૦૮

## ચરચરી છંદ

આકર્ષિત ચિત્તાચાર પૂરવ ઉત્તાર દ્વાર ॥
દાદા ખાચર દરબાર નિંબ વૃક્ષ નિરખો ॥
હરદમ સંતો હજાર જમતા જ્યાં જમણવાર ॥
પોતે પ્રભુ પિરસનાર પુરૂષોત્તામ પરખો ॥
સંતો શિર કરી પ્યાર રેડત ધૃત દધિ ધાર ॥
અદ્‌ભૂત લીલા અપાર એહ સ્થાન ધારો ॥
જય જય જદુનાથ હાથ મુરલીધર મુગટમાથ
ગઢપુર પતિ ગોપીનાથ આશરો તિહારો ॥૧॥
કળિયુગમાં કલ્પવૃક્ષ નિરખો આ લીંબવૃક્ષ ॥
પુરુષોત્તામજી પ્રત્યક્ષ સંત સભા ભરતા ॥
દેતા બ્રહ્મજ્ઞાન દાન પ્રેમી જન કરત પાન ॥
વચનામૃતથી મહાન પ્રશ્ન ઉત્તાર કરતા ॥
મુની જન સહુધરે ધ્યાન ગુણીજન સહુ કરે ગાન ॥

ઉત્તમનું સ્થાન જાન અક્ષર નિરધારો ॥
જય જય જદુનાથ હાથ મુરલીધર મુગટમાથ ॥
ગઢપુરપતિ ગોપીનાથ આશરો તિહારો ॥૨॥

## વિવિધ શ્લોકો :

મંગળ મૂર્તિ મહાપ્રભુ, શ્રી સહજાનંદ સુખરૂપ,
ભક્તિ ધર્મસુત શ્રીહરિ, સમરું સદાય અનુપ, ૧

પરમ કૃપાળુ છો તમે, શ્રીકૃષ્ણ સર્વાધીશ,
પ્રથમ તમને પ્રણમું, નામું વારંવાર હું શીશ. ૨

પ્રભુ તવ મૂર્તિ વિનોદકારી, પલ પણ વિસરે નહિ જો વિસારી,
જુગલ ચરણ સોળ ચિહ્ન જેહ, નજર સમીપે રહો અમારી એહ-૩

દુખ હરિજનનું દિલે ધરો છો, સુખનિધિ શ્યામ સહાયતા કરો છો,
તદપિ ભજન જે કરે ન ભાવે, નહિ નરજાતિ કુજાતિ તે કહાવે-૪

વંદુ શ્રી હરિકૃષ્ણ ધર્મ સદને, જઈ જન્મ જેણે ધર્યો,
કૃત્યાનો વળિ કાળિદત્ત ખળનો , જેણે પરાજય કર્યો;
કીધા બાળચરિત્ર અદ્‌ભૂત અતિ, જઈને અયોધ્યા પ્રતિ,
માતાને પછી તાતને પણ દીધી દુર્લભ દિવ્યગતિ-૫

કંઠી માળ કમંડળુ વળિ ધર્યો સત્શાસ્ત્રનો ગુટકો,
શાળગ્રામ તથા સુપાત્ર જમવા પાસે ન પૈસો ટકો;
પાણી ગાળણ વસ્ત્ર કોપિન તથા બીજુ બહિર્વાસ છે,
કૂવેથી જળ કાઢવા સુતરની દોરી હરિ પાસ છે-૬

માથે મંજુલ ચીકણા ચળકતા, ભુરા ભલા કેશ છે,
તેજસ્વી સુવિશાલ ભાલ વિલસે નેત્રો બહુ બેસ છે;
નાસાગ્રે ધરિ દ્રષ્ટિ તે નવ ચળે, નાસા દિસે નિર્મળી,
શોભે છે મુખ ચંદ્ર બીંબ સરીખું તે મંદ હાસે મળી-૭

આવે અંતસમે ઉદાસ કરવા સ્વાર્થી સગા સૌ મળી,
પાડે આસું સમીપ આવી પતની સંતાન સાથે વળી;
તે દેખી તન વાસના અતિ વધે કયાં કષ્ટનો પાર છે,
એવું અંતસમે મુંઝાય મરવું ધિક્કાર ધિક્કાર છે-૮

આવે અંતસમો સુભક્ત જનને સંતો સમીપે રહે,
કોઈ કીર્તન ગાય થાય સુમતિ વાર્તા પ્રભુની કહે;
પ્રીતી દેહ સુગેહમાંહી ન રહે વૃત્તિ પ્રભુમાં ઠરે,
એવાનું અતિ ધન્ય ધન્ય મરવું સદ્ધામમાં સંચરે-૯

નાખી કોકમ આંબલી, કઢી કરી વાલે બનાવ્યા વડા,
તીખી દાળ તુવેરની તીખા તમતમાં શાકો વધાર્યા ઘણાં;
ધોળા સેતર લાડવા માંહિ ઘૃત ભર્યા સાકર નાખી ઘણી,
એવા ભોજન નિત્ય નિત્ય જમજો સંતો તથા શ્રીહરિ-૧૦

નમું મુકતાનંદ પ્રભુપદ તણા સેવક સદા,
મહાશાસ્ત્રાભ્યાસી વ્યરથ ન ગુમાવે પળ કદા;
કરે વાર્તા જયારે સુરસરિત ધારા સમ વહે,
કુસંગી સત્સંગી સકળ જન ચિત્તે અતિ ચહે.૧૧

સાધ્યો અષ્ટાંગયોગ પ્રગટ હરિ તણી પ્રીતિ માટે પ્રયત્ને,
શોધી વેદાંતતત્વો સકળ ગૃહિ લીધાં જેમ સિંધુથી રત્ને;
આધિ વ્યાધિ ઉપાધિ પ્રણતજન તણી ટાળી કીધી સમાધિ,
ગોપાળાનંદ સ્વામી સકળ ગુણનિધિ વંદુ માયા અબાધિ.૧૨

બ્રહ્માનંદ મુનિ કવિ અતિભલા, જે શીઘ્ર કાવ્યો કરે,
હેતે હાસ્ય રસે હસાવે હરિને ધ્યાને છબી તે ધરે;
જેને શ્યામ સખા સમાન ગણીને રાખે સમીપે સદા,
એવા બ્રહ્મમુનીન્દ્ર પદને વંદુ જ વંદુ મુદા.૧૩

નિત્યાનંદ મુનીન્દ્ર ચંદ્ર પ્રણમું, જે શાસ્ત્ર સર્વજ્ઞ છે,
જેણે શ્રીહરિ પાસ શાસ્ત્ર ઉચર્યા, સર્વોપરી સુજ્ઞ છે;
જેની ભક્તિ અંભગ અંગ ગણીને, રીઝયા મહારાજ છે,
ટીકાઓ કરી શ્રેષ્ઠ શાસ્ત્ર ઉપરી, પ્રખ્યાત એ આજ છે. ૧૪

સ્વરૂપે તો પોતે ત્રિપુણપર વૃત્તિ ધરી રહે,
કરે વાર્તા એવી સુણી કદી નહીં સંશય રહે;
જુઓ જીતી જેણે મનમથ અમર્ષાદિક ચમૂ,
ગુણાતીતાનંદ સકળ ગુણકંદ નમું નમું. ૧૫

સદા શ્રીજી પાસે રહિ રહિ રહસ્યો સુણિ લિધાં,
દયા આણી વાણી વદિ સુજનને જ્ઞાન જ દિધાં;
સદા શાંતાકારં મહતગુણવંતં મુનિવરં,
શુકાનંદસ્વામી પ્રણમું પ્રતિપન્ન પ્રિયકરં.૧૬

મત્સ્યં કૂર્મં વરાહં કપિલમથ હરિં વાસુદેવં ચ વન્યં,
દત્તાત્રેયં ચ હંસં નરહરિમૃષભં વામનં પરશુરામમ્;
યજ્ઞં રામં કુમારં હયશિરસમથો નારદં રાજરાજં,
વ્યાસં કૃષ્ણં ચ બુદ્ધં ધૃતપુરુવપુષં નૌમિ નારાયણં ત્વામ્. ૨૭

મહાધ્યાનાભ્યાસં વિદધતમજશસ્ત્રં ભગવત,
પવિત્રે સંપ્રાપ્તં સ્થિતિમતિ વરૈકાન્તિકવૃષે;
સદાનન્દસારં પરમહરિવાર્તા વ્યસનિનં,
ગુણાતીતાનંદં મુનિવરમહં નૌમિ સતતમ્. ૨૮

ધ્યેયં સદા પરિભવઘ્નમભીષ્ટદોહં,
તિર્થાસ્પદં શિવવિરંચિનુતં શરણ્યમ્;
ભુત્યાર્તિહં પ્રણતપાલ ભવાબ્ધિપોતં,
વંદે મહાપુરુષ ! તે ચરણારવિંદમ્. ૨૯

સર્વે સુખિનઃ સન્તુ, સર્વે સન્તુ નિરામયાઃ,
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિદ્ દુઃખમાપ્નુયાત્. ૨૦

ૐ અસતો મા સદ્ગમય । તમસો મા જ્યોતિર્ગમય,
મૃત્યોર્મા અમૃતં ગમય । ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ૨૧

માતૃદેવો ભવ । પિતૃદેવો ભવ ।
આચાર્યદેવો ભવ । અતિથિદેવો ભવ. ૨૨

સા વિદ્યા યા વિમુક્તયે ।
વિષયતો વિરતિઃ હરૌરતિઃ ।
વિષયાન્ વિષવત્ ત્યજ ।

# વિવિધ મંત્રો

**: ષડાક્ષરમંત્ર :**

ૐ વિષ્ણવે નમઃ ।

**: અષ્ટાક્ષરમંત્ર :**

ૐ નમો નારાયણાય ।

**: અષ્ટાક્ષરમંત્ર :**

બ્રહ્માહં કૃષ્ણદાસોઽસ્મિ ।

**: અષ્ટાક્ષરમંત્ર :**

શ્રીકૃષ્ણ ત્વં ગતિર્મમ ।

**: દ્વાદશાક્ષરમંત્ર :**

ૐ નમો ભગવતે વાસુદેવાય ।

**: વિષ્ણુગાયત્રીમંત્ર :**

ૐ નારાયણાય વિદ્મહે ! વાસુદેવાય ધીમહિ !
તન્નો વિષ્ણુઃ પ્રચોદયાત્ !

## : હનુમંત મંત્ર :

ૐ નમો હનુમતે ભયભંજનાય સુખં કુરુફટ સ્વાહા ॥

## : શરણ મંત્ર :

કાલમાયા પાપ કર્મયમદૂતભયાદહમ્ ।
શ્રી કૃષ્ણદેવશરણં પ્રપન્નોડસ્મિ સ પાતુ મામ્ ।

## : ક્ષમાયાચના મંત્ર :

આહવાનં ન જાનામિ ન જાનામિ તવાર્ચનમ્ ।
પૂજાં ચૈવ ન જાનામિ ક્ષમસ્વ પરમેશ્વર ।।૧।।
મંત્રહીનં ક્રિયાહીનં ભકિતહીનં સુરેશ્વર ।
યત્પૂજિત મયા દેવ પરિપૂર્ણં તદસ્તુમે. ।।૨।।
અન્યથા શરણં નાસ્તિ ત્વમેવ શરણંમમ્ ।
તસ્માત્ કારૂણ્યભાવેન, રક્ષ માં પરમેશ્વર ।।૩।।
ગતં પાપં ગતં દુઃખં દારિદ્રયમેવ ચ ।
આગતા સુખસમ્પત્તિઃ, પૂણ્યોહં તવ દર્શનાત્ ।।૪।।
અપરાધ સહસ્રાણિ ક્રિયંતેડહર્નિશં મયા ।
દાસોડયમિતિ માં મત્વા ક્ષમસ્વ પુરુષોત્તમ ।।૫।।

## : તુલસીમાલા ધારણમંત્ર :

તુલસીકાષ્ઠસમ્ભૂતે ! માલે ! કૃષ્ણજનપ્રિયે ।
બિભર્મિ ત્વામહં કંઠે કુરુ માં કૃષ્ણવલ્લભમ્ ॥

## : તુલસી તોડવાનો મંત્ર :

તુલસ્યમૃતજન્માસિ સદા ત્વં કેશવપ્રિયે ! ।
કેશવાર્થે વિચિન્વામિ વરદા ભવ શોભને ! ॥

## : પ્રાતઃ સ્મરણ

પ્રાતઃકાળમાં વહેલા ઉઠવાથી બળ, બુદ્ધિ અને આયુષ્ય વધે છે. દરેક મનુષ્યે રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં સૂઈ જવું જોઈએ અને સૂર્યોદય પહેલા બે કલાક વહેલા ઉઠવું જોઈએ.

પ્રથમ પોતાના આત્માને ત્રણ દેહથી વિલક્ષણ માની, તે આત્માને વિષે બ્રહ્મ ભાવના કરી, તે આત્માને વિષે મુક્ત મંડળ સહિત દિવ્ય મૂર્તિ શ્રી હરિકૃષ્ણ મહારાજનું ધ્યાન ધરવું.

# પ્રાતઃ પૂજાવિધિ

**શારીરિક શૌચ વિધિ :** મળત્યાગ કર્યા પછી શુદ્ધ મૃત્તિકા તથા જળથી ડાબો હાથ દશ વખત ધોવો અને બન્ને હાથ ભેગા કરીને સાત વખત ધોવા. પગનાં તળીયાં મૃતિકા અને જળથી ત્રણ વખત ધોવાં. હાથ ધોવાની મૃતિકા અપવિત્ર હાથ વડે ગ્રહણ ન કરવી. કોઈના હાથ પગ ધોતા વધેલી મૃતિકા લઈને હાથ પગ ધોવા નહિ.

**દંત ધાવન વિધિ :** જળથી દાતણ ધોઈને એક સ્થાનમાં બેસીને દાંતણ કરવું, પરંતુ ફરતાં ફરતાં ન કરવું. સંજોગોવશાત્ કયારેક દાંતણ ન મળે તો, (ઉપવાસના દિવસે દાતણ ન કરવું) જળના ૧ ૨ કોગળા કરી મુખની શુદ્ધિ કરવી. ઉલ ઉતારીને દાતણની ચીરીયોને ધોઈને એક સ્થાને મુકી દેવી.

**સ્નાન વિધિ :** પ્રાતઃકાળમાં સ્નાન કર્યા વિના મનુષ્ય સૂતકી મટતો નથી પ્રાતઃકાળમાં સ્નાન કરે ત્યારે તે મનુષ્ય દેવ નું પૂજન તથા પિતૃ સંબંધી શ્રાદ્ધ તર્પણાદિ કર્મ કરવાને અધિકારી થાય છે હંમેશાં ઠંડા જળથી જ સશક્ત મનુષ્યોએ સ્નાન કરવું.

સ્નાન કરતી વખતે ભગવત્ સ્મરણ આદરપૂર્વક કરવું. સ્નાન કર્યા પછી ધોયેલું એક વસ્ત્ર પહેરવું અને એક બીજું ઓઢવું. ઓઢવાના વસ્ત્ર રહિત પૂજા ન કરવી તથા પેન્ટ - શર્ટ પહેરીને પણ પૂજા ન કરવી.

**પૂજા વિધિ :** ભગવાનની સેવા પૂજા કરવા માટે શુદ્ધ કરેલી પૃથ્વી પર પાથરેલું ને સારી પેઠે બેસાય એવા આસન ઉપર પૂર્વ મુખે અથવા ઉત્તાર મુખે બેસવું. દર્ભાસન, મૃગચર્માસન, ઊનનું આસન એ આસનો શ્રેષ્ઠ કહેલાં છે. આસન વગર ભૂમિ પર બેસવાથી પૂજા થતી નથી. માટે ભગવત્પૂજા સમયે યોગ્ય આસન ઉપર બેસવું.

**આચમન વિધિ :** જેમ સ્નાન વડે શરીરની શુદ્ધિ થાય છે, તેમ આચમન વડે પ્રાણની શુદ્ધિ થાય છે.જમણા હાથનો અંગુઠો, જમણી મધ્યમા આંગળીનાં મધ્ય પર્વ ઉપર રાખીને અડદનો દાણો બુડે એટલું જળ જમણાં હાથની હથેળીમાં લઈને, ડાબો હાથ હથેળીને તળે અડકાવીને ત્રણ વખત આચમન કરવું.

પહેલા આચમન સમયે **ૐ નારાયણાય નમઃ**

બીજા આચમન સમયે **ૐ વાસુદેવાય નમઃ**

ત્રીજા આચમન સમયે **ૐ વૈષ્ણવે નમઃ**

આ ત્રણ મંત્રો બોલી ત્રણ વાર આચમન કરવું, આચમન કર્યા બાદ શિખા (ચોટલી) બાંધીને હાથ ધોઈ નાખવો.

**તિલક ચાંદલો** : સત્સંગી પુરુષોએ ઉર્ધ્વપુંડ્ર તિલક અને ચાંદલો કરવો. સધવા સ્ત્રીઓએ કુમકુમનો ચાંદલો લલાટમાં કરવો અને વિધવા સ્ત્રીઓએ કંકુ મિશ્રિત ચંદનથી ગળામાં ચાંદલો કરવો.

સત્ શૂદ્રોએ તિલક ચાંદલો લલાટમાં કરવો અને અસત્ શૂદ્રોએ લલાટમાં કેવળ ચાંદલો જ કરવો. લલાટમાં તિલક કરતી વખતે **ૐ વાસુદેવાય નમઃ** બોલવું, હૃદયમાં તિલક કરતી વખતે **ૐ સંકર્ષણાય નમઃ** બોલવું, જમણા હાથમાં તિલક કરતી વખતે **ૐ પ્રદ્યુમનાય નમઃ** બોલવું અને ડાબા હાથમાં તિલક કરતી વખતે **ૐ અનિરૂદ્ધાય નમઃ** બોલવું. તિલક ચાંદલો કર્યા વિના પૂજનાદિ કરે તો વ્યર્થ થઈ જાય છે.

તે તિલક ગોપીચંદન અથવા ચંદન વડે કરવું. તેના મધ્યમાં કુમકુમનો ચાંદલો કરવો. તિલક ચાંદલો કર્યા પછી માનસી પૂજા કરવી. પછી પૂજન શરૂ કરતી વખતે નીચે પ્રમાણે આવાહન મંત્ર બોલવો.

## આવાહ્ન મંત્ર

ઉત્તિષ્ઠોતિષ્ઠ હે નાથ, સ્વામિનારાયણ પ્રભો ।
ધર્મસૂનો દયાસિંધો, સ્વેષાં શ્રેયઃ પરંકુરુ ॥
ઉત્તિષ્ઠોતિષ્ઠ ગોવિન્દ, ઉત્તિષ્ઠ ગરુડધ્વજ ।
ઉત્તિષ્ઠ કમલાકાન્ત, ત્રૈલોક્યે મંગલં કુરુ ।
આગચ્છ ભગવન્ દેવ, સ્વસ્થાનાત્પરમેશ્વર ।
અહં પૂજાં કરિષ્યામિ, સદા ત્વં સન્મુખો ભવ ॥

ઉપરના મંત્રો વડે ભગવાનનું પટ મૂર્તિઓમાં આવાહન કરવું. પછી પોતાના નિયમાનુસાર શ્રી સ્વામિનારાયણ મહામંત્રની માળા ફેરવવી. પૂજા કરતી વખતે કોઈ સાથે વાત ન કરવી. પછી જપ માળા એક પગે ઉભા રહીને ફેરવવી. પછી પ્રદક્ષિણાઓ કરવી. પછી પુરુષોએ આઠ અંગે સહિત સાષ્ટાંગ

દંડવત્ ઓછામાં ઓછા ૬ કરવા ને બહેનોએ પાંચ અંગે સહિત પંચાગ પ્રણામ કરવા, પછી ભગવાનની પ્રાર્થના નીચે મુજબ કરવી.

## ક્ષમાયાચના મંત્ર

અપરાધ સહસ્રાણિ ક્રિયંતેડહર્નિશં મયા ।
દાસોડયમિતિ માં મત્વા ક્ષમસ્વ પુરુષોત્તમ ॥

ઉપરના મંત્રથી બે હાથ જોડી પ્રાર્થના કર્યા બાદ વિસર્જન મંત્રથી પૂજાની સમાપ્તિ કરવી.

## વિસર્જન મંત્ર

સ્વસ્થાનં ગચ્છ દેવેશ, પુજામાદાય મામકીમ્ ।
ઈષ્ટકામ પ્રસિધ્યર્થં, પુનરાગમનાય ચ ।।

ઉપરનો મંત્ર બોલી પૂજાની સમાપ્તિ કરી શિક્ષાપત્રીનો પાઠ કરવો, પછી ગુરુમંત્રની માળા ફેરવવી પછીથી મંદિરમાં જઈને દેવદર્શન અને સંતો, ભક્તોનાં દર્શન કરવાં. પછી પોતાનું વ્યવહારિક કામકાજ કરવું.

# માનસી પૂજાની વિધિ

## ૧. પ્રાતઃકાળની માનસી પૂજા

પ્રથમ પોતાના આત્માને વિષે મુક્ત મંડળ સહિત દિવ્ય મૂર્તિ શ્રી હરિનું ધ્યાન કરવું. શ્રી હરિ પલંગમાં પોઢ્યા છે, એમ ભાવના કરી પ્રાર્થના-કીર્તન કરીને જગાડવા ત્યાર પછી મનુષ્ય લીલાના સ્મરણ માટે ભગવાનને, દંતધાવનાદિ ક્રિયા કરાવવી ને ઋતુ અનુસાર ઘણા જળથી સ્નાન કરાવવું, ત્યાર બાદ ઋતુ અનુસાર શ્રીજીના દરેક અંગમાં યથાયોગ્ય વસ્ત્ર અલંકાર ધારણ કરાવવા, ત્યારબાદ ઋતુ અનુસાર ચંદનાદિક ઉપચારોથી શ્રીજીની પૂજા કરવી. ઋતુ પ્રમાણે પુષ્પના હાર ધરાવવા, ત્યાર પછી પોતાને મન ભાવતા ભોજન ભગવાનને ધરાવવા. સાકર, કેસર, કસ્તુરી, બદામ વગેરેથી યુક્ત ઉકાળેલ દૂધ તથા મગસ, જલેબી, અડદીયા, પુરી, વગેરે પકવાનો તથા રોટલા, ઘી, સાકર, માખણ, અથાણા વગેરે શ્રીજીને જમાડવા અને જળપાન કરાવી પાનબીડુ, તજ, એલચી, લવીંગ, સોપારી, જાવંતરી વગેરે મુખવાસ અર્પણ કરી આરતી ઉતારી પ્રદક્ષિણા, દંડવત્,

પ્રણામસ્તુતિ આદિક કરીને શ્રીહરિને મળવું, પ્રસાદીના ભોજનથી મુક્તોને જમાડવા અને મને પણ શ્રીહરિએ એ પ્રસાદ આપ્યો તે હું જમ્યો એવી ભાવના કરવી. શ્રી હરિ મારા આત્મામાં વિરાજમાન છે. અથવા મુક્તોની સભામાં વિરાજમાન છે. અને હું તેમની સેવામાં હાજર છું, એમ ભાવના કરી પ્રથમ  માનસી પૂજા પૂર્ણ કરવી.

**૨. મધ્યાહ્ન (બપોર) વખતની માનસી પૂજા :**

ભોજન કરાવતી વખતે અક્ષરધામ રૂપ પોતાના આત્મામાં વિરાજી રહેલા શ્રીહરિનું ચિંતવન કરી શ્રી હરિને ભોજનને અનુકુળ પીતામ્બર, ખેસ, આદિ વેષ ધારણ કરાવવા. પછી બાસુંદી, દૂધપાક, શીખંડ, પૂરી, મૈસુબ, મોહનથાળ, સાટા, જલેબી, ગુલાબજાંબુ, પુરણપોળી, શીરો કંસાર, માલપુવા, એ આદિક વિવિધ પ્રકારના પાક, શાક, તથા અથાણાં, ભાત, દાળ, દહીં, દૂધ વગેરે ભોજનો સુવર્ણનાં બાજોઠ પર કંચનના થાળમાં ધારણ કરવા અને ત્યાર પછી શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુને બેસવા માટે સુવર્ણનો બાજોઠ મુકીને તેના ઉપર એક મખમલનું કે કસુંબલનું આસન પાથરીને શ્રીહરિને ભોજન કરવા બોલાવવા

'હે મહારાજ ! હે ભક્તવત્સલ ! હે ભગવન્ ! મેં સર્વ પ્રકારના ભોજનો તૈયાર કરેલ છે. માટે આપ કૃપાળુ જમવા પધારો.' એમ પ્રાર્થના કરીને શ્રીજીને સુવર્ણના બાજોઠ ઉપર બેસાડીને ચંદન, અક્ષત્, પુષ્પાદિકથી પૂજવા, પછી સુવર્ણના થાળમાં રહેલાં ચાર પ્રકારના જે ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય ભાવતા ભોજનો તે શ્રીજીને જમાડવા ત્યાર પછી જમીને તૃપ્ત થયેલા જાણીને આચમન સહિત જળપાન કરાવીને દરેક પ્રકારના મુખવાસ અર્પણ કરી આરતી ઉતારી, પ્રદક્ષિણા, દંડવત્ સ્તુતિ, એ આદિક કરી શ્રીજીને મળવું. ત્યારપછી પ્રસાદિના ભોજનોથી મુક્તોને જમાડવા અને શ્રીહરિએ મને પણ પ્રસાદી આપી છે, એવી ભાવના કરી અને મુક્તમંડળ સહિત શ્રીહરિને અક્ષરધામરૂપ પોતાના આત્મામાં સુંદર પલંગ પર પોઢાડવા અને હું શ્રીજીના ચરણાર્વિંદની સેવામાં રહેલ છું એવી ભાવના કરવી

### ૩. ઉત્થાપન સમયની માનસી પૂજા :

(ત્રણ થી ચારના સમય વચ્ચે કરવી) " હે મહારાજ ! બધાજ ભક્તો આપના દર્શનની રાહ જુએ છે, આપ જાગ્રત

થાઓ'' એમ પ્રાર્થના કરીને પછી જાગ્રત થયેલા ભગવાનને સ્નાન કરાવવું અથવા સુગંધીમાન જળ મુખારવિંદ ધોવા માટે આપવું અને સુગંધીમાન પુષ્પોના હાર, તોરા, ગુચ્છ, ગજરા, બાજુબંધ વિગેરેથી પૂજન કરવું ત્યારબાદ દ્રાક્ષ, દાડમ, સફરજન, કેરી, ચીકુ જ્યુસ, ઓળા વગેરે લીલા સુકા દેશી, પરદેશી ઋતુ અનુસાર અનેક પ્રકારના મેવા જમાડી જળપાન કરાવવું ત્યાર પછી પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું પુજન કરવું અને પ્રસાદીના ફળો તેમને જમાડવા અને શ્રી હરિ મુક્તમંડળે સહિત અક્ષરધામ રૂપી મારા આત્મામાં વિરાજમાન રહેલ છે એવી ભાવના કરવી.

## ૪. સાયંકાળ માનસી પૂજા :

સંધ્યા સમયે પહેલાની પેઠે બ્રહ્મરૂપની ભાવના કરીને મહારાજાધિરાજની શોભાથી યુક્ત અનંત કોટિ મુક્તોએ સેવેલ અને પોતાને અનુરૂપ છે રૂપ તથા અવયવો જેમના એવા દિવ્ય અદ્‌ભુત મનોહર, લાવણ્યમય મૂર્તિ ધર્મપૂત્ર શ્રી હરિકૃષ્ણ મહારાજનું ચિંતવન કરીને આરતી ઉતારી ધુન્ય, સ્તુતિ, દંડવત્,

પ્રદક્ષિણા વિગેરે કરીને મળવું ત્યાર પછી ભારે વસ્ત્ર અલંકાર, પુષ્પોના હારાદિક ઉતારીને સુક્ષ્મ, કોમળ, ઘાટું એક વસ્ત્ર પહેરીને અને બીજું એક ઓઢીને બેઠેલા શ્રીહરિનું ચંદનાદી ઉપચારોથી પુજન કરીને શિરો, પૂરી, ભજીયાં, ખીચડી, કઢી, દૂધ, ભાત, સાકર, પાપડ, અથાણાં, શાક, વડા, આદિક ભોજન જમાડી જળપાન કરાવવું. ત્યારપછી મુખવાસ અર્પણ કરવો પછી શ્રીહરિને સુંદર સિંહાસન પર વિરાજમાન કરીને આરતી ઉતારીને ધુન્ય સ્તુતિ, પ્રદક્ષિણા, દંડવત્ કરીને શ્રીજીને હેત મુજબ એક બે ત્રણ વાર મળવું ત્યારપછી પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું પૂજન કરીને પ્રસાદીના ભોજનો જમાડી, જળપાન કરાવી મુખવાસ આપવો પછી મને પણ શ્રીજીએ પ્રસાદ આપ્યો તે હું પણ જમ્યો અને શ્રીહરિ મુક્તમંડળ સહિત મોટી સભામાં દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન છે અને વચનામૃતનું પાન કરાવે છે. અને સર્વમુક્તો શ્રીહરિના મુખકમળ તરફ જોઈ રહ્યા છે અને હું તેમની સેવામાં હાજર છું, એવી ભાવના કરવી.

## ૫. રાતની માનસી પૂજા :

શયન આરતી સમયે શ્રીહરિનું ચંદનાદિક ઉપચારોથી પુજન કરી સાકર સહિત ઉકાળેલું તથા બદામ, પિસ્તા, કેસર, એલચી વિગેરે નાખેલું દૂધ પાન કરાવવું તેમજ જ્યુસ ઈત્યાદિનું પાન કરાવવું. પછી પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું પૂજન કરી દૂધપાન કરાવવું અને મને પણ શ્રીહરિએ પ્રસાદી આપી તે હું જમ્યો એવી ભાવના કરવી, પછી શ્રીજીને અક્ષરધામરૂપ પોતાના આત્મામાં પ્રેમરૂપી પલંગ ઉપર અથવા સુંદર કોમળ મખમલનું ગાદલું, ગાલ મસુરીયુ, ઓશિકુ, ઓછાડ, મચ્છરદાની આદિક સામગ્રીયુક્ત સુંદર છપ્પર પલંગ ઉપર શયન કરાવવું પછી આરતી ઉતારવી. પછી સર્વે મુક્તો શ્રીજીના ધ્યાનમાં નિમગ્ન છે. અને હું શ્રીહરિના ચરણ દબાવું છું. એ સેવા કરતા તેમના મુખનું દર્શન કરું છું. આવી ભાવના કરી માનસી પૂજાની સમાપ્તિ કરવી.

## વિશેષ

પાંચેય માનસી પૂજા ઋતુ અનુસાર કરવી. માનસી પૂજા કરતી વખતે બ્રહ્મસ્વરૂપની ભાવના કર્યા પછી જે સમયની માનસી પૂજા કરવાનો પ્રારંભ કર્યો હોય તેથી પહેલાની માનસી પૂજામાં ભગવાનને કેવા વસ્ત્ર અલંકાર ધારણ કરાવ્યા હતા અથવા કેવી રીતે પોઢાડયાં હતા તે સર્વનું અનુસંધાન રાખીને શ્રીહરિ સ્વરૂપનું ચિંતવન કરીને ત્યાર પછી સમયસર માનસી પૂજા કરવી.

આ પ્રમાણે જે ભક્તજન હંમેશાં પાંચ વખત માનસી પૂજા કરે છે, તેને ભગવાન વશ થઈ જાય છે અને કોઈથી જીતાય નહીં એવું મન, ભગવાનની કૃપાથી સરળતાથી જરૂર જીતાઈ જાય છે.

**નોંધ** :- આરાધ્ય ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ મહારાજની કૃપાથી, આ જનમંગલ સ્તોત્રના ભક્તિપૂર્વક નિત્ય અગિયાર પાઠ કરનારના સર્વ મનોરથ સિદ્ધ થાય છે. ભૂત-પ્રેતાદિકના ઉપદ્રવ તથા રોગમાત્ર નાશ થાય છે. આવી શ્રદ્ધા-વિશ્વાસ સાથે આ સ્તોત્ર અથવા નામાવલીનો પાઠ કરવો.

## જનમંગલ સ્તોત્રમ્

નમોનમઃ શ્રીહરયે બુદ્ધિદાય દયાવતે ।
ભક્તિધર્માંગજાતાય ભક્તકલ્પદ્રુમાય ચ ॥૧॥
સુગંધપુષ્પહારાદ્યૈ ર્વિવિધૈરુપહારકૈઃ।
સંપૂજીતાય ભક્તૌઘૈઃ સિતામ્બરધરાય ચ ॥૨॥
નામ્નામષ્ટોત્તરશતં ચતુર્વર્ગમભીપ્સિતામ્।
સદ્યઃફલપ્રદં નૃણાં તસ્ય વક્ષ્યામિ સત્પતેઃ ॥૩॥
અસ્ય શ્રીજનમંગલાખ્યસ્ય શ્રીહર્યષ્ટોત્તરશત
નામસ્તોત્રમન્ત્રસ્ય શતાનન્દ ઋષિઃ અનુષ્ટુપ્ છંદઃ ।

ધર્મનન્દનઃ શ્રીહરિર્દેવતા । ધાર્મિક ઈતિ બીજમ્ ।
બૃહદ્વ્રતધર ઈતિ શક્તિ । ભક્તિનન્દન ઈતિ કીલકમ્ ।
ચતુર્વર્ગસિદ્ધયર્થે જપે વિનિયોગઃ ॥

## અથ ધ્યાનમ્ ।

વર્ણિવેષરમણીય દર્શનં મન્દહાસરુચિરાનનામ્બુજમ્ ।
પૂજિતં સુરનરોત્તમૈર્મુદા ધર્મનંદનમહં વિચિન્તયે ॥૪॥
શ્રીકૃષ્ણઃ શ્રીવાસુદેવો નરનારાયણઃ પ્રભુઃ ।
ભક્તિધર્માત્મજોજન્મા કૃષ્ણો નારાયણો હરિઃ ॥૫॥
હરિકૃષ્ણો ઘનશ્યામો ધાર્મિકો ભક્તિનન્દનઃ ।
બૃહદ્વ્રતધરઃ શુદ્ધો રાધાકૃષ્ણેષ્ટદૈવતઃ ॥૬॥
મરુત્સુતપ્રિયઃ કાલી, ભૈરવાદ્યતિભીષણઃ ।
જીતેન્દ્રિયો જીતાહાર સ્તીવ્રવૈરાગ્ય આસ્તિકઃ ॥૭॥
યોગેશ્વરો યોગકલા પ્રવૃત્તિરતિધૈર્યવાન્ ।
જ્ઞાની પરમહંસશ્ચ તીર્થકૃતૈર્થિકાર્ચિતઃ ॥૮॥

ક્ષમાનિધિઃ સદોન્નિદ્રો ધ્યાનનિષ્ઠસ્તપઃ પ્રિયઃ ।
સિદ્ધેશ્વરઃ સ્વતંત્રશ્ચ બ્રહ્મવિદ્યાપ્રવર્તકઃ ॥૯॥
પાષંડોચ્છેદનપટુઃ સ્વસ્વરુપાચલસ્થિતિઃ ।
પ્રશાન્તમૂર્તિર્નિર્દોષોઽ સુરગુર્વાદિમોહનઃ ॥૧૦॥
અતિકારુણ્યનયન ઉદ્ધવાધ્વપ્રવર્તકઃ ।
મહાવ્રતઃ સાધુશીલઃ સાધુવિપ્રપ્રપૂજકઃ ॥૧૧॥
અહિંસયજ્ઞપ્રસ્તોતા સાકારબ્રહ્મવર્ણનઃ ।
સ્વામિનારાયણઃ સ્વામી કાલદોષનિવારકઃ ॥૧૨॥
સચ્છાસ્ત્રવ્યસનઃ સદ્યઃ સમાધિસ્થિતિકારકઃ ।
કૃષ્ણાર્ચાસ્થાપનકરઃ કૌલદ્વિટ્ કલિતારકઃ ॥૧૩॥
પ્રકાશરૂપો નિર્દમ્ભઃ સર્વજીવહિતાવહઃ ।
ભક્તિસમ્પોષકો વાગ્મી ચતુર્વર્ગફલપ્રદઃ ॥૧૪॥
નિર્મત્સરો ભક્તવર્મા બુદ્ધિદાતાતિપાવનઃ ।
અબુદ્ધિહૃદ્બ્રહ્મધામ દર્શકશ્ચાપરાજીતઃ ॥૧૫॥

આસમુદ્રાન્તસત્કીર્તિઃ શ્રિતસંસૃતિમોચનઃ ।
ઉદારઃ સહજાનંદઃ સાધ્વીધર્મપ્રવર્તકઃ ॥૧૬॥
કન્દર્પદર્પદલનો વૈષ્ણવક્રતુકારકઃ ।
પંચાયતનસન્માનો નૈષ્ઠિકવ્રતપોષકઃ ॥૧૭॥
પ્રગલ્ભો નિઃસ્પૃહઃસત્ય પ્રતિજ્ઞોભક્તવત્સલઃ ।
અરોષણો દીર્ઘદર્શી ષડૂર્મિવિજયક્ષમઃ ॥૧૮॥
નિરહંકૃતિરદ્રોહોઃ ઋજુઃ સર્વોપકારકઃ ।
નિયામકશ્ચોપશમ સ્થિતિર્વિનયવાન્ ગુરુઃ ॥૧૯॥
અજાતવૈરી નિર્લોભો મહાપુરુષ આત્મદઃ ।
અખંડિતાર્ષમર્યાદો વ્યાસસિદ્ધાન્તબોધકઃ ॥૨૦॥
મનોનિગ્રહયુક્તિજ્ઞો યમદૂતવિમોચકઃ ।
પૂર્ણકામઃ સત્યવાદી ગુણગ્રાહી ગતસ્મયઃ ॥૨૧॥
સદાચારપ્રિયતરઃ પુણ્યશ્રવણકીર્તન ઃ ।
સર્વમંગલસદ્રુપ નાનાગુણવિચેષ્ટિતઃ ॥૨૨॥

ઈત્યેતત્ પરમં સ્તોત્રં, જનમંગલસંજ્ઞિતમ્ ।
યઃ પઠેત્તોન પઠિતં ભવેદ્વૈ સર્વમંગલમ્ ।।૨૩।।
યઃ પઠેચ્છૃણુયાદ્ભકત્યા ત્રિકાલં શ્રાવયેચ્ચ વ ।
એતત્તસ્ય તુ પાપાનિ નશ્યેયુઃ કિલ સર્વશઃ ।।૨૪।।
એતત્સંસેવમાનાનાં પુરુષાર્થચતુષ્ટયે ।
દુર્લભં નાસ્તિક મપિ હરિકૃષ્ણપ્રસાદતઃ ।।૨૫।।
ભૂતપ્રેતપિશાચાનાં ડાકિનીબ્રહ્મરક્ષસામ્ ।
યોગિનીનાં તથા બાલ ગ્રહાદીનામુપદ્રવઃ ।।૨૬।।
અભિચારો રિપુકૃતો રોગશ્ચાન્યોડપ્યુપદ્રવઃ ।
અયુતાવર્તનાદસ્ય નશ્યત્યેવ ન સંશયઃ ।।૨૭।।
દશાવૃત્યા પ્રતિદિનમસ્યાભીષ્ટં સુખં ભવેત્ ।
ગુહિભિસ્ત્યાગિભિશ્ચાપિ પઠનીયમિદં તતઃ ।।૨૮।।

**ઈતિ શ્રી શતાનંદમુનિવિરચિતં શ્રીજનમંગલાખ્યં શ્રીહર્યષ્ટોત્તરશતંનામસ્તોત્રં સમ્પૂર્ણમ્ ।।**

❊ ❊ ❊

# જનમંગલ નામાવલી

૧. ૐ શ્રી કૃષ્ણાય નમઃ ।
૨. ૐ શ્રી વાસુદેવાય નમઃ ।
૩. ૐ શ્રી નરનારાયણાય નમઃ ।
૪. ૐ શ્રી પ્રભવે નમઃ ।
૫. ૐ શ્રી ભક્તિધર્માત્મજાય નમઃ ।
૬. ૐ શ્રી અજન્મને નમઃ ।
૭. ૐ શ્રી કૃષ્ણાય નમઃ ।
૮. ૐ શ્રી નારાયણાય નમઃ ।
૯. ૐ શ્રી હરયે નમઃ ।
૧૦ ૐ શ્રી હરિકૃષ્ણાય નમઃ ।
૧૧. ૐ શ્રી ઘનશ્યામાય નમઃ ।
૧૨. ૐ શ્રી ધાર્મિકાય નમઃ ।
૧૩. ૐ શ્રી ભક્તિનન્દનાય નમઃ ।
૧૪. ૐ શ્રી બૃહદ્વ્રતધરાય નમઃ ।
૧૫. ૐ શ્રી શુદ્ધાય નમઃ ।
૧૬. ૐ શ્રી રાધાકૃષ્ણેષ્ટદૈવતાય નમઃ ।
૧૭. ૐ શ્રી મરુત્સુતપ્રિયાય નમઃ ।

૧૮. ૐ શ્રી કાલીભૈરવાદ્યતિભીષણાય નમઃ ।
૧૯. ૐ શ્રી જીતેન્દ્રિયાય નમઃ ।
૨૦. ૐ શ્રી જિતાહારાય નમઃ ।
૨૧. ૐ શ્રી તીવ્રવૈરાગ્યાય નમઃ ।
૨૨. ૐ શ્રી આસ્તિકાય નમઃ ।
૨૩. ૐ શ્રી યોગેશ્વરાય નમઃ ।
૨૪. ૐ શ્રી યોગકલાપ્રવૃત્તયે નમઃ ।
૨૫. ૐ શ્રી અતિધૈર્યવતે નમઃ ।
૨૬. ૐ શ્રી જ્ઞાનિને નમઃ ।
૨૭. ૐ શ્રી પરમહંસાય નમઃ ।
૨૮. ૐ શ્રી તીર્થકૃતે નમઃ ।
૨૯. ૐ શ્રી તૈર્થિકાર્ચિતાય નમઃ ।
૩૦. ૐ શ્રી ક્ષમાનિધયે નમઃ ।
૩૧. ૐ શ્રી સદોન્નિદ્રાય નમઃ ।
૩૨. ૐ શ્રી ધ્યાનનિષ્ઠાય નમઃ ।
૩૩. ૐ શ્રી તપઃ પ્રિયાય નમઃ ।
૩૪. ૐ શ્રી સિદ્ધેશ્વરાય નમઃ ।
૩૫. ૐ શ્રી સ્વતન્ત્રાય નમઃ ।
૩૬. ૐ શ્રી બ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમઃ ।

૩૭. ૐ શ્રી પાષંડોચ્છેદનપટવે નમઃ ।
૩૮. ૐ શ્રી સ્વસ્વરૂપાચલસ્થિતયે નમઃ ।
૩૯. ૐ શ્રી પ્રશાન્તમૂર્તયે નમઃ ।
૪૦. ૐ શ્રી નિર્દોષાય નમઃ ।
૪૧. ૐ શ્રી અસુરગુર્વાદિમોહનાય નમઃ ।
૪૨. ૐ શ્રી અતિકારુણ્યનયનાય નમઃ ।
૪૩. ૐ શ્રી ઉદ્ધવાધ્વપ્રવર્તકાય નમઃ ।
૪૪. ૐ શ્રી મહાવ્રતાય નમઃ ।
૪૫. ૐ શ્રી સાધુશીલાય નમઃ ।
૪૬. ૐ શ્રી સાધુવિપ્રપ્રપુજકાય નમઃ ।
૪૭. ૐ શ્રી અહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમઃ ।
૪૮. ૐ શ્રી સાકારબ્રહ્મવર્ણનાય નમઃ ।
૪૯. ૐ શ્રી સ્વામિનારાયણાય નમઃ ।
૫૦. ૐ શ્રી સ્વામિને નમઃ ।
૫૧. ૐ શ્રી કાલદોષનિવારકાય નમઃ ।
૫૨. ૐ શ્રી સચ્છાસ્ત્રવ્યસનાય નમઃ ।
૫૩. ૐ શ્રી સદ્યઃસમાધિસ્થિતિકારકાય નમઃ ।
૫૪. ૐ શ્રી કૃષ્ણાર્ચાસ્થાપનકરાય નમઃ ।

૫૫. ૐ શ્રી કૌલદ્વિષે નમઃ ।
૫૬. ૐ શ્રી કલિતારકાય નમઃ ।
૫૭. ૐ શ્રી પ્રકાશરૂપાય નમઃ ।
૫૮. ૐ શ્રી નિર્દમ્ભાય નમઃ ।
૫૯. ૐ શ્રી સર્વજીવહિતાવહાય નમઃ ।
૬૦. ૐ શ્રી ભક્તિસંપોષકાય નમઃ ।
૬૧. ૐ શ્રી વાગ્મિને નમઃ ।
૬૨. ૐ શ્રી ચતુર્વર્ગફલપ્રદાય નમઃ ।
૬૩. ૐ શ્રી નિર્મત્સરાય નમઃ ।
૬૪. ૐ શ્રી ભક્તવર્મણે નમઃ ।
૬૫. ૐ શ્રી બુદ્ધિદાત્રે નમઃ ।
૬૬. ૐ શ્રી અતિપાવનાય નમઃ ।
૬૭. ૐ શ્રી અબુદ્ધિહૃતે નમઃ ।
૬૮. ૐ શ્રી બ્રહ્મધામદર્શકાય નમઃ ।
૬૯. ૐ શ્રી અપરાજીતાય નમઃ ।
૭૦. ૐ શ્રી આસમુદ્રાન્તસત્કીર્તયે નમઃ ।
૭૧. ૐ શ્રી શ્રિતસંસૃતિમોચનાય નમઃ ।
૭૨. ૐ શ્રી ઉદારાય નમઃ ।

૭૩. ૐ શ્રી સહજાનન્દાય નમઃ ।
૭૪. ૐ શ્રી સાધ્વીધર્મપ્રવર્તકાય નમઃ ।
૭૫. ૐ શ્રી કન્દર્પદર્પદલનાય નમઃ ।
૭૬. ૐ શ્રી વૈષ્ણવક્રતુકારકાય નમઃ ।
૭૭. ૐ શ્રી પંચાયતનસન્માનાય નમઃ ।
૭૮. ૐ શ્રી નૈષ્ઠિકવ્રતપોષકાય નમઃ ।
૭૯. ૐ શ્રી પ્રગલ્ભાય નમઃ ।
૮૦. ૐ શ્રી નિઃસ્પૃહાય નમઃ ।
૮૧. ૐ શ્રી સત્યપ્રતિજ્ઞાય નમઃ ।
૮૨. ૐ શ્રી ભક્તવત્સલાય નમઃ ।
૮૩. ૐ શ્રી અરોષણાય નમઃ ।
૮૪. ૐ શ્રી દીર્ઘદર્શિને નમઃ ।
૮૫. ૐ શ્રી ષડૂર્મિવિજયક્ષમાય નમઃ ।
૮૬. ૐ શ્રી નિરહંકૃતયે નમઃ ।
૮૭. ૐ શ્રી અદ્રોહાય નમઃ ।
૮૮. ૐ શ્રી ઋજવે નમઃ ।
૮૯. ૐ શ્રી સર્વોપકારકાય નમઃ ।
૯૦. ૐ શ્રી નિયામકાય નમઃ ।
૯૧. ૐ શ્રી ઉપશમસ્થિતયે નમઃ ।

૯૨. ૐ શ્રી વિનયવતે નમઃ ।
૯૩. ૐ શ્રી ગુરવે નમઃ ।
૯૪. ૐ શ્રી અજાતવૈરિણે નમઃ ।
૯૫. ૐ શ્રી નિર્લોભાય નમઃ ।
૯૬. ૐ શ્રી મહાપુરૂષાય નમઃ ।
૯૭. ૐ શ્રી આત્મદાય નમઃ ।
૯૮. ૐ શ્રી અખંડિતાર્ષમર્યાદાય નમઃ ।
૯૯. ૐ શ્રી વ્યાસસિદ્ધાન્તબોધકાય નમઃ ।
૧૦૦. ૐ શ્રી મનોનિગ્રહયુક્તિજ્ઞાય નમઃ ।
૧૦૧. ૐ શ્રી યમદૂતવિમોચકાય નમઃ ।
૧૦૨. ૐ શ્રી પૂર્ણકામાય નમઃ ।
૧૦૩. ૐ શ્રી સત્યવાદિને નમઃ ।
૧૦૪. ૐ શ્રી ગુણગ્રાહિણે નમઃ ।
૧૦૫. ૐ શ્રી ગતસ્મયાય નમઃ ।
૧૦૬. ૐ શ્રી સદાચારપ્રિયતરાય નમઃ ।
૧૦૭. ૐ શ્રી પુણ્યશ્રવણકીર્તનાય નમઃ ।
૧૦૮. ૐ શ્રી સર્વમંગલસદ્રૂપનાનાગુણવિચેષ્ટિતાય નમઃ ।

**॥ ઈતિ શ્રી જનમંગલ નામાવલિ સમાપ્ત ॥**

## સર્વોપરી શ્રી અર્ચાવતાર સ્તોત્ર

સર્વોપરી શ્રી અર્ચાવતાર સ્તોત્રની રચના ભગવાનશ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી સ.ગુ. શ્રી ગોપાળાનંદસ્વામીએ કરી હતી. આ સ્તોત્ર સાંભળી મહારાજ ખૂબ જ રાજી થયા હતા.

આ સ્તોત્રનો મહિમા ગાતા સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી કહે છે કે જે મનુષ્ય આ સ્તોત્રનો દરરોજ પૂજા કર્યા બાદ હાથ જોડી શ્રદ્ધાપૂર્વક એક પાઠ કરે છે અથવા વડતાલ આવી દર પૂર્ણિમાએ એક પાઠ કરે છે તેના સર્વ મનોરથ પૂર્ણ થાય છે. નવધા ભક્તિની પુષ્ટિ થાય છે. આ લોકમાં તથા પરલોકમાં સુખની પ્રાપ્તિ થાય છે. અક્ષયફળની પ્રાપ્તિ સાથે ભગવાનશ્રી હરિની પ્રસન્નતાનુ પાત્ર બને છે.

તથા આ સ્તોત્રના શ્રદ્ધાપૂર્વક દરરોજ અગીયાર પાઠ કરવાથી મનુષ્યના ઋણ, દુઃખ, દારિદ્રય, રોગ, શોક, ભય, શત્રુ બંધન વિગેરેનો નાશ થઈ સુખ, સમૃદ્ધિ, ભુક્તિ, મુક્તિ, યશ, વિદ્યાની પ્રાપ્તિ સાથે ધર્મ, અર્થ, કામ, મોક્ષરૂપી ચારેય પુરુષાર્થને નિશ્ચે પામે છે એમા કોઈ સંશય નથી તેથી ત્યાગી-ગૃહી સર્વે જનોએ પ્રયત્નપૂર્વક આ સ્તોત્રનો નિત્ય પ્રત્યે પાઠ કરવો.

હરિ ૐ અસ્ય શ્રી સર્વોપરી શ્રી અર્ચાવતાર સ્તોત્ર મંત્રસ્ય ગોપાળાનંદ ઋષિઃ। અનુષ્ટુપ છંદઃ। અક્ષરધામાધિપતિઃ શ્રી હરિર્દેવતા । પરબ્રહ્મ ભક્તિધર્માત્મજઃ ઈતિ બીજમ્ । ષડૈશ્વર્ય સંપન્નઃ ભગવાનશ્રી સ્વામિનારાયણઃ ઈતિ શક્તિઃ । ભુક્તિ મુક્તિપ્રદાયકઃ પરમાત્મા શ્રી હરિકૃષ્ણઃ ઈતિ કીલકમ્। મમ સાક્ષાત્ ભગવતિ શ્રી હરૌ અસાધારણ પ્રેમ સ્વરૂપાસાંગ પરાભક્તિ પ્રાપ્ત્યર્થે સર્વોપદ્રવશમનપૂર્વક સકલ મનોરથ સિદ્ધયર્થે જપે વિનિયોગઃ ।

## અથ ધ્યાનમ્

અક્ષરાધિપતિં દિવ્યં ષડૈશ્વર્ય સમન્વિતમ્ ।
વંન્દેડહં સવેષ્ટદેવં તં સ્વામિનારાયણં પ્રભુમ્ ॥૧॥
અક્ષરે ધામ્નિ સદ્રશે, સ્થિતં ચ હરિ મંડપે ।
વન્દેડહં સાધુ સંયુક્તં પ્રત્યક્ષં પુરુષોત્તમમ્ ॥૨॥
ચિન્તા સંતાપહૃન્નિત્યં હરિકૃષ્ણ પદામ્બુજમ્ ।
વન્દેડહં તત્ તરિભૂતં ભવાર્ણવે સુખપ્રદમ્ ॥૩॥

## ઈતિ ધ્યાનમ્

ધર્મ ભક્તિ વાસુદેવં ભક્તદોષ નિવારકમ્ ।
વન્દેઽહં દુઃખ હર્તારં વિદ્યાશક્તિયશઃ પ્રદમ્ ॥૪॥
શ્રીકાન્તં દ્વારિકાધીશં લક્ષ્મીનારાયણં તથા ।
વન્દેઽહં સ્વેષ્ટદાતારં દેશવૃત્તાલય સ્થિતમ્ ॥૫॥
ઉધ્ધવજ્ઞાન દાતારં ધર્મભક્તિવર પ્રદમ્ ।
વન્દેઽહં રાધિકાયુક્તં વૃન્દાવનવિહારિણમ્ ॥૬॥
સર્વાવતારધર્તારં ભુક્તિમુક્તિ પ્રદાયકમ્ ।
વન્દેઽહં સ્વેષ્ટદેવં તં હરિકૃષ્ણં મનોહરમ્ ॥૭॥
ઉત્સવે રાજતે નિત્યમુત્સવાનન્દદાયકમ્ ।
વન્દેઽહં શ્રીહરિકૃષ્ણં બાલમુકુંદસંયુતમ્ ॥૮॥
ત્રેતાયાં ભરતં દધાત્ દ્વાપરે ચોદ્ધવં તથા ।
વન્દેઽહં પાદુકાં નિત્યં કલૌ વૃત્તપુરે સ્થિતામ્ ॥૯॥
શયનં સુખશય્યાયાં કરોતિ વૈ સુખપ્રદમ્ ।
વન્દેઽહં શ્રી મહારાજં સુખસાગરમવ્યયમ્ ॥૧૦॥

સત્યવ્રતમૃષીણાં ચ રક્ષાર્થં ધૃત વિગ્રહમ્ ।
વન્દેઽહં મત્સ્યદેવં તં હરિહસ્તપ્રતિષ્ઠિતમ્ ॥૧૧॥
લોકકલ્યાણ કર્તારં સ્વપત્ની પૃથિવી યુતમ્ ।
વન્દેઽહં શ્રી વરાહં ચ હરિહસ્તપ્રતિષ્ઠિતમ્ ॥૧૨॥
ભક્ત પ્રહ્લાદરક્ષાર્થં ધૃતરૂપમલૌકિકમ્ ।
વન્દેઽહં શ્રીનૃસિંહં ચ હરિહસ્તપ્રતિષ્ઠિતમ્ ॥૧૩॥
શેષનારાયણં દેવં પ્રાપ્યં ચ બ્રહ્મવિદ્યયા ।
વન્દેઽહં લક્ષ્મીસંયુક્તં હરિહસ્તપ્રતિષ્ઠિતમ્ ॥૧૪॥
લક્ષયોજનવિસ્તારં સાગરે ધૃત વિગ્રહમ્ ।
વન્દેઽહં કૂર્મદેવં તં હરિહસ્તપ્રતિષ્ઠિતમ્ ॥૧૫॥
સર્વદારોગ્યદાતારં સર્વલોક પ્રકાશકમ્ ।
વન્દેઽહં સૂર્યદેવં તં હરિહસ્તપ્રતિષ્ઠિતમ્ ॥૧૬॥
પાર્વતીમંકમારોપ્ય વૃત્તાપુરે વિરાજતે ।
વન્દેઽહં શ્રી મહાદેવં હરિહસ્તપ્રતિષ્ઠિતમ્ ॥૧૭॥
સર્વમંગલકર્તારં સર્વવિઘ્નવિનાશકમ્ ।
વન્દેઽહં ગણનાથં ચ હરિહસ્તપ્રતિષ્ઠિતમ્ ॥૧૮॥

ભક્તસંકટ હર્તારં દાસ્યભક્તિવિધાયકમ્ ।
વન્દેઽહં શ્રીકપીન્દ્રં તં હરિહસ્તપ્રતિષ્ઠિતમ્ ॥૧૯॥
હરિહૃદયસકાશાન્ ભગવદ્મૂર્તિસદશાન્ ।
વન્દેઽહં સાધુવર્યાંસ્તાન્ મુમુક્ષુન્ ભવતારકાન્ ॥૨૦॥
ધર્મવંશે સમુત્પન્નાન્ ધર્મપિઠે નિયોજિતાન્ ।
વન્દેઽહં પરમાચાર્યાન્ પૂર્વપૂણ્યવિભૂષિતાન્ ॥૨૧॥
રાજન્તે સર્વતીર્થાનિ યત્ર ચ સર્વદેવતા ।
વન્દેઽહં તીર્થરાજં તત્ ધામવૃત્તાલયાભિધમ્ ॥૨૨॥
યજ્જલે તીર્થજાતં તત્ હરિણા પાવનં કૃતમ્ ।
વન્દેઽહં ગોમતીતીર્થં વૃત્તાલય પુરેસ્થિતમ્ ॥૨૩॥
વૃત્તપુરે સમાગત્ય યો નરઃ પ્રતિ પૌર્ણિમામ્ ।
પઠેત્ સ્તોત્રમિંદભક્ત્યા ફલિષ્યન્તિ મનોરથાઃ ॥૨૪॥
નવધા ભક્તિ સંબન્ધે સ્તોત્ર પાઠં કરોતિ યઃ ।
સોઽક્ષયં ફલમાપ્નોતિ તસ્મિન્ તુષ્ટો ભવેદ્ધરિઃ ॥૨૫॥
યઃ પઠેચ્છૃણુયાન્નિત્યં પૂજનાન્તે કૃતાંજલિઃ ।
ઈહૈવ સુખમાપ્નુયાત્ દેહાન્તે સુગતિર્ભવેત્ ॥૨૬॥

ઋણ દારિદ્રયં દુઃખં ચ રોગશોકભયાદિકમ્ ।
નિત્યમેકાદશાવૃત્ત્યા તત્સર્વં નાશમાપ્નુયાત્ ॥૨૭॥
સર્વસુખકરં સ્તોત્રં સર્વારિભયનાશનમ્ ।
ગૃહિત્યાગિજનાનાં ચ ભુક્તિમુક્તિ પ્રસાધકમ્ ॥૨૮॥
ધર્માર્થકામ મોક્ષાણામિદં સ્તોત્રં સુનિશ્ચિતમ્ ।
પ્રાપ્ત્યર્થે સેવનાનિત્યં તત્ર કાર્યો ન સંશયઃ ॥૨૯॥
તસ્માદર્ચાવતારાણાં સ્તોત્રમેતદ્ધરિપ્રિયૈઃ ।
ગૃહિત્યાગિજનૈઃ સર્વૈઃ પઠનીયં પ્રયત્નતઃ ॥૩૦॥
જયતિ જયતિ ધન્યં ગ્રામવૃત્તાલયાખ્યામ્ ।
જયતિ જયતિ ધન્યં ધામ વૃત્તાલયાખ્યામ્ ॥
જયતિ જયતિ ધન્યં તત્સ્થિતં દેવવૃન્દમ્ ।
જયતિ જયતિ ધન્યં તત્સ્થિતં સાધુવૃન્દમ્ ॥૩૧॥

**ઈતિ શ્રી ગોપાળાનંદમુનિ વિરચિતમ્**
**શ્રી સર્વોપરિ શ્રી અર્ચાવતાર સ્તોત્રમ્ સંપૂર્ણમ્ ॥**

## પુરુષ સુક્તમ્

હરિઃ ૐ સહસ્રશીર્ષા પુરુષઃ સહસ્રાક્ષઃ સહસ્રપાત્ ।
સ ભૂમિં ગૂં સર્વતસ્પૃત્વાઽત્યતિષ્ઠદ્ દશાંગુલમ્ ॥૧॥
પુરુષ એવેદ ગૂં સર્વં યદ્ભૂતં યચ્ચ ભાવ્યમ્ ।
ઉતામૃતત્વસ્યેશાનો યદન્નેનાતિરોહતિ ॥૨॥
એતાવાનસ્ય મહિમાતો જ્યાયાઁશ્ચ પુરુષઃ ।
પાદોસ્ય વિશ્વાભૂતાનિ ત્રિપાદસ્યામૃતં દિવિ ॥૩॥
ત્રિપાદૂર્ધ્વ ઉદૈત્પુરુષઃ પાદોસ્યેહાભવત્પુનઃ ।
તતો વિષ્વઙ્વ્યક્રામત્સાશનાનશને અભિ ॥૪॥
તતો વિરાડજાયત વિરાજો અધિ પુરુષઃ ।
સ જાતો અત્યરિચ્યત પશ્ચાદ્ ભૂમિમથો પુરઃ ॥૫॥
તસ્માદ્યજ્ઞાત્સર્વહુતઃ સમ્ભૃતં પૃષદાજ્યમ્ ।
પશૂન્ તાઁશ્ચક્રે વાયવ્યાનારણ્યા ગ્રામ્યાશ્ચ યે ॥૬॥
તસ્માદ્યજ્ઞાત્સર્વહુત ઋચઃ સામાનિ જજ્ઞિરે ।
છન્દાંગૂંસિ જજ્ઞિરે તસ્માદ્યજુસ્તસ્માદજાયત ॥૭॥
તસ્માદશ્વા અજાયન્ત યે કે ચોભયાદતઃ ।
ગાવો હ જજ્ઞિરે તસ્માત્તસ્માજ્જાતા અજાવયઃ ॥૮॥

તં યજ્ઞં બર્હિષિ પ્રૌક્ષન્ પુરુષં જાતમગ્રતઃ ।
તેન દેવા અયજન્ત સાધ્યા ઋષયશ્ચ યે ॥૯॥
યત્પુરુષં વ્યદધુઃ કતિધા વ્યકલ્પયન્ ।
મુખમ્ કિમસ્યાસીત્ કિમ્બાહૂ કિમૂરુ પાદા ઉચ્યેતે ॥૧૦॥
બ્રાહ્મણોઽસ્ય મુખમાસીદ્ બાહૂ રાજન્યઃ કૃતઃ ।
ઉરુ તદસ્ય યદ્ વૈશ્યઃ પદ્ભ્યાં ગૂં શૂદ્રો અજાયત ॥૧૧॥
ચન્દ્રમા મનસો જાતશ્ચક્ષોઃ સૂર્યો અજાયત ।
શ્રોત્રાદ્ વાયુશ્ચ પ્રાણશ્ચ મુખાદગ્નિરજાયત ॥૧૨॥
નાભ્યા આસીદન્તરિક્ષગૂં શીર્ષ્ણો દ્યૌઃ સમવર્તન ।
પદભ્યાં ભૂમિર્દિશઃ શ્રોતાત્તથા લોકાઁ અકલ્પયન્ ॥૧૩॥
યત્પુરુષેણ હવિષા દેવા યજ્ઞમતન્વત ।
વસન્તોઽસ્યાસીદાજ્યં ગ્રીષ્મ ઈધ્મઃ શરદ્ધવિઃ ॥૧૪॥
સપ્તાસ્યાસન્ પરિધયસ્ત્રિઃસપ્ત સમિધઃ કૃતાઃ ।
દેવા યદ્યજ્ઞં તન્વાના અબધ્નન્ પુરુષં પશુમ્ ॥૧૫॥
યજ્ઞેન યજ્ઞમયજન્ત દેવાસ્તાનિ ધર્માણિ પ્રથમાન્યાસન્ ।
તેહ નાકંમહિમાનઃ સચન્ત યત્ર પૂર્વે સાધ્યાઃ સન્તિ દેવાઃ ॥૧૬॥

**॥ ઈતિ પુરુષ સૂક્તમ્ ॥**

**નોંધ :-** અને જો ક્યારેક ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે તો ''નારાયણ કવચ''નો જપ કરવો.

— શિક્ષાપત્રી શ્લોક નં. ૮૫

## શ્રી નારાયણ કવચ

વિશ્વરૂપ કહે - જ્યારે કોઈને આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક ક્રિયાઓથી ભય સમીપમાં આવવાનો થાય ત્યારે તેણે સ્નાનાદિકથી શુદ્ધ થઈ, નારાયણકવચ ધારવા નિમિત્તે હાથ પગને ધોઈ, દર્ભની પવિત્રી હાથમાં ધારણ કરી, ઉત્તર દિશા તરફ મુખ રાખી બેસી, ત્રણવાર આચમન કરી, શિખાબંધન કરી, વાણીને નિયમમાં રાખી અષ્ટાક્ષર, દ્વાદશાક્ષર અને ષડક્ષર મંત્ર વડે અંગન્યાસ અને કરન્યાસ કરી, નારાયણધ્યાન પરાયણ થઈ, નારાયણમય વર્મ (કવચ) ધારણ કરવું, એટલે તેનો જપ કરવો. ૪

હવે અંગન્યાસ અને કરન્યાસ કહે છે. **'ૐ નમો નારાયણાય'** આ અષ્ટાક્ષર મંત્રના ૐકારાદિ પ્રત્યેક અક્ષરો જેવી રીતે પ્રણવથી સંપુટિત થાય તેવી રીતે કરીને અક્ષરના અનુક્રમે બે પાદ, બે ગોઠણ, બે સાથળ, ઉદર, હૃદય, વક્ષઃસ્થળ,

મુખ અને મસ્તક એમ આઠ અંગન્યાસ કરવા. અથવા વિપરીતપણે - એટલે મસ્તકથી આરંભીને પાદપર્યન્ત ન્યાસ કરવા. ॥૬॥

યદ્યપિ આ સ્થળે ઋષિ, છન્દ, દેવતા તથા વિનિયોગ કહ્યો નથી તથાપિ તે એવી રીતે જાણવો કે- પ્રથમ **'અદ્ય'** ઈત્યાદિ બોલીને **'અસ્ય શ્રીનારાયણવર્મમન્ત્રસ્ય વિશ્વરુપ ઋષિઃ' 'ત્રિષ્ટુબનુષ્ટુભૌ છન્દસી' 'શ્રીનારાયણો દેવતા' 'મમ શ્રીનારાયણપ્રીતિપૂર્વકં સકલોપદ્રવશાન્ત્યર્થં નારાયણવર્મજપે વિનિયોગઃ'** આવો સંકલ્પ કરીને પછી ન્યાસ કરવા.

અષ્ટાક્ષરમંત્રના અક્ષરોને કેવી રીતે પ્રણવથી સંપુટિત કરવા, તો-ૐૐૐ પાદયોઃ । ૐ નં ૐ જાનુનોઃ । ૐ મોં ૐ ઊર્વોઃ । ૐ નાં ૐ ઉદરે । ૐ રાં ૐ હૃદિ । ૐ યં ૐ ઉરસિ। ૐ ણાં ૐ મુખે । ૐ યં ૐ શિરસિ । આના વિપર્યય પક્ષમાં ૐૐૐ શિરસિ । ૐ નં ૐ મુખે । ૐ મોં ૐ ઉરસિ । ૐ નાં ૐ હૃદિ । ૐ રાં ૐ ઉદરે । ૐ યં ૐ ઊર્વોઃ । ૐ ણાં ૐ જાનુનોઃ। ૐ યં ૐ પાદયોઃ । (આ અષ્ટાક્ષર ન્યાસ કહ્યો છે.) ૬

અષ્ટાક્ષરન્યાસ કર્યા પછી 'ૐ નમો ભગવતે વાસુદેવાય' આ દ્વાદશાક્ષર મંત્રથી પ્રણવથી આરંભીને યકારપર્યન્ત આંગળીઓ અને અંગુષ્ઠના પર્વમાં કરન્યાસ કરવા, એટલે પ્રત્યેક અક્ષરને પ્રવણથી સંપુટિત કરીને જમણા હાથની તર્જની આંગળીથી આરંભીને ડાબા હાથની તર્જની આંગળી પર્યન્ત આંગળીઓમાં અને બાકી રહેલા ચાર અક્ષરને અંગૂઠાના આદિ અંત પર્વમાં ન્યાસ કરવા. તેનો પ્રકાર એવો છે કે-

ૐ ૐ ૐ દક્ષિણકરતર્જન્યામ્ ।
ૐ નં ૐ દક્ષિણકરમધ્યમાયામ્ ।
ૐ મોં ૐ દક્ષિણકરાનામિકાયામ્ ।
ૐ ભં ૐ દક્ષિણકરકનિષ્ઠિકાયામ્ ।
ૐ ગં ૐ વામકરકનિષ્ઠિકાયામ્ ।
ૐ વં ૐ વામકરાનામિકાયામ્ ।
ૐ તેં ૐ વામકરમધ્યમાયામ્ ।
ૐ વાં ૐ વામકરતર્જન્યામ્ ।
ૐ સું ૐ વામકરાઙ્ગુષ્ઠાદ્યપર્વણિ ।
ૐ દેં ૐ વામકરાઙ્ગુષ્ઠાન્તપર્વણિ ।

ૐ વાં ૐ દક્ષિણકરાઙ્ગુષ્ઠાદ્યપર્વણિ ।

ૐ યં ૐ દક્ષિણકરાઙ્ગુષ્ઠાન્તપર્વણિ । ૭.

ત્યારપછી 'ૐ विष्णवे नमः' આ મંત્રથી અંગન્યાસ કરવો તેમાં ૐકારનો હૃદયમાં ન્યાસ કરવો. વિકારનો મસ્તકમાં ન્યાસ કરવો. ષકારનો ભ્રૂકુટીના મધ્યમાં ન્યાસ કરવો. ણકારનો શિખામાં ન્યાસ કરવો. વેકારનો નેત્રોમાં ન્યાસ કરવો. નકારનો સર્વ સંધીઓમાં ન્યાસ કરવો. અને મકારનો 'મઃ અસ્ત્રાય ફટ્' એમ કહીને સર્વ દિશાઓમાં ન્યાસ કરવો. એટલે દિગ્બંધન કરવું. આ પ્રમાણે કરવાથી બુધ પુરુષ મંત્રમય દેહવાળો થાય છે. આ મંત્રના અક્ષરોને પ્રણવસંપુટિત એવી રીતે કરવા કે - ૐૐૐ હૃદયે । ૐ વિં ૐ મૂર્ધ્નિ । ૐ ષં ૐ ભ્રુવોર્મધ્યે । ૐ ણં ૐ શિખાયામ્ । ૐ વેં ૐ નેત્રયોઃ । ૐ નં ૐ સર્વસન્ધિષુ । ૐ મઃ ૐ અસ્ત્રાય ફટ્ ઈતિ દિગ્બન્ધેન્યસેત ।

ત્રણ મંત્રથી ન્યાસ કર્યા પછી એવો સંકલ્પ કરે કે- 'नारायण ! त्रिलोकेश ! सर्वदुःखविमर्दन ! । सर्वोपद्रवशान्त्यर्थंत्वदीयं वर्म धारये' - હે નારાયણ ! હે

ત્રિલોકેશ! હે સર્વદુઃખવિમર્દન ! સર્વ ઉપદ્રવની શાંતિ માટે તમારું વર્મ (કવચ) હું ધારણ કરું છું. ॥૮-૯॥

પછી ભગવાનનાં જે સ્વરૂપનાં ધ્યાનથી પોતાનું મન પ્રસન્ન થાય તેવા અને જ્ઞાન, શક્તિ, બળ ઐશ્વર્ય, વીર્ય અને તેજરૂપ છ શક્તિઓથી યુક્ત એવા પરમાત્માનું પહેલાં ધ્યાન કરવું, તે પછી વિદ્યા, તેજ અને તપના આશ્રય (મૂર્તિ) રૂપ એવા આ 'નારાયણ કવચ' મંત્રનું ઉચ્ચારણ (ધારણ) કરવું. ૧૦

ૐ હરિ ભગવાન મારી સર્વથી બધીજ રક્ષા કરો. જે શ્રીહરિ ગરુડની પીઠ ઉપર ચરણકમળ ધારી રહ્યા છે. આઠ હાથમાં શંખ, ચક્ર, ઢાલ, તલવાર, ગદા, બાણ, ધનુષ અને પાશને ધારણ કરી રહ્યા છે. અણિમા આદિ અષ્ટ સિદ્ધિઓ અથવા અપહતપાપ્મત્વાદિ આઠ ગુણોને ધારી રહ્યા છે તથા તે આઠ ભુજાઓવાળા છે. ૧૧

મત્સ્યમૂર્તિ ભગવાન જળમાં જીવજંતુઓના સમુદાયથી તથા વરુણના પાશથી મારી રક્ષા કરો. સ્થળોમાં પોતાના સંકલ્પથી જ વામન સ્વરૂપે થયેલ વામન ભગવાન મારી રક્ષા કરો. વિશ્વરૂપ ત્રિવિક્રમ ભગવાન આકાશમાં મારું રક્ષણ કરો. ૧૨

કારણ કે અસુર સેનાપતિઓના શત્રુ પ્રભુ નૃસિંહ ભગવાન દુર્ગમ રણ-વગડામાં તથા સંગ્રામ વગેરે સ્થાનોમાં મારી રક્ષા કરો, જે નૃસિંહજીના ખડખડાટ હસવાથી દિશાઓ ગાજી ઊઠી હતી તથા અસુર સ્ત્રીઓના ગર્ભ સ્રવી ગયા હતા એવા. ૧૩

પૃથ્વીને પાતાળમાંથી જે પોતાની દાઢ ઉપર લઈ આવ્યા હતા તે યજ્ઞમૂર્તિ વરાહ ભગવાન માર્ગમાં મારી રક્ષા કરો. જમદગ્નિના પુત્ર ભગવાન પરશુરામ પર્વતના શિખરો ઉપર મારું રક્ષણ કરો અને ભરતના મોટાભાઈ ભગવાન રામચંદ્રજી લક્ષ્મણજીની સાથે રહીને પ્રવાસમાં મારું રક્ષણ કરો. ૧૪

અભિચારાદિક ઉગ્ર ધર્મથી અને સમસ્ત પ્રમાદથી ભગવાન નારાયણ મારી રક્ષા કરો. અને ભગવાન નર ઉન્માદથી થયેલા ગર્વથી મારી રક્ષા કરો. દત્તાત્રેય ભગવાન યોગભ્રંશથી મારી રક્ષા કરો. યોગેશ્વર તથા ગુણોના નિયંતા કપિલ ભગવાન કર્મનાં બંધનોથી મારી રક્ષા કરો. ૧૫

ભગવાન સનત્કુમાર કામદેવથી મારી રક્ષા કરો. માર્ગમાં ચાલતાં જતાં થયેલા દેવોના અપરાધથી ભગવાન હયગ્રીવ મારી રક્ષા કરો. ભગવાનની પૂજા વગેરેમાં થતાં અપરાધરૂપ વિઘ્નથી દેવર્ષિવર્ય નારદજી મારું રક્ષણ કરો. કૂર્માવતાર ભગવાન શ્રીહરિ સમગ્ર નરકોથી મારું રક્ષણ કરો. ૧૬

ભગવાન ધન્વન્તરિ શરીરમાં રોગ કરનાર કુપથ્યથી મારું રક્ષણ કરો. વિજિતાત્મા ભગવાન ઋષભદેવ ભૂખ-તરશ, ટાઢ-તડકો આદિ દ્વન્દ્વોના ભયથી મારી રક્ષા કરો. ભગવાન યજ્ઞાવતાર લોકાપવાદથી મારી રક્ષા કરો. ભગવાન બળભદ્રજી લોકો તરફથી થતા ઉપદ્રવોથી મારી રક્ષા કરો. શેષ ભગવાન ક્રોધવશ નામના સર્પગણથી મારું રક્ષણ કરો. ૧૭

કૃષ્ણ દ્વૈપાયન ભગવાન વેદવ્યાસ અજ્ઞાનથી મારું રક્ષણ કરો. ભગવાન બુદ્ધ મોહજનક પાખંડ ગણથી મારી રક્ષા કરો. ધર્મની રક્ષા માટે ઘણીવાર અવતાર ધારણ કરનાર કલ્કિ ભગવાન કાળના મળરૂપ કળિયુગથી મારી રક્ષા કરો. ૧૮

ગદાધારી ભગવાન કેશવ પ્રાતઃકાળમાં મારું રક્ષણ કરો. હાથમાં વાંસળી ધારનારા ભગવાન ગોવિંદ સંગવ કાળે

(સૂર્યોદય પછી ત્રણ કલાકે) મારું રક્ષણ કરો. સાંગને ધારણ કરનારા ભગવા નારાયણ પૂર્વાહ્ન (મધ્યાહ્‌ન પહેલા ત્રણ કલાકે)માં મારી રક્ષા કરો અને ચક્રપાણિ ભગવાન વિષ્ણુ મધ્યાહ્ને મારી રક્ષા કરો. ૧૯

ઉગ્ર ધનુષ્યોને ધારનારા ભગવાન મધુસૂદ અપરાહ્ન કાળ (મધ્યાહ્‌ન પછી ત્રણ કલાક)માં મારું રક્ષણ કરો, ગાય બ્રાહ્મણ અને અગ્નિ, ત્રણમાં જેનું તેજ રહ્યું છે એવા માધવ ભગવાન સાયંકાળે મારી રક્ષા કરો. હૃષીકેશ ભગવાન પ્રદોષ (સંધ્યા પછીના) કાળમાં મારી રક્ષા કરો. અને ભગવાન પદ્મનાભ એકલાજ અર્ધી રાત સુધીના અને મધ્યરાત્રિના કાળમાં મારું રક્ષણ કરો. ૨૦

શ્રીવત્સનું ચિહ્ન ધરનારા ભગવાન લક્ષ્મીકાન્ત પાછલી રાતે મારી રક્ષા કરો. તલવાર ધારણ કરનારા ભગવાન જનાર્દન અરુણોદયના પ્રારંભમાં મારી રક્ષા કરો. દામોદર ભગવાન સૂર્યોદય સમયે-પ્રભાતમાં મારી રક્ષા કરો. ૨૧

પ્રલયકાળના અગ્નિ સમાન તીવ્ર તીક્ષ્ણ ધારવાળા અને ભગવાન શ્રીનારાયણે પ્રેરેલા એવા હે સુદર્શન ચક્ર ! તું ચારે બાજુ ફરીને પવનની સાથે મૈત્રી રાખનારો અગ્નિ જેમ

સૂકાં ઘાસને બાળી નાખે છે તેમ મારા શત્રુનાં સૈન્યને તત્કાળ અતિશય વારંવાર બાળી નાખ. ૨૨

વજ્રના જેવા તીક્ષ્ણ તણખાઓથી ભરેલી હે ગદા તું ભગવાન વિષ્ણુને ઘણી વહાલી છો, હું પણ ભગવાનનો દાસ છું માટે મને દુઃખ આપનારા કુષ્માંડ, વૈનાયક, યક્ષ, રાક્ષસ, ભૂત અને વૃદ્ધ તથા બાળગ્રહોને વારંવાર ભાંગીને ભૂકેભૂકા કરી નાખ અને શત્રુઓના ચૂરેચૂરા કરી નાખ. ૨૩

હે શંખરાજ પાંચજન્ય ! સ્વયં શ્રીકૃષ્ણ ભગવાનના ફૂંકવાથી મહાભયંકર શબ્દને કરતો તું શત્રુઓનાં હૃદયોને કંપાવતો થકો રાક્ષસો, પ્રમથો, પ્રેતગણ, માતૃકાગણ, પિશાચ, બ્રહ્મરાક્ષસ અને ઘોર દૃષ્ટિવાળા બીજા જે કોઈ હોય તે બધાને ભગાડી મૂક. ૨૪

તીક્ષ્ણધારવાળી શ્રેષ્ઠ હે તલવાર ! પરમેશ્વરના હાથે પ્રેરાયેલી તું મારા શત્રુઓનાં સૈન્યને અત્યંત કાપી નાખ. ચંદ્રના જેવી સો ફૂદડીવાળી હે ઢાલ ! પાપી એવા મારા શત્રુઓના નેત્રોને તું ઢાંકી દે. અને તે પાપદૃષ્ટિવાળાની દૃષ્ટિને તું હરી લે. ૨૫

અમને જે ગ્રહોથી, ધૂમકેતુ વગેરે કેતુઓથી, ચોર આદિ મનુષ્યોથી, સર્પણ સ્વભાવવાળા સર્પાદિથી દાઢોવાળાથી, બીજા ભૂતોથી અને પાપોથી ભય થાય છે, તે બધા તથા જે અમારા શ્રેયમાં વિઘ્ન કરનારા છે તે બધા ભગવાનનાં હરિકૃષ્ણાદિક નામો, દિવ્યરૂપો અને સુદર્શનાદિક અસ્ત્રોના કીર્તનથી તથા સ્મરણથી તુરત જ નાશ પામો. ૨૬-૨૭

બૃહદ્રથન્તર આદિક સામવેદના મન્ત્રોથી સ્તુતિ કરતા, વેદમૂર્તિ સમર્થ ભગવાન ગરુડ સમગ્ર સંકટોથી મારી રક્ષા કરો. વિશ્વક્સેન ભગવાન પોતાના નામથી સમગ્ર સ્થળોએ મારી રક્ષા કરો. ૨૮

ભગવાનનાં નામ, રૂપ, વાહન અને આયુધો અમારા બુદ્ધિ, ઈન્દ્રિય મન અને પ્રાણોની સર્વ પ્રકારની આપત્તિઓથી રક્ષા કરો. મુખ્ય પાર્ષદો પણ રક્ષા કરો. ૨૯

સત્‌અસત્ - મૂર્ત અમૂર્ત જે આ જગત્ છે તે વસ્તુતઃ ભગવાન જ છે. કારણ કે જગત્ સર્વાન્તર્યામી પરમેશ્વરને અવલંબીને જ રહ્યું છે. માટે તે યથાર્થ જ છે. આ સત્ય પ્રમાણથી અમારા સમગ્ર ઉપદ્રવો નાશ પામો. ૩૦

જેમ નખ શિખાપર્યન્ત શુદ્ધ ભગવાનની મૂર્તિનાં જ દર્શન કરવા ચાહતા ભક્તોને સ્વયં શ્રીહરિ ભૂષણજન્ય વિકલ્પે રહિત યથાર્થપણે પોતાનું દર્શન આપે છે અને અલંકારે સહિત દર્શન કરવા ચાહતા ભક્તોની ઈચ્છાને પૂર્ણ કરવા કડાં મુકુટાદિ આભૂષણો, શંખ આદિ આયુધો ચતુર્ભુજત્વાદિ લિંગ અને રામકૃષ્ણાદિ નામ વાળી શક્તિઓને ધારણ કરે છે. ૩૧

સર્વાન્તર્યામી ભગવાન શ્રીહરિ સર્વજ્ઞ છે આ તે જ સત્ય પ્રમાણથી ભક્તોની ઈચ્છાનુસારે ધારણ કરેલી પોતાની મૂર્તિઓ વડે સર્વકાળમાં અને સર્વદેશમાં અમારું રક્ષણ કરો. ૩૨

પોતાનાં તેજથી સૂર્ય આદિના તેજને ઢાંકી દેતા તથા પોતાનાં ખડખડાટ હસવાથી લોકોના ભયને નાશ કરનારા એવા શ્રીનૃસિંહ ભગવાન દિશાઓમાં, વિદિશાઓમાં, ઊંચે નીચે, શરીરના અંતઃપ્રદેશમાં શરીરના બહારના પ્રદેશમાં અને ચો તરફ અમારી રક્ષા કરો. ૩૩

**શ્રી નારાયણ કવચ સમાપ્ત**

## શ્રી ગોપાળાનંદ સ્વામીનું પરચા પ્રકરણ

: પૂર્વછાયો :

અનુપ ઈડર દેશમાં, ધન્ય ધન્ય ટોડલા ગામ ॥
ધન્ય ધન્ય દ્વિજની જાતિને, જ્યાં ઊપન્યા ભક્ત અકામ ॥૧॥
યોગી પૂર્વ જન્મના, જેને વા'લા સંગે અતિ વા'લ ॥
પ્રભુ સંગાથે પ્રકટ્યા, ખરા ભક્ત નામ ખુશાલ ॥૨॥
શમદમાદિ સાધને પૂરા, તપસી ત્યાગી તન ॥
જાણે યોગ અષ્ટાંગને, પૂરણ સિદ્ધ પાવન ॥૩॥
બાળપણમાં વાત બીજી, રુચિ નહિ જેને રંચ ॥
અતિ અભાવ અંગ વર્તે, પેખીને વિષય પંચ ॥૪॥

: ચોપાઈ :

એવા ભક્ત તે ખરા ખુશાલ, જેને ન ગમી સંસારી ચાલ ॥
બાળપણામાં રાચ્યા ભજને, બીજું કાંઈ ગમ્યું નહિ મને ॥૫॥
એમ કરતાં થયો સતસંગ, ચડ્યો અતિ ચિત્તે તેનો રંગ ॥
આવી અંગમાં ખરી ખુમારી, ઊતરે નહિ કેની ઉતારી ॥૬॥

કરે ધ્યાન મહારાજનું નિત્ય, અતિ પ્રકટ પ્રભુમાં પ્રીત્ય ॥
એમ કરતાં કાંઈક દન, થયો પ્રકાશ પોતાને તન ॥૭॥
કોટિ કોટિ સૂરજ સમાન, છાયો તેજે જમી અસમાન ॥
તેમાં કડાકા થયા છે ત્રણ, માન્યું લોકે આવ્યું આજ મરણ ॥૮॥
આ તો પ્રલય થવાની પેર, એમ કહેવા લાગ્યા ઘેરોઘેર ॥
તેહ કડાકા ને તેજ તેહ, ષટ્ જોજને જણાણું એહ ॥૯॥
જોઈ આશ્ચર્ય પામિયાં લોક, વધ્યો આનંદ થયાં અશોક ॥
તે પ્રતાપ શ્રી મહારાજ તણો, શું કહીએ મુખથી ઘણો ઘણો ॥૧૦॥
વળી એક દિવસની વાત, કહું વર્ણવી વળી વિખ્યાત ॥
કરતાં ભજન મહારાજ તણુ, તનભાન ભૂલ્યા છે આપણું ॥૧૧॥
થઈ નિરાવરણ નિજ વૃતિ, દીઠા રાતમાં રાંદલપતિ ॥
થયો તેનો અતિશે પ્રકાશ, હુવો અંતરતમનો નાશ ॥૧૨॥
તે પણ પ્રભુતણો પરતાપ, એમ ખુશાલે માન્યું છે આપ ॥
પછી જેવું ચિંતવે જે વારે, થાય તેવાનું તેવું જ ત્યારે ॥૧૩॥
તે તો જાણે લોક પ્રસિદ્ધ, કહે આ તો મહા મોટા સિદ્ધ ॥
એમ જને મન જ્યારે જાણ્યું, તેવા સમામાં વર્ષાતે તાણ્યું ॥૧૪॥

ત્યારે સર્વે આવી લાગ્યા પાય, કહે કરો વૃષ્ટિ દુઃખ જાય ॥
મનુષ્ય પશુ પીડાય અંત, આવ્યા અરજે અમે પીડાવંત ॥૧૫॥
માટે મોટા કરો તમે મહેર, કરો વર્ષાત તો જાયે ઘેર ॥
એવી સાંભળી લોકની વાણી, સમર્યા ખુશાલે સારંગપાણિ ॥૧૬॥
કરે સ્તવન મનના દયાળ, આવ્યો વર્ષાત ત્યાં તતકાળ ॥
વૂઠો ત્રણ્ય દન લગી તેહ, કાળા ઉનાળા જેવામાં મેહ ॥૧૭॥
લોક આવી લાગ્યા પછી પાય, કહે ધન્ય ધન્ય દ્વિજરાય ॥
તમ જેવો નહિ જગમાંય, તમારે સહજાનંદ સહાય ॥૧૮॥
માન્યો પરચો મનુષ્યે મળી, વળી વાત બીજી લ્યો સાંભળી ॥
પોત્યે પંડ્યા થૈ માંડી નિશાળ, આવ્યાં ભણવા નાનાં બાળ ॥૧૯॥
તેને ભણાવે છે થોડું ઘણું, કરાવે ભજન હરિતણું ॥
કરતાં બાળક સ્વામીનું ધ્યાન, સર્વે થયાં છે સમાધિવાન ॥૨૦॥
કરે અલૌકિક આવી વાત, સુણી સહુ થયા રળિયાત ॥
પછી ખુશાલ કહે સુણો બાળ, મારે જાવું જ્યાં હોય દયાળ ॥૨૧॥
ત્યારે બાળકે જોડિયા હાથ, તમને તેડવા આવે છે નાથ ॥
ધરી દ્વિજનું રૂપ મહારાજ, તે તો આવે છે તમારે કાજ ॥૨૨॥

પછી આવ્યા નાથ સાથે ચાલ્યા, વાટે અન્ન જળ વા'લે આલ્યા ॥
આવ્યા જેતલપુર લગી સાથ, પછી અદૃશ્ય થયા છે નાથ ॥૨૩॥
હતા જેતલપુરમાં સ્વામી, નીરખ્યા ખુશાલે અંતરજામી ॥
કહી વાટની વાત ખુશાલે, હસી સાંભળી સરવે વાલે ॥૨૪॥
કહે નાથ બ્રાહ્મણનો ભાળી, ભાઈ તું છો મોટો ભાગ્યશાળી ॥
થયો પરચો તને એ જાણે, બીજી વાત મનમાં મ આણે ॥૨૫॥
ત્યારે બ્રાહ્મણ કહે મહારાજ, હું તો આવ્યો છું ભણવા કાજ ॥
ત્યારે નાથ કહે ઘણું સારું, એમાં ગમતું ઘણું અમારું ॥૨૬॥
પછી ખુશાલ સંતમાં રહ્યા, એક સમે વડોદરે ગયા ॥
તિયાં સતસંગી રહે બહુ, કરે સ્વામીનું ભજ સહુ ॥૨૭॥
એક દ્વિજ સદાશિવ નામે, નિત્ય ખુશાલને કર ભામે ॥
આવી નિત્ય જમો મારે ઘેર, મારે છે શ્રીમહારાજની મહેર ॥૨૮॥
જિયાં લગી રહો તમે આંઈ, બીજે જમવા ન જાવું ક્યાંઈ ॥
પછી ખુશાલ જમવા ગયા, આવ્યા નાથ જમવાને તિયાં ॥૨૯॥
ત્યારે સદાશિવ લાગ્યો પાય, નીર્ખી નાથ તૃપત ન થાય ॥
પછી સુંદર કરાવ્યો થાળ, જમ્યા દયા કરીને દયાળ ॥૩૦॥

સદાશિવ વળી એની નાર, દેખે બીજા ન દેખે લગાર ॥
પણ જમતાં જાણે સહુ જન, થાય અર્ધુ જે હોય ભોજન ॥૩૧॥
શાક પાક ધર્યું હોય થાળે, થાય ઓછું તે સરવે ભાળે ॥
જળનો હોય જે આબખોરો, પિવે નાથ તે થાય અધૂરો ॥૩૨॥
હોય મુખવાસ આગે મેલ્યો, આપે નાથ તે પાછો જમેલો ॥
આપે જમેલ પાછી સોપારી, જોઈ આશ્ચર્ય થાય નરનારી ॥૩૩॥
એમ માસ લગી અહોનિશ, જમ્યા હરિ ખુશાલ હમેશ ॥
જ્યારે જ્યારે જમે જ્યાં ખુશાલ, ત્યારે ત્યારે જમે સંગે લાલ ॥૩૪॥
જમે જન હાથે નાથ નિત્યે, તે તો ખુશાલ ભક્તની પ્રીત્યે ॥
એમ ખુશાલ વિપ્રને વળી, પૂર્યા પરચા બહુ નાથ મળી ॥૩૫॥
હતા આપે તે વૈરાગ્યવંત, સંસારથી ઉદાસી અત્યંત ॥
પછી ધાર્યો છે ધાર્મિક યોગ, તજી ભવતણા વૈભોગ ॥૩૬॥
ધર્યું નામ તે ગોપાળાનંદ, થયા યોગેશ્વર જગવંદ ॥
ફરે દયાળુ સરવે દેશ, આપે મુમુક્ષુને ઉપદેશ ॥૩૭॥
કર્યા મહારાજે મોટેરા બહુ, માને મોટા મુનિવર સહુ ॥
એક દિવસ લઈ મંડળી, આવ્યા વડોદરા માંહી વળી ॥૩૮॥

તિયાં સતસંગી આવ્યા સાંભળી, લાગ્યા પાય સહુ લળીલળી ॥
મોટાં ભાગ્ય જાય નહિ કહીએ, આવ્યા તમે અષ્ટમી સમૈયે ॥૩૯॥
કરો ઉત્સવ આણી હુલાસ, બાંધો હિંડોળો કહે એમ દાસ ॥
ત્યારે ગોપાળ સ્વામી કહે સારું, કરશે હરિ ગમતું તમારું ॥૪૦॥
ત્યાં તો આવ્યો અષ્ટમીનો દન, કર્યું વ્રત સહુ મળી જન ॥
બાંધ્યો હિંડોળો હરિને કાજ, આવી ઝૂલ્યા પ્રકટ મહારાજ ॥૪૧॥
સારી સુંદર મૂરતિ શોભે, જોઈ જોઈ જન મન લોભે ॥
નીરખી હરખિયાં સહુ જન, કરે સહુ સાથ ધન્ય ધન્ય ॥૪૨॥
આજ અલૌકિ દર્શન દીધાં, તમે અમને કૃતાર્થ કીધાં ॥
તિયા સતસંગી કુસંગી હતા, દીઠા પ્રકટ સહુએ ઝૂલતા ॥૪૩॥
ઝુલ્યા હિંડોળે ઘડી બે ચાર, પછી ન દીઠા નિરધાર ॥
સહુ રહ્યાં છે આશ્ચર્ય પામી, કહે ધન્ય સહજાનંદ સ્વામી ॥૪૪॥
આપ્યો પરચો પ્રભુજી આપે, સ્વામી ગોપાળાનંદને પ્રતાપે ॥
વળી ગોપાળાનંદ સ્વામીને, પૂર્યો પરચો કહું કરભામીને ॥૪૫॥
એક સમે નાવે વરસાત, મરે મનુષ્ય થાય ઉતપાત ॥
શોધ્યે શહેરમાં ન મળે અન્ન, પડ્યો કાળ કહે સહુ જન ॥૪૬॥
પછી સતસંગી સર્વે મળી, આવ્યા જ્યાં હતી મુનિ મંડળી ॥
બેઠા ગોપાળ સ્વામીને પાસ, કહે નથી જીવવાની આશ ॥૪૭॥

મરે શહેરમાં મનુષ્ય બહુ, અન્ન વિના પીડાય છે સહુ ॥
દેતા દામ મળે નહિ અન્ન, કહો કેમ કરી જીવે જન ॥૪૮॥
માટે સ્તુતિ પ્રભુ પાસે કરીએ, થાય મેઘ તો અમે ઊગરિયે ॥
કહે ગોપાળ સ્વામી દયાળ, કરો ભજન સર્વે મરાળ ॥૪૯॥
બેઠા ભજને ઘડી બે-ચાર, આવ્યો મેઘ થયો જેજેકાર ॥
વૂઠો ત્રણ્ય દન લગી ઘન, કાળા ઉનાળામાં રાત દન ॥૫૦॥
સતસંગી કુસંગિયે જાણ્યું, થયો પર્ચો સહુએ પ્રમાણ્યું ॥
લાગ્યા ગોપાળ સ્વામીને પાય, ધન્ય ધન્ય તમે મુનિરાય ॥૫૧॥
બોલ્યા ગોપાળ સ્વામી તે પ્રત્યે, જે થયું તે શ્રીજીની સામર્થ્યે ॥
બીજા થકી તે કાંઈ ન થાય, ઠાલો ભૂલો ફોગટ ફુલાય ॥૫૨॥
એમ પરચા હું કેટલાં કહું, થયા ગોપાળ સ્વામીને બહુ ॥
કહેતાં લખતાં ન આવે પાર, કહે નિષ્કુળાનંદ નિરધાર ॥૫૩॥

**ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રી સહજાનંદસ્વામી**
**શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે**
**શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીને પરચા પૂર્યા**
**એ નામે એકસો ને બેંતાળીસમું પ્રકરણમ્ ॥૧૪૨॥**

## વચનામૃત

### ધ્યાનના આગ્રહનું

સંવત્ ૧૮૭૬ના માગશર સુદિ ૮ અષ્ટમીને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''રાધિકાએ સહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ધ્યાન કરવું, અને તે ધ્યાન કરતાં મૂર્તિ હૃદયને વિષે ન દેખાય તો પણ ધ્યાન કરવું; પણ કાયર થઈને તે ધ્યાનને મૂકી દેવું નહિ. એવી રીતના જે આગ્રહવાળા છે તેની ઉપર ભગવાનની મોટી કૃપા થાય છે અને એની ભક્તિએ કરીને ભગવાન એને વશ થઈ જાય છે.''

॥ ઈતિ વચનામૃતમ્ ગઢડા પ્રથમનું ॥૫॥

### ભાગવત ધર્મના પોષણનું-મોક્ષના દ્વારનું

સંવત્ ૧૮૭૬ના મહા વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે

દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદી તકિયા નંખાવીને વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને જરિયાન છેડાવાળો કસુંબલ રેંટો ઓઢ્યો હતો અને આસમાની રંગનો ઝરિયાની રેશમનો ફેંટો માથે બાંધ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ! શ્રીમદ્ભાગવતના એકાદશ સ્કંધમાં જનકરાજા અને નવ યોગેશ્વરના સંવાદે કરીને કહ્યા જે ભાગવત ધર્મ તેનું જે પોષણ તે કેમ થાય ? અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે ઉઘાડું કેમ થાય ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **"સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા**

**સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે,** તે કપિલદેવ ભગવાને દેવહૂતિ પ્રત્યે કહ્યું છે જે,

'प्रसंगमजरं पाशमात्मनः कवयो विदुः ।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम्।।'

જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દ્રઢ પ્રસંગ છે તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.''

પછી શુકમુનિએ પૂછ્યું જે, ''ગમે તેવો આપત્કાળ પડે ને પોતાના ધર્મમાંથી ન ખસે તે કયે લક્ષણે કરીને ઓળખાય ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **''જેને પરમેશ્વરના વચનની ખટક રહે અને નાનું-મોટું વચન લોપી શકે નહિ એવી રીતનો જેનો સ્વભાવ હોય તેને ગમે તેવો આપત્કાળ આવે તો પણ એ ધર્મ થકી પડે જ નહિ, માટે જેને વચનમાં દ્રઢતા છે તેનો જ ધર્મ દ્રઢ રહે અને તેનો જ સત્સંગ પણ દ્રઢ રહે.**

॥ ઈતિ વચનામૃતમ્ ગઢડા પ્રથમનું ॥૫૪॥

## સાંખ્યાદિનું - સદાય સુખિયાનું

સંવત્ ૧૮૮૫ના વૈશાખ સુદિ ૧૪ ચૌદશને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીગોપીનાથજીના મંદિરને વિષે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમે સાંખ્યાદિક શાસ્ત્રના વિચારે કરીને એમ નિશ્ચય કર્યો છે જે, માયાના કાર્યમાંથી ઉત્પન્ન થયા જે આકાર માત્ર તે સર્વે મિથ્યા છે. કેમ જે, એ સર્વે આકાર કાળે કરીને નાશ પામે છે. અને ભગવાનના અક્ષરધામને વિષે જે ભગવાનનો આકાર છે તથા તે ભગવાનના પાર્ષદ જે મુક્ત તેમના જે આકાર છે, તે સર્વે સત્ય છે ને દિવ્ય છે ને અતિશય પ્રકાશે યુક્ત છે. અને તે ભગવાનનો ને તે મુક્તનો જે આકાર તે પુરુષના જેવો દ્વિભુજ છે અને સચ્ચિદાનંદરૂપ છે. અને તે અક્ષરધામને વિષે રહ્યા જે એ

ભગવાન તે જે તે, તે મુક્ત પુરુષ તેમણે દિવ્ય એવા જે નાના પ્રકારના ઉપચાર, તેણે કરીને સેવ્યા થકા ને તે મુક્ત પુરુષને પરમ આનંદને ઉપજાવતા થકા સદા વિરાજમાન છે. અને એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે. ને તમારા ઈષ્ટદેવ છે, ને તમારી સેવાને અંગીકાર કરે છે. અને **એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન; તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી, એ બે એક જ છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે, ને સર્વ કારણના પણ કારણ છે, ને સર્વોપરી વર્તે છે, ને સર્વ અવતારના અવતારી છે, ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે. અને આ ભગવાનના જે પૂર્વે ઘણાક અવતાર થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે."**

અને વળી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, **"એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિષે બેઠા-ઊઠ્યાની વાસના તથા રસને વિષે જિહ્‌વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય, એ છો વાનાં જેને હોય, તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ, સુખ તો ક્યારેય થાય જ નહિ. માટે જેને સુખ ઈચ્છવું હોય તેને એવા સ્વભાવ હોય તો ટાળવા. ને નિવૃત્તિપર થવું** ને બરોબરીયાની સોબત ન રાખવી, ને દેહાભિમાને રહિત ને વૈરાગ્યે યુક્ત ને ભગવાનનું અલ્પ વચન હોય તેમાં ફેર પડે તો તે મહત્‌વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય. એવા જે **ભગવદ્ ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન, કર્મ, વચને વર્તવું.** ને વિષયના સંબંધથી તો છેટે જ રહેવું, પણ એનો સંબંધ પોતાના નિયમનો ત્યાગ કરીને થવા દેવો નહિ. ને જો વિષયનો સંબંધ કરવા માંડે તો એનો ઠા રહે જ નહિ, એ સિદ્ધાંત વાર્તા છે."

**॥ ઈતિ વચનામૃતમ્ ગઢડા અંત્યનું. ॥૩૮॥૨૬૧॥**

## શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રસાદીના દર્શનીય સ્થળ - વડતાલધામ

### મંદિર પરિસર

- મુખ્ય મંદિર
- હરિમંડપ (શિક્ષાપત્રી ભુવન)
- રામપ્રતાપભાઈનો બંગલો
- નંદ સંતોની ધર્મશાળા
- આચાર્ય સ્થાપન છત્રી
- ગાદિવાળો મેડો
- વચનામૃત વાળી છત્રી
- સભામંડપ
- અક્ષરભુવન
- શ્રી ગણપતિજી
- શ્રી હનુમાનજી
- જ્ઞાનકુપ
- બુરજ

૧. જ્ઞાનબાગ
૨. ગોમતી તળાવ
૩. સભાની છત્રી (ગોમતીજી)
૪. સમી પુંજનની છત્રી (ગોમતીજી)
૫. રઘુવીરવાડી
૬. નારાયણકુપ, નારાયણબાગ,
ગંગામાનો ઓરડો (ગૌશાળા પાસે)
૭. આંબાનો ઓટો (ગોમતીજી)
૮. ગંગાજળીયો કુવો
૯. વડેઉમાતાજી
૧૦. જોબનપગીની મેડી
૧૧. ઘેલા હનુમાનજી
૧૨. કેદારેશ્વર મહાદેવ
૧૩. સોનાર કુઈ
૧૪. ગોપીતળાવડી
૧૫. ખોડીયારમાતાજી
૧૬. ટાડણ તળાવ
૧૭. ધનાતળાવ
૧૮. સુંદરપગીનો કુવો



પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી-વડતાલ

-: પ્રકાશક :-

વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી

મુખ્ય કોઠારી શ્રી સદ્. શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન - વડતાલ

પીન. - ૩૮૭૩૭૫.

**E-mail :** vadtaldhamvikas@gmail.com ❖ **Website :** www.vadtalmandir.org